દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 135 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ- ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 June 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૯ જૂન ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

Northern Lights In Finland
10 Nights / 11 Days
@ 4.99* Lakhs
Offer valid till: 15th June
Book Now
9988524624 | 9988542642
lumi SAFARIS
* Conditions Apply

SCAN FOR TODAY'S GOLD RATE
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


# વિદેશી રોકાણમાં મહારાષ્ટ્ર પ્રથમ, ગુજરાત ચોથું

## મહારાષ્ટ્રમાં ૧૯.૬ અબજ ડૉલર અને ગુજરાતમાં ૫.૭૧ અબજ ડૉલરનું FDI

નવી દિલ્હીઃ દેશમાં સૌથી વધુ સીધું વિદેશી રોકાણ મહારાષ્ટ્રમાં થયું હતું અને તેમાં ગુજરાત ચોથા ક્રમે રહ્યું હતું.

મહારાષ્ટ્રમાં ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં ૧૯.૬ અબજ ડૉલરનું સીધું વિદેશી રોકાણ (ફોરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ-એફડીઆઈ) થયું હતું, જ્યારે ગુજરાતમાં માત્ર ૫.૭૧ અબજ ડૉલરનું રોકાણ થયું હતું એટલે કે ગુજરાત કરતાં મહારાષ્ટ્રમાં ત્રણ ગણાથી વધુ સીધું વિદેશી રોકાણ થયું હતું.

વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં દેશમાં થયેલા કુલ સીધા વિદેશી રોકાણમાં મહારાષ્ટ્ર અને કર્ણાટકનો હિસ્સો એકાવન ટકા જેટલો હતો, એમ ડિપાર્ટમેન્ટ ફૉર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રીઝ ઍન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

૧૯.૬ અબજ ડૉલર (૩૧ ટકા) જેટલા સીધા વિદેશી રોકાણ સાથે મહારાષ્ટ્ર આ યાદીમાં મોખરે રહ્યું હતું. કર્ણાટક (૬.૬૨ અબજ ડૉલર), દિલ્હી (૬ અબજ ડૉલર), ગુજરાત (૫.૭૧ અબજ ડૉલર), તમિળનાડુ (૩.૬૮ અબજ ડૉલર), હરિયાણા (૩.૧૪ અબજ ડૉલર) અને તેલંગણા (ત્રણ અબજ ડૉલર)ના સીધા

(જુઓ પાનું ૨) ▸▸

## મોદી સરકારના ૧૧ વર્ષ થયાં પૂર્ણ

નવી દિલ્હીઃ સોમવારે મોદી સરકાર ત્રીજા કાર્યકાળમાં તેની પ્રથમ વર્ષગાંઠ અને એકંદરે ૧૧મી વર્ષગાંઠ ઊજવી રહી છે, ત્યારે વડા પ્રધાન આત્મવિશ્વાસથી ભરપૂર જોવા મળે છે. જ્યારે તેમના બે સાથી પક્ષો વિપક્ષની આશા મુજબ અવિશ્વસનીય કાખઘોડી સાબિત થયા નથી પરંતુ તેમના નેતૃત્વની પ્રશંસા કરતા કરતા એક મજબૂત આધારસ્તંભો બની ગયા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૯ જૂન, ૨૦૨૪ના રોજ પોતાના ત્રીજા કાર્યકાળ માટે શપથ લીધા, ત્યારે ૫૪૩ સભ્યોના ગૃહમાં ૪૦૦થી વધુ બેઠકો જીતવાના ચૂંટણીના દાવા વચ્ચે લોકસભા ચૂંટણીમાં ભાજપે અણધારી રીતે બહુમતી ગુમાવ્યા બાદ રાહુલ ગાંધી ખૂબ ઉત્સાહિત દેખાતા હતા. રાહુલ ગાંધીએ તે સમયે કહ્યું હતું કે ''અમે મોદીને માનસિક રીતે ખતમ કરી દીધા છે. તેમની સરકાર ટૂંક સમયમાં જ પડી જશે. કારણ કે ટીકાકારો ટીડીપીના એન ચંદ્રબાબુ નાયડુ અને જેડી(યુ)ના નીતિશ કુમાર પર ભાજપ સરકારની નિર્ણાયક નિર્ભરતા અને ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા મોટા રાજ્યોમાં ભાજપના નબળા પ્રદર્શનને રાજકીય ઉથલપાથલની આગાહી કરતા જોવા

(જુઓ પાનું ૨) ▸▸

## મણિપુરમાં હિંસા ભડકીઃ અનેક ઠેકાણે આગ લગાડાઈ

### દેખાવકારોનો સામૂહિક આત્મદહનનો પ્રયાસ ▸ સંચારબંધી લદાઈ ▸ ઈન્ટરનેટ બંધ

ઈમ્ફાલઃ મણિપુરમાં ફરી હિંસા ભડકી છે. અનેક ઠેકાણે આગ લગાડાઈ હતી અને સામૂહિક આત્મદહનનો પ્રયાસ કરાયો હતો. મણિપુરમાં ઘણી જગ્યાએ સંચારબંધી લદાઈ હતી અને ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ હતી.

દરમિયાન મણિપુરના પાંચ જિલ્લામાં વીસેટ તેમ જ વીપીએન સહિત ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.

ઉગ્રવાદી મૈતેઈ સંગઠન 'અરમતાઈ ટેંગોલ'ના એક નેતા અને ચાર સભ્યની ધરપકડના વિરોધમાં કરવામાં આવેલા હિંસક પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

સંગઠનના કાર્યકરોએ જાહેરમાં પોતાના માથા પર પેટ્રોલ છાંટ્યું હતું અને સળગી મરવાની ચીમકી આપી

(જુઓ પાનું ૨) ▸▸



**હિંસાઃ** મૈઈતી સંગઠનના નેતા અરમતાઈ તેન્ગોલની ધરપકડને પગલે મણિપુરના ઈમ્ફાલમાં રવિવારે હિંસા ફાટી નીકળ્યા બાદ આગમાંથી વસ્તુ બહાર કાઢી રહેલી વ્યક્તિ. હિંસાને પગલે વહીવટીતંત્રએ ઈમ્ફાલના પાંચ જિલ્લામાં પ્રતિબંધિત આદેશ આપ્યો હતો અને ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી હતી. (એજન્સી)

## અમેરિકાના લૉસ એન્જલસમાં 'ઈમિગ્રેશન રેડ' સામે હિંસા ફેલાઈ

લૉસ એન્જલસઃ અમેરિકાના લૉસ એન્જલસમાં 'ઈમિગ્રેશન રેડ' સામે હિંસક વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયું છે.

ઈમિગ્રેશન ઍન્ડ કસ્ટમ્સ ઍન્ફોર્સમેન્ટ (આઈસીઈ) દ્વારા અમેરિકામાં ગેરકાયદે વસતા લોકો પર કરવામાં આવી રહેલી છાપામારીને કારણે લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિક વેપારીઓ પર કરવામાં આવી રહેલી છાપામારી દરમિયાન પ્રદર્શનકર્તાઓએ સતત બીજે દિવસે ઈમિગ્રેશન એજન્ટોનો વિરોધ કર્યો હતો જેને પગલે ટ્રમ્પ વહીવટીતંત્રએ લૉસ એન્જલસમાં ૨,૦૦૦ જેટલા સુરક્ષા ગાર્ડ ગોઠવવાની જાહેરાત કરી હતી.

પૅરામાઉન્ટ અને પડોશી કૉમ્પટનમાં હિંસા ફાટી નીકળ્યા બાદ ટ્રમ્પ વહીવટીતંત્રએ આ આદેશ આપ્યો હતો.

અમેરિકાનું બીજા ક્રમાંકનું સૌથી મોટું શહેર લૉસ એન્જલસ અરાજકતાની આગમાં સળગી રહ્યું છે. બે દિવસથી અહીં ઈમિગ્રેશન રેડના વિરોધમાં પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

પ્રદર્શનકર્તાઓ અને ઈમિગ્રેશન

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતના અકસ્માતોમાં છનાં મોતઃ ત્રણ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી છે. અવારનવાર બનતી અકસ્માતોની ઘટનાઓના કારણે નિર્દોષ લોકો મોતને ભેટી રહ્યા છે. રવિવારે રાજ્યમાં અકસ્માતના ત્રણ બનાવો બન્યા હતા. અલગ-અલગ સ્થળે થયેલા અકસ્માતના આ બનાવોમાં ૬ લોકોના મોત નીપજ્યાં હતા. બનાવની પ્રાપ્ત વિગત અનુસાર, સુરેન્દ્રનગરમાં ટ્રક ચાલકે બાઇકને અડફેટે લીધું હતું. જેમાં બાઇક સવાર ત્રણ લોકોના મોત નીપજ્યાં હતા. જ્યારે સાવરકુંડલામાં કારચાલકે રોંગ સાઇડમાં આવેલી રહેલી બે બાઇકને અડફેટે લેતા એક મહિલા અને કિશોરના મોત નીપજ્યાં હતા. જ્યારે બારડોલીમાં ટેમ્પોની સાઇડ કાપવા જતાં બાઇક ડમ્પર સાથે અથડાઇ હતી. જેમાં બાઇક સવારનું મોત નીપજ્યું હતું. ત્રણેય બનાવમાં સ્થાનિક પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરેન્દ્રનગરમાં ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માતનો બનાવ બન્યો હતો. ધ્રાંગધ્રા હાઇવે પર પેટ્રોલ પંપ પાસે અકસ્માત બન્યો હતો. જેમાં ટ્રકે બાઇકને અડફેટે લીધું હતું. ટ્રકે અડફેટે લેતા બાઇક સવાર ત્રણ મિત્રો દિવ્યાંશ અશોક પરમાર, ઇમરાન રમઝાન મોવર અને અફઝલ યુનુસ સિપાઇને ગંભીર ઇજા પહોંચતા તેમના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતા. અકસ્માતની જાણ થતાં પોલીસ પહોંચી હતી. પોલીસે ત્રણેય મૃતદેહોને પીએમ અર્થે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

અમરેલી જિલ્લાના સાવરકુંડલા-મહુવા હાઇવે પર અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં એક કારે રોંગ સાઇડમાં આવતી બે બાઇકને અડફેટે લેતા એક મહિલાનું બનાવ સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે ઇજાગ્રસ્ત કિશોરનું સારવાર દરમિયાન મોત થયું હતું. અકસ્માતના

(જુઓ પાનું ૨) ▸▸

## કોલંબિયાના પ્રમુખપદના ઉમેદવારને ગોળી મરાઈ

બોગોટા (કોલંબિયા): આવતા વર્ષની કોલંબિયાના પ્રમુખપદની ચૂંટણીમાં સંભવિત ઉમેદવાર સેન મિગુઅલ ઉરીબે તુર્બેને શનિવારે બોગોટામાં પ્રચારસભામાં ગોળી મરાઈ હતી. તેમની કોન્સરવેટિવ ડેમોક્રેટિક સેન્ટર પાર્ટીએ એક નિવેદનમાં કહ્યું હતું કે ઉરીબે પર હુમલો એ હિંસાનું અસ્વીકાર્ય કૃત્ય છે.

ફોન્ટિબોન નેબરહુડના ઉદ્યાનમાં હુમલો કરાયો હતો. હથિયારથી સજ્જ હુમલાખોરે પાછળથી ગોળી મારી હતી, એવી માહિતી જમણેરી ડેમોક્રેટિક સેન્ટરે કહ્યું હતું. આ પક્ષ ભૂતપૂર્વ પ્રમુખ અલવારો ઉરીબેનો પક્ષ છે. જોકે સેન અને અલવારો વચ્ચે કોઈ કૌટુંબિક નાતો નથી.

સોશિયલ મીડિયામાં જે તસવીરો ફરી રહી છે એમાં જોવા મળે છે કે અનેક લોકો ૩૯ વર્ષના સેનને પકડેલા છે અને તેમના શરીરમાંથી લોહી વહી રહ્યું છે. સાન્ટા ફે ફાઉન્ડેશન હૉસ્પિટલનો તબીબી અહેવાલ જણાવે છે કે સેનેટર સેન ગંભીર સ્થિતિમાં છે અને તેમના પર ન્યૂરોસર્જિકલ અને પેરીફેરલ વાસ્ક્યુલર પ્રોસિજર કરવામાં આવી છે.

તેમની પત્ની મારિયા ક્લાઉડિયા ટારાઝોનાએ સેનેટરના એક્સ અકાઉન્ટમાં કોલંબિયાના લોકોને તેમના પતિ માટે પ્રાર્થના કરવાની વિનંતી કરી હતી. એટર્ની જનરલની ઑફિસ

(જુઓ પાનું ૨) ▸▸

## દેશમાં મે મહિનામાં ૧૨૪ વર્ષનો સૌથી વધુ વરસાદ

નવી દિલ્હીઃ ભારતીય હવામાન ખાતાએ અહેવાલ આપ્યો છે કે મે ૨૦૨૫ સાલ ૧૯૦૧ પછી સૌથી ભીનો મહિનો રહ્યો છે. ગયા મહિને ભારતમાં સરેરાશ ૧૨૬.૭ મિલિમીટર વરસાદ પડ્યો છે. નૈઋત્યના મોસની પવનોને લીધે દેશમાં ચોમાસું વહેલું બેસ્યું હતું. દક્ષિણ અને પૂર્વ વિસ્તારમાં સતત વરસાદ પડતાં આ વિક્રમ પ્રસ્થાપિત થયો હતો. હવામાન ખાતાએ એક્સ પર પોસ્ટ મૂકીને લખ્યું હતું કે મે ૨૦૨૫નો સરેરાશ માસિક વરસાદ ૧૯૦૧ પછીનો આખા ભારતનો (૧૨૬.૭ મિલિમીટર) અને મધ્ય ભારતનો (૧૦૦.૯ મિલિમીટર) સૌથી વધુ વરસાદ છે. હવામાન ખાતાએ અખબારી યાદીમાં લખ્યું હતું કે મે ૨૦૨૫ના મહિનામાં પડેલો ૧૨૬.૭ મિલિમીટર વરસાદ લોન્ગ પીરીયડ એવરેજ (૬૧.૪ મિલિમીટર) વરસાદ કરતાં ૧૦૬ ટકા વધારે છે. દક્ષિણ ભારતના દ્વિપ્રકલ્પમાં મે ૨૦૨૫માં ૧૯૯.૭ મિલિમીટર વરસાદ પડ્યો હતો. આ ૧૯૦૧ પછીનો બીજા નંબરનો વધારે વરસાદ છે. જોકે ૧૯૯૦માં ૨૦૧.૪ મિલિમીટર વરસાદ પડ્યો હતો. એ જ પ્રમાણે વાયવ્ય ભારતમાં ૪૮.૧ મિલિમીટર વરસાદ ૧૯૦૧ પછીનો ૧૩મા નંબરનો અને ૨૦૦૧ પછીનો ચોથા નંબરનો વધારે વરસાદ હતો. પૂર્વ અને ઈશાન ભારતમા ૨૪૨,૮ મિલિમીટર વરસાદ પડ્યો હતો જે ૧૯૯૧થી ૨૯મા નંબરનો વધારે અને ૨૦૦૧થી ચોથા નંબરનો વધારે વરસાદ છે. ■

## ગુજરાત કોવિડના દરદીઓની સંખ્યામાં દેશમાં બીજા ક્રમે

નવી દિલ્હીઃ છેલ્લા ૪૮ કલાકમાં કોરોનાના નવા ૭૬૯ કેસ નોંધાતાં ભારતમાં કોરોનાના સક્રિય કેસનો આંકડો ૬૦૦૦ના આંકડાને આંબી ગયો હતો, એવી માહિતી કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે આપી હતી.

કેરળ કોરોનાથી સૌથી અસરગ્રસ્ત રાજ્ય છે. ત્યાર બાદ ગુજરાત, પશ્ચિમ બંગાળ અને દિલ્હીનો નંબર આવે છે, કોરોનાના કેસ વધતા હોવાથી કેન્દ્ર સરકાર મોક ડ્રિલ કરી રહી છે અને એમાં હેલ્થ ફેસિલિટીની તૈયારી કેવી છે એ તપાસવામાં આવી રહ્યું છે. કેન્દ્રે રાજ્ય સરકારોને ઓક્સિજન, આઈસોલેશન બેડ, વેન્ટિલેટર અને આવશ્યક દવાઓ વગેરે ઉપલબ્ધ રાખવાની સૂચના આપી છે.

ભારતમાં ૬,૧૩૩ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને લીધે વધુ છ મરણ થયા છે, એવી માહિતી મંત્રાલયે આપી હતી. સત્તાવાર સાધનોએ કહ્યું હતું કે સક્રિય કેસમાંથી મોટા ભાગના કેસ સૌમ્ય છે અને આમાં દર્દીને ઘરે સારવાર આપવામાં આવી રહી છે. આ વર્ષના જાન્યુઆરીથી દેશમાં કોરોનાને લીધે ૬૫ મરણ થયા છે. ૨૨ મેએ દેશમાં ૨૫૭ સક્રિય કેસ હતા.કોરોનાની પરિસ્થિતિની સમીક્ષા કરવા અને એનો સામનો કરવા તૈયારીના પગલાં ભરવા આરોગ્ય સેવાના ડિરેક્ટર જનરલ ડૉ. સુનિતા શર્માની આગેવાનીમાં બે અને ત્રણ જૂને ટેક્નિકલ સમીક્ષા બેઠક યોજઈ હતી. આ બેઠકમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, ઈમરજન્સી મેનેજમેન્ટ રિસ્પોન્સ સેલ, નેશનલ કેર ફોર ડિસીશ કંટ્રોલ, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રીસર્ચ, ઈન્ટીગ્રેટેડ ડિસીઝ સર્વેલિયન્સ પ્રોગ્રામ, દિલ્હી અને કેન્દ્રશાસિત પ્રદેશ તથા કેન્દ્ર સરકારની હૉસ્પિટલના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. (એજન્સી) ■

## લોકો પાઈલટના આરામ પર રેલવેએ કાપ મૂક્યો

નવી દિલ્હીઃ રેલવે મંત્રાલયે ટ્રેન ક્રૂ મેમ્બર્સ માટે આઉટસ્ટેશન રેસ્ટ રૂલ્સમાં ફેરફારની જાહેરાત કરી છે. વિવિધ રેલવે ઝોન અને ડિવિઝનમાં અલગ અલગ નિયમોને દૂર કરીને, દેશભરમાં એક જેવા જ નિયમો લાગુ કરવાના હેતુથી આ ફેરફારો કરવામાં આવ્યા છે. જોકે, ઓલ ઈન્ડિયા લોકો રનિંગ સ્ટાફ એસોસિએશને આ ફેરફારોનો વિરોધ કર્યો છે. એસોસિએશને રેલ્વે બોર્ડને લખેલા પત્રમાં નવા નિયમોને ગેરકાયદેસર ગણાવ્યા છે અને દાવો કર્યો કે આ નિયમ મંત્રાલયના અગાઉના આદેશોનું ઉલ્લંઘન કરે છે.

ભારતીય રેલવેના આદેશ મુજબ હવે આઠ કલાક

(જુઓ પાનું ૨) ▸▸

## સુરતમાં ૧૪૫૫ કરોડના ફ્રોડનો રેલો બૅન્ક મેનેજરો સુધી પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત પોલીસે ઓનલાઈન છેતરપિંડીના સૌથી મોટા ઈન્ટરનેશનલ રૅકેટનો પર્દાફાશ કર્યો હતો. ૧૪૫૫ કરોડના ફ્રોડમાં તપાસનો રેલો બૅન્ક મેનેજરો સુધી પહોંચ્યો છે. બીજી તરફ ક્યુબા, થાઈલેન્ડ અને મલેશિયાથી ઓપરેટ થતા સાયબર ચીટિંગમાં છેલ્લા છ મહિનામાં આરબીએલ બેંકમાં ૧૬૫ કરંટ બૅન્ક ખાતા મારફત અંદાજિત ૧૪૫૫ કરોડના ટ્રાન્જેક્શન થયા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે આ કેસમાં મુખ્ય સુત્રધાર એવા કિરાતને ઝડપી પાડ્યો છે. જ્યારે દિવ્યેશ અને વૃંદા પોલીસ પકડથી દૂર હોય અને તે વિદેશ ભાગી ગયા હોવાની આશંકાના પગલે લુકઆઉટ નોટિસ ઈસ્યૂ કરવામાં આવી છે. સુરતમાં આ સમગ્ર ફ્રોડ વસુંધરા ફેબની આડમાં ચાલતું હતું. આ મામલે બૅન્કના કર્મચારીઓની સંડોવણીની પણ શક્યતા હોય હવે તપાસનો રેલો અલગ અલગ આરબીએલ બૅન્ક સુધી પહોંચ્યો છે.

દિવ્યેશ અને વૃંદાની પોલીસ શોધખોળ કરી રહી છે. આ સમગ્ર કૌભાંડમાં દિવ્યેશની મહત્ત્વની ભૂમિકા બૅન્કના કરંટ અકાઉન્ટ ખોલાવવાની કાર્યવાહી માટે જરૂરી તમામ

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતભરની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬નો પ્રારંભ ૯ જૂન, ૨૦૨૫થી થવા જઈ રહ્યો છે. ઉનાળાના ૩૫ દિવસના લાંબા વેકેશન બાદ ફરી એકવાર શૈક્ષણિક સંકુલો બાળકોના કલરવ અને ઉત્સાહથી ગૂંજી ઉઠશે. લાંબા સમયથી શાંત પડેલા વર્ગખંડો ફરી જીવંત બનશે અને જ્ઞાનની સરવાણી વહેતી થશે.

લાંબા વેકેશન બાદ વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વેકેશનમાં ગાળેલા આનંદના દિવસો પછી, હવે તેઓ નવા પુસ્તકો,

(જુઓ પાનું ૨) ▸▸


મુંબઈ સમાચાર
ટ્રાન્સલેટર જોઈએ છે
મુંબઈ સમાચારના જાહેરખબર વિભાગ માટે
અંગ્રેજી/ હિન્દી/ મરાઠીમાંથી ગુજરાતીમાં
સચોટ ટ્રાન્સલેશન કરી શકે એવા
ટ્રાન્સલેટર જોઈએ છે.
અનુભવી અને નવોદિત બંને આવકાર્ય.
બાયોડેટા નીચેના ઈ-મેઈલ પર મોકલાવો.
Email: samacharadvt@gmail.com

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાહુલ ગરબડના આક્ષેપો કરે છે પણ પુરાવા ક્યાં છે?

**લોકસભામાં** વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નવેમ્બર ૨૦૨૪માં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપને જીતાડવા માટે 'મેચ ફિક્સિંગ' કરવામાં આવ્યું હતું એવો આક્ષેપ કરતાં રાજકીય આક્ષેપબાજી શરૂ થઈ છે. રાહુલે અખબારોમાં લેખ લખીને ભાજપને જીતાડવા માટે કઈ રીતે કહેવાતું 'મેચ ફિક્સિંગ' કરવામાં આવ્યું હતું તેની વિગતો આપી છે.

રાહુલના દાવા પ્રમાણે ભાજપ અને તેના સાથી પક્ષોએ ચૂંટણી જીતવા માટે કાવતરું ઘડેલું. આ કાવતરામાં કેન્દ્રીય ચૂંટણી પંચ પણ સામેલ હતું. આ બધાંએ ભેગાં મળીને યોજનાબદ્ધ રીતે પગલાં લઈને ભાજપની હારને જીતમાં પલટી નાંખી અને હવે મહારાષ્ટ્રની જેમ બિહારમાં પણ નવેમ્બરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મેચ ફિક્સિંગ થશે. રાહુલનું કહેવું છે કે, જે પણ રાજ્યમાં ભાજપ હારશે એવું લાગે ત્યાં ત્યાં આ કાવતરું અમલમાં મૂકી દેવાય છે.

રાહુલે ભાજપ અને ચૂંટણી પંચ બંનેને લપેટ્યાં છે તેથી બંનેએ રાહુલના આક્ષેપોને વાહિયાત ગણાવ્યા છે. ચૂંટણી પંચે રાહુલના દાવાને પાયાવિહોણા ગણાવીને કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં ચૂંટણી પરિણામો પોતાની તરફેણમાં ના આવ્યાં પછી આવા આક્ષેપો કરવા વાહિયાત છે. કોંગ્રેસે આ આક્ષેપો પહેલાં પણ કરેલા. ચૂંટણી પંચે ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ કૉંગ્રેસને જવાબ આપ્યો તેમાં આ આક્ષેપોના જવાબ આપી દેવાયા છે અને આ જવાબ ચૂંટણી પંચની વેબસાઇટ પર ઉપલબ્ધ છે જ.

ભાજપે રાહુલ ગાંધીના આરોપોને શરમજનક ગણાવીને વળતો આક્ષેપ કર્યો છે કે, રાહુલ ગાંધી ફરીથી દેશની સંસ્થાઓને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ચૂંટણી પંચે અગાઉ પણ આ મુદ્દાઓ પર સ્પષ્ટ જવાબ આપ્યો છે છતાં રાહુલ એકની એક રેકર્ડ વગાડ્યા કરે છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો આશ્ચર્યજનક હતાં તેમાં બેમત નથી. ગયા વર્ષે ૨૩ નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થયાં તેમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિએ ૨૩૦ બેઠક જીતીને મોટું આશ્ચર્ય સર્જેલું કેમ કે છ મહિના પહેલાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મહાયુતિ સાવ ધોવાઈ ગઈ હતી. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૩૨, શિવસેનાએ (એકનાથ શિંદે) ૫૭ અને એનસીપી (અજિત પવાર)એ ૪૧ બેઠક જીતી હતી જ્યારે ઉધ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહાવિકાસ આઘાડી (એવીએમ)ને માત્ર ૪૬ બેઠક મળી. શિવસેના (ઉદ્ધવ)ને ૨૦ બેઠક, કૉંગ્રેસને ૧૬ અને એનસીપી (શરદ પવાર)ને ૧૦ બેઠક મળી. સમાજવાદી પાર્ટીએ ૨ બેઠક જીતી હતી જ્યારે ૧૦ બેઠક અન્ય પક્ષોને મળી હતી.

આ પરિણામો પછી તરત જ કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ કાગારોળ મચાવી જ દીધેલી. ભાજપ અને સાથી પક્ષોએ ગરબડો કરીને ચૂંટણી જીતી હોવાના આક્ષેપ કરીને ઉદ્ધવની શિવસેના, કૉંગ્રેસ અને શરદ પવારની એનસીપીએ ચૂંટણી પંચમાં પણ રજૂઆત કરેલી. ચૂંટણી પંચે એ વખતે પણ આ આક્ષેપોને વાહિયાત ગણાવીને ફગાવી દીધેલા. હવે રાહુલે પાછા એ જ મુદ્દા ઉઠાવ્યા છે ને પંચે એ જ જવાબ આપ્યો છે.

રાહુલ ગાંધીએ ઉઠાવેલા મુદ્દા ગંભીર છે તેમાં શંકા નથી પણ તેને સાબિત કરતા કોઈ નક્કર પુરાવા નથી એ પણ હકીકત છે. રાહુલના દાવા પ્રમાણે, ભાજપે પાંચ પગલાં દ્વારા મહારાષ્ટ્રમાં જીતનું કાવતરું પાર પાડ્યું હતું. રાહુલનાં કહેવાતાં પાંચ પગલાં પર નજર નાંખીને તેનું વિશ્લેષણ કરીશું તો રાહુલ નક્કર પુરાવા વિના અધ્ધરતાલ વાત કરી રહ્યા છે એ સમજાશે. રાહુલ ગાંધીએ પોતાના લેખમાં લખ્યું છે કે, ચૂંટણી પંચ પર કબજો, મતદાર યાદીમાં બોગસ મતદારો ઉમેરીને ગોટાળા, ચોક્કસ બેઠકો પર બોગસ મતદાન, મતદાનના આંકડા પહેલેથી જ વધારીને જાહેર કરવા અને પુરાવા છૂપાવવાની કોશિશ એ પાંચ પગલાં ભાજપ તથા તેના સાથી પક્ષોએ લીધાં હતાં.

રાહુલના દાવા પ્રમાણે, ૨૦૨૩માં ભાજપ સરકારે 'ચૂંટણી કમિશનર નિમણૂક અધિનિયમ' દ્વારા ચૂંટણી કમિશનરોની નિમણૂક કરતી સમિતિમાં ચીફ જસ્ટિસને બદલે એક કેન્દ્રીય મંત્રીને મૂકવાનો નિયમ બનાવતાં નિષ્પક્ષતાનો અંત આવ્યો અને સમગ્ર નિયંત્રણ સરકારના હાથમાં આવી ગયું. રાહુલની વાત મોં-માથા વિનાની છે કેમ કે માત્ર પસંદગીના કમિશનરોની નિમણૂક દ્વારા ચૂંટણીમાં ગોલમાલ ના કરી શકાય. ચૂંટણીની પ્રક્રિયામાં હજારો લોકો સંકળાયેલા હોય છે. સરકારી તંત્રમાં કામ કરતા આ લોકોને ત્રણ ચૂંટણી કમિશનર પોતાની રીતે નચાવી શકે એ શક્ય નથી.

રાહુલનો બીજો આક્ષેપ એ છે કે, મહારાષ્ટ્રમાં પુખ્ત વયનાં એટલે કે મતદાન માટે લાયક લોકો છે તેમના કરતાં વધુ વોટિંગ થયું હતું. ચૂંટણી પંચે સાંજે ૫:૩૦ વાગ્યે મતદાનના આંકડા જણાવ્યા પછી સાંજે ૫:૩૦થી ૭:૩૦ વાગ્યાની વચ્ચે ૬૫ લાખ લોકોએ મતદાન કર્યું હતું. એક મતદારને મતદાન કરવામાં લગભગ ત્રણ મિનિટ લાગે છે એ જોતાં ૬૫ લાખ લોકો બે કલાકમાં મતદાન કરે એ અશક્ય છે. મતદાન મથકમાં કૉંગ્રેસ સહિતના પક્ષોના પોલિંગ એજન્ટો પણ હાજર હોય છે. ઉમેદવારો પોતે પણ પ્રક્રિયા પર નજર રાખતા જ હોય છે એ જોતાં ગરબડ થઈ તો તેની જાણ તાત્કાલિક કેમ ના કરાઈ ? ભાજપ તથા તેના સાથી પક્ષો માટે તમામ પોલિંગ એજન્ટોને ફોડી લેવા અશક્ય છે પણ માનો કે એવું કર્યું હોય તો પણ ઉમેદવારોને પણ ભાજપે ફોડી લીધેલા ?

રાહુલના કહેવા પ્રમાણે, અમે ચૂંટણીની વીડિયોગ્રાફી માગી ત્યારે કમિશને સ્પષ્ટ ઇનકાર કરી દીધો. ચૂંટણી પંચે નિયમ પણ બદલી નાખ્યો કે જેથી અમે વીડિયોગ્રાફી વિશે વધુ સવાલો પૂછી ન શકીએ. રાહુલનો આ મુદ્દો યોગ્ય છે ને પંચે આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ પણ માત્ર વીડિયો ના મળ્યા તેના કારણે મેચ ફિક્સિંગ થયું હોવાનું ના કહેવાય.

ચૂંટણી પંચ દૂધે ધોયેલું નથી જ અને તેનો ઈતિહાસ પણ શંકાસ્પદ છે. આ સંજોગોમાં માનો કે, પુરાવા છૂપાવતું હોય તો પણ પુરાવા વિના આક્ષેપ ના કરાય. કૉંગ્રેસે પુરાવા આપવા જોઈએ, પણ તેના બદલે રાહુલ છ મહિનાથી આક્ષેપો જ કર્યા કરે છે. કાગળ પર જ યુધ્ધ લડ્યા કરે છે.

રાહુલે એક વાત સમજવાની જરૂર છે કે, કૉંગ્રેસ તથા તેના સાથી પક્ષો માટે મહારાષ્ટ્રની ચૂંટણી ઢોળાઈ ગયેલું દૂધ છે તેથી તેના પર અફસોસ કરવાનો અર્થ નથી. તેના બદલે રાહુલે ભવિષ્યની ચૂંટણીઓ પર ધ્યાન આપવું જોઈએ. રાહુલને લાગે છે કે, બિહારની ચૂંટણીમાં પણ ભાજપ અને સાથી પક્ષો ગરબડ કરશે તો અત્યારથી આ ગરબડોના નક્કર પુરાવા શોધીને લોકો સામે મૂકી શકાય એવો પાકો બંદોબસ્ત કરવો જોઈએ. ખાલી આક્ષેપબાજી કરવાથી કંઈ ના થાય, ઊલટાનું હાસ્યાસ્પદ ઠરાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, સોમવાર, તા. ૯-૬-૨૦૨૫, વિંછુડો પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૯, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૩મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૫-૩૦ સુધી, પછી અનુરાધા
- ચંદ્ર તુલામાં સવારે ક. ૦૮-૪૯ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૧૮, રાત્રે ક. ૨૨-૩૯
- ઓટઃ સાંજે ક. ૧૭-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૪ (તા. ૧૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭. 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – ત્રયોદશી. વિંછુડો પ્રારંભ સવારે ક. ૦૮-૫૧. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ચંદ્ર-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્ર-અગ્નિદેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શનિ દેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, મુંડન કરાવવું નહિ. પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ શુભ, મહેંદી લગાવવી, વાસણ, વાહન, પશુ લે-વેંચ, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, ધાન્ય ભરવું, બી વાવવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ સાહસિક સ્વભાવ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કજિયાખોર, બુધ-શનિ ત્રિકોણ ગંભીર સ્વભાવ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ ઓચિંતા ફેરફારો આવે. ચંદ્ર-શનિ ત્રિકોણ માતાપિતાથી લાભ થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, બુધ-શનિ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, બુધ આર્દ્રા પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકાના

એજન્ટો વચ્ચે ઝપાઝપી થઈ રહી છે જેને કારણે શનિવારે વાતાવરણ વધુ તંગ બન્યું હતું જેને પગલે ટ્રમ્પ વહીવટીતંત્રએ લૉસ એન્જલસમાં ૨,૦૦૦ જેટલા સુરક્ષા ગાર્ડ ગોઠવવાની જાહેરાત કરી હતી.

પ્રદર્શનકર્તાઓને વિખેરવા અશ્રુવાયુ અને ફ્લેશબૅંગનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

કૅલિફોર્નિયાના ગવર્નર સહિત અમુક અધિકારીઓએ પણ ટ્રમ્પ વહીવટીતંત્રના નિર્ણયને ભડકાઉ લેખાવી તેનો વિરોધ કર્યો છે.

લૉસ એન્જલસ કૅલિફોર્નિયા પ્રાન્તનું સૌથી મોટું શહેર છે. જનસંખ્યાને મામલે પણ ન્યૂ યૉર્ક બાદ લૉસ એન્જલસનું નામ આવે છે અને તે હૉલિવૂડ અને અમેરિકાના ફિલ્મ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર પણ છે.

લૉસ ઍન્જલસમાં હાલમાં સ્થાનિક વેપારીઓ પર છાપામારી કરવામાં આવી રહી છે જેનો સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે.

શુક્રવારે લૉસ એન્જલસમાં વ્યાપક છાપામારી કરવામાં આવી હતી અને એ દરમિયાન ઓછામાં ઓછા ૪૪ જણની ધરપકડ કરવામાં આવી હતી.

અમેરિકામાં ગેરકાયદે વસતા લોકોને દેશપાર કરવાની ઝુંબેશના ભાગરૂપ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દરરોજ ઓછામાં ઓછા ૩,૦૦૦ લોકોની ધરપકડ કરવાનું ટ્રમ્પનું લક્ષ્ય હોવાનું ઉપપ્રમુખ સ્ટીફન મિલરે કહ્યું હતું.

અમેરિકાના લોસ એન્જલસમાં નવી ઈમિગ્રેશન પૉલિસી મુદ્દે ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. તેમજ પ્રદર્શનકારીઓ બેકાબૂ થયા છે. જેના પગલે રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ એક્શનમાં આવ્યા છે. આ પ્રદર્શનકારીઓને રોકવામાં નિષ્ફળ પોલીસની મદદે નેશનલ ગાર્ડને ઉતારવાની ફરજ પડી છે.

આ વિરોધ ડોનલ્ડ ટ્રમ્પની નવી ઇમિગ્રેશન નીતિ વિરુદ્ધ છે. જેમાં શુક્રવારે યુએસ અધિકારીઓએ ૪૪ લોકોની ધરપકડ કરી હતી. જેનો વિરોધ કરવા માટે લોકો રસ્તાઓ પર ઊતરી આવ્યા છે. ડોનલ્ડ ટ્રમ્પે લોસ એન્જલસમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને નિયંત્રિત કરવા માટે 'કેલિફોર્નિયા નેશનલ ગાર્ડ'ના ૨,૦૦૦ સૈનિકોને તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય ફેડરલ ઇમિગ્રેશન અધિકારીઓ દ્વારા લેવામાં આવેલી કાર્યવાહી બાદ લેવામાં આવ્યો છે. જેમાં લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આનાથી લોકોમાં આક્રોશ વધ્યો છે.

આ અંગે રસ્તા પર ઉતરેલા પ્રદર્શનકારીઓનું કહેવું છે કે ઇમિગ્રેશન કાયદાના ઉલ્લંઘનની આડમાં કરવામાં આવેલી આ ધરપકડ ગેરકાયદેસર છે. ફેડરલ ડિટેન્શન સેન્ટરની બહાર વિરોધ કરવા માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા છે. ભીડને વિખેરવા માટે અધિકારીઓએ ટિયર ગેસના શેલ છોડ્યા હતા. જેનાથી અથડામણ અને તણાવ વધ્યો છે.

શનિવારે વ્હાઇટ હાઉસ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ ફોર્સને વધતી જતી અરાજકતાનો સામનો કરવા માટે તહેનાત કરવામાં આવી છે.

જોકે, કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યુસોમે આ પગલાનો સખત વિરોધ કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આ આદેશ ઉશ્કેરણીજનક છે અને તે ફક્ત તણાવ અને અવિશ્વાસ વધારશે. આ પગલું અયોગ્ય છે.

આ વિરોધ મુખ્યત્વે ફેડરલ ડિટેન્શન સેન્ટરની બહાર થઈ રહ્યો છે. જેમાં વિરોધીઓમાં સ્થાનિક નાગરિકો, ઇમિગ્રન્ટ અધિકાર કાર્યકરો, વિદ્યાર્થીઓ અને સામાજિક કાર્યકરોનો સમાવેશ થાય છે. જોકે પ્રદર્શન શાંતિપૂર્ણ હતું. પરંતુ પોલીસ દ્વારા ટિયર ગેસના ઉપયોગને કારણે પરિસ્થિતિ બગડવા લાગી. વિરોધીઓએ ઇમિગ્રન્ટ્સ માટે ન્યાય જેવા નારા લગાવ્યા હતા.

આ વિરોધ પ્રદર્શનના કારણે ઘણી જગ્યાએ વિરોધીઓ અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સ્થાનિક પોલીસ અને ફેડરલ એજન્ટોએ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે બળનો ઉપયોગ કર્યો હતો.

અહેવાલો અનુસાર કેટલાક વિરોધીઓ પણ ઘાયલ થયા હતા. તેની બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પે નેશનલ ગાર્ડ તહેનાત કરવાનો આદેશ આપ્યો. (એજન્સી) ■

### મણિપુરમાં હિંસા

હતી.

ઈમ્ફાલના પાંચ જિલ્લામાં પાંચ દિવસ માટે ઈન્ટરનેટ અને મોબાઈ ડેટા સેવા બંધ કરી દેવામાં આવી હોવા ઉપરાંત અનિશ્ચિત કાળનો કરફ્યુ લાદી દેવામાં આવ્યો છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ)ની કલમ ૧૬૩ અંતર્ગત ઈમ્ફાલ પશ્ચિમ, ઈમ્ફાલ પૂર્વ, થૌબલ, વિષ્ણુપુર અને કાકચિંગ જિલ્લામાં અનિશ્ચિત કાળનો કરફ્યુ લાદી દેવામાં આવ્યો છે.

વંશીય હિંસાને કારણે મણિપુર બે ભાગમાં વિભાજિત થઈ ગયું હોવાને લીધે ઔપચારિક પ્રક્રિયાના ભાગરૂપે પોલીસ તપાસ કે કોઈની ધરપકડ કરવા જાય તે વખતે તેમને બંને સમુદાયના લોકોના વિરોધનો સામનો કરવો પડે છે.

મૈતેઈ સમુદાયના વૉલન્ટિયરોનું સંગઠન 'અરમતાઈ ટેંગોલ' મૈતેઈ-કૂકી વંશીય હિંસામાં ભાગ લઈ રહ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

'અરમતાઈ ટેંગોલ'ના નેતા કાહાન સિંહની ધરપકડ કરવામાં આવ્યા બાદ શનિવારે રાત્રે ઈમ્ફાલમાં લોકો વિરોધ કરવા રસ્તા પર ઉતરી આવ્યા હતા.

પ્રદર્શનાર્થીઓએ રસ્તા ટાયર સળગાવી અવરોધ ઊભો કર્યો હતો અને કાહાન સિંહને મુક્ત કરવાની માગણી કરી હતી. રાજ્યના અનેક ભાગમાં શનિવારે રાત્રે પ્રદર્શનાર્થીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી.

ધરપકડ કરાયેલા નેતાને રાજ્યની બહાર લઈ જવામાં ન આવે તે માટે રોષે ભરાયેલા પ્રદર્શનાર્થીઓએ વાહનો સળગાવ્યા હતા અને ઈમ્ફાલ ઍરપોર્ટના ગૅટ પર ઘેરાવ કર્યો હતો.

ઈમ્ફાલના રહેવાસીઓએ અમુક જગ્યાએ ગોળીબારના અવાજ પણ સાંભળ્યા હતા.

ઘટનાને પગલે રાજભવન જતા માર્ગ પર સુરક્ષા વધારી દેવામાં આવી હતી. પાંચથી વધુ લોકો એકઠાં થવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો.

બીએનએસએસની કલમ ૧૬૩ (૧) અંતર્ગત ઈમ્ફાલના પૂર્વ જિલ્લાઓમાં ૧૦મી જૂનથી આગામી આદેશ ન અપાય ત્યાં સુધી રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી ઘરની બહાર નીકળવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. (એજન્સી)

### ગુજરાતમાં આજથી

નવા મિત્રો અને નવા વિષયો શીખવા માટે આતૂર છે. ખાસ કરીને, નાના ભૂલકાઓ કે જેઓ જીવનમાં પ્રથમવાર શાળાનો અનુભવ કરવા જઈ રહ્યા છે, તેમના માતા-પિતા પણ પોતાના બાળકોને શાળાએ મોકલવા માટે સજ્જ છે.

શાળાઓ દ્વારા પણ વેકેશન બાદ નવા સત્રને આવકારવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

શાળા સંચાલકો અને સ્ટાફે વિદ્યાર્થીઓના સ્વાગત માટે વર્ગખંડોની સફાઈ, ડેસ્ક અને બેન્ચની ગોઠવણી, શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. આ ઉપરાંત, પીવાના પાણીની વ્યવસ્થા, શૌચાલયોની સ્વચ્છતા અને સૌથી મહત્ત્વપૂર્ણ, વિદ્યાર્થીઓની સુરક્ષા વ્યવસ્થાને પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. ઘણી શાળાઓએ તો વિદ્યાર્થીઓને આવકારવા માટે વિશેષ કાર્યક્રમો અને સજાવટ પણ કરી છે, જેથી પ્રથમ દિવસે જ બાળકોને ખુશનુમા વાતાવરણનો અનુભવ થાય. ■

### કોલંબિયાના

ગોળીબારની ઘટનાની તપાસ કરી રહી છે. આ કચેરીએ કહ્યું હતું કે સેનેટરને બે ગોળી વાગવાથી જખમ પડ્યા છે. આ હુમલામાં બીજા બે જણને ઈજા પહોંચી છે. ઑફિસે માહિતી આપી હતી કે ઘટનાસ્થળે ૧૫ વર્ષના કિશોરને હથિયાર સાથે પકડવામાં આવ્યો છે. કોલંબિયાની સરકારે કહ્યું હતું કે આ હુમલા માટે જવાબદાર લોકોને પકડવામાં મદદ ક્રનારને ઈનામ આપવામાં આવશે. પ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ એક્સ પર એક સંદેશામાં લખ્યું હતું કે હું જીવનનો આદર કરું છું. અને આ રેડ લાઈન છે. પેટ્રોએ બનાવની ગંભીરતા જોઈને ફ્રાન્સની તેમની મુલાકાત રદ કરી હતી.

દેશના સૌથી અશાંત કાળ દરમિયાન ૧૯૯૧માં ઉરીબેના પત્રકાર માતાનું અપહરણ કરીને તેમની હત્યા કરવામાં આવી હતી. કોલંબિયામાં પ્રમુખપદની ચૂંટણી ૩૧ મે, ૨૦૨૬એ યોજાવાની છે. દેશના પ્રથમ ડાબેરી પ્રમુખ પેટ્રોની મુદત ત્યારે પતવાની છે., સેનેટર ઉરીબેએ માર્ચમાં જાહેરાત કરી હતી કે તેઓ પ્રમુખપદની ચૂંટણીમાં ઊભા રહેવાના છે.

કોલંબિયાના પોલીસ વડા જનરલ કાર્લોસ ટ્રિયાનાએ કહ્યું હતું કે હુમલાના સમયે ઉરીબે સાથે કાઉન્સિલમેન એન્ડ્રિસ બેરિઓસ અને બીજા ૨૦ જણ હતા. હુમલામાં સામેલ થનાર સગીર વયના કિશોરને પકડી લેવામાં આવ્યો છે અને પગની ઈજા માટે તેને સારવાર આપવામાં આવી રહી છે. મેં કોલંબિયાના લકર, પોલીસ અને જાસૂસી સંસ્થાઓને હકીકતનો ખુલાસો કરવા તેમના અધિકારીઓને તહેનાત કરવાનું કહ્યું છે.

અમેરિકાના વિદેશપ્રધાન માર્કો રુબિયોએ એક્સ પર લખ્યું હતું કે અમેરિકા સેનેટર ઉરિબેની હત્યાના પ્રયાસની આલોચના કરીએ છીએ, હું પ્રમુખ પેટ્રોને અપીલ કરું છું કે તેઓ ઉશ્કેરણીજનક વાતાવરણ શાંત પાડે અને અધિકારીઓનું રક્ષણ કરે. કોલંબિયા સરકારના સર્વોચ્ચ સ્તરેથી કરાયેલા ડાબેરી હિંસક આલાપનું આ પરિણામ છે અને લોકશાહી સામેનું સીધું જોખમ છે.

લેટિન અમેરિકાના શાસકોએ આ હિંસાની આલોચના કરી છે. ચીલી અને ઈક્વાડોરના પ્રમુખોએ આ હુમલાની ટીકા કરી હતી.

ભૂતપૂર્વ પ્રમુખ ઉરીબેએ કહ્યું હતું કે તેઓએ દેશની આશા, મહાન પતિ, પિતા, પુત્ર અને ભાઈ તથા મહાન સાથીદાર પર હુમલો કર્યો છે, (એજન્સી) ■

### ગુજરાતના અકસ્માતોમાં

આ બનાવમાં ત્રણ લોકોને ઇજા પહોંચી હતી. મૃતકોમાં વનીતાબેન ચીમનલાલ જોશી અને જય અજીતભાઈ જોશીનો સમાવેશ થાય છે. જ્યારે ઇજાગ્રસ્તમાં કેતનભાઇ ચીમનલાલ જોશી, રિદ્ધિબેન કેતનભાઈ જોશી અને રિવાબેન કેતનભાઇ જોશી છે. બનાવના પગલે સાવરકુંડલા પોલીસ અકસ્માત સ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તે જ પ્રકારે બારડોલી તાલુકાના કડોદ ગામમાં સ્વામિનારાયણ મંદિર નજીક અકસ્માતનો બનાવ બન્યો હતો. કામરેજના ડુંગરા ગામના રહેવાસી સાજનભાઈ કાંતુભાઇ રાઠોડ પોતાની બાઇક લઇને જઇ રહ્યા હતા. જે દરમિયાન તેમણે આગળ જઇ રહેલા ટેમ્પોની સાઇડ કાપવાનો પ્રયાસ કર્યો હતો. સાઇડ કાપતી વખતે તેમની બાઇક ટેમ્પોને અથડાઇ હતી. જેથી તેમણે સંતુલન ગુમાવ્યું હતું અને બાઇક સામેથી આવી રહેલા ડમ્પર સાથે અથડાઈ હતી. ડમ્પર નીચે આવી જતાં સાજનભાઈનું બનાવ સ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવ અંગે બારડોલી રૂરલ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

### લોકો પાઈલટના

ફરજ પર રહેલા કર્મચારીઓને આઠ કલાક આરામ આપવામાં આવશે, પાંચથી આઠ કલાક ફરજ પર રહેલા કર્મચારીઓને છ કલાક આરામ આપવામાં આવશે, અને પાંચ કલાક કે તેથી ઓછા સમય માટે ફરજ પર રહેલા કર્મચારીઓને ફરજના સમયગાળા કરતાં એક કલાક વધુ આરામ આપવામાં આવશે.

મંત્રાલયે સેન્ટર ફોર રેલ્વે ઇન્ફર્મેશન સિસ્ટમ (ક્રિસ)ને ક્રૂ મેનેજમેન્ટ સિસ્ટમ(સીએમએસ)માં અન્ય તમામ પ્રકારના આરામ નિયમને અમાન્ય ગણવાનો નિર્દેશ આપ્યો. રેલવે મંત્રાલેકે ૩ જૂનના રોજ ક્રિસના જનરલ મેનેજરોને સંબોધીને એક પરિપત્ર જાહેર કર્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારતીય રેલવેમાં રનિંગ સ્ટાફ માટે છ પ્રકારના આઉટસ્ટેશન રેસ્ટ રૂલ્સ છે. આ બાબતની તપાસ કર્યા પછી, હાલના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ અંતર્ગત, ત્રણ પ્રકારના રેસ્ટ રૂલ્સ નક્કી કરવામાં આવ્યા છે.

નિયમોમાં ફેરફાર સામે વિરોધ નોંધાવતા એઆઈએલઆરએસએ કહ્યું કે આ આદેશ રેલ કામગીરીની સલામતીને ગંભીર અસર કરશે, કારણ કે આ ફેરફાર ૨૦૧૬માં મંત્રાલય દ્વારા રચાયેલી હાઇ પાવર કમિટીના આર્સ ઓફ એમ્પ્લોયમેન્ટ રૂલ્સનું ઉલ્લંઘન છે. એઆઈએલઆરએસએ મંત્રાલયને આ આદેશ પાછો ખેંચવાની માંગ કરી છે.

એઆઈએલઆરએસના એક પદાધિકારીએ જણાવ્યું હતું કે સમિતિએ સ્વીકાર્યું હતું કે આઠ કલાકથી ઓછો આરામ અપૂરતો છે, કારણ કે રનિંગ સ્ટાફ લોબીથી રનિંગ રૂમમાં જવા, વ્યક્તિગત સ્વચ્છતા, ખોરાક તૈયાર કરવા અને ખોરાક ખાવા જેવા કામમાં ઘણો સમય લાગે છે. આમ, રનિંગ સ્ટાફને માટે આરામ/ઊંઘ માટે ખરેખર ૮ કલાક કરતા ઘણો ઓછો સમય હોય છે, જ્યારે માણસને ઓછામાં ઓછી ૮ કલાક ઊંઘની લઘુતમ જરૂરિયાત હોય છે.

યુનિયનના પદાધિકારીએ કહ્યું 'જો લોકોપાઇલટને આઉટગોઇંગ ટ્રીપ કરતા પહેલા પૂરતો આરામ નહીં મળે, તો તેના કારણે તેના એલર્ટનેસ લેવલ પર અસર પડી શકે છે. રેલ્વેની સલામતીના હિતને ધ્યાનમાં રાખીને આ આદેશ પાછો લેવો જોઈએ. ઉપરાંત,માનવતાવાદી ધોરણે આ આદેશ યોગ્ય નથી કારણ કે ટ્રેનના કર્મચારીઓ પણ પહેલા માણસ છે અને પછી રેલવેના કર્મચારીઓ છે.' ■

### વિદેશી રોકાણમાં

વિદેશી રોકાણ સાથે આ યાદીમાં મહારાષ્ટ્ર પછીના ક્રમે રહ્યા હતા. નિષ્ણાતોના જણાવ્યાનુસાર માળખાકીય સુવિધામાં થયેલા સુધારાને કારણે મહારાષ્ટ્ર અને કર્ણાટક આ યાદીમાં પ્રથમ અને દ્વિતીય સ્થાને રહ્યા હતા. માળખાકીય સુવિધામાં થયેલા સુધારાને કારણે આ બંને રાજ્ય સીધાં વિદેશી રોકાણ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યા હતા. છેલ્લાં નાણાકીય વર્ષ દરમિયાન એફડીઆઈનું પ્રમાણ ૧૪ ટકા વધીને ૮૧.૦૪ અબજ ડૉલર થયું હતું. છેલ્લાં ત્રણ વર્ષનો આ સર્વોચ્ચ આંક છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આ આંક ૭૧.૩ અબજ ડૉલર રહ્યો હતો. (એજન્સી) ■

### મોદી સરકારના

મળ્યા હતા.

ભાજપે તેના રાજકીય અને પ્રશાસનિક સંપર્કને ફરીથી સ્થાપવા માટે ફરીથી તૈયારીઓ શરૂ કરી હતી અને વિધાનસભા ચૂંટણીઓમાં આશ્ચર્યજનક રીતે મોટી જીત મેળવીને ફરીથી ગતિ મેળવી હતી. બીજી તરફ મુખ્ય વિપક્ષ કૉંગ્રેસ અને અન્ય ઈન્ડિયા ગઠબંધનના પક્ષોમાં ફરીથી આશાવાદનો સંચાર થઇ શક્યો નહી.

ભાજપે હરિયાણા અને મહારાષ્ટ્રમાં પોતાની કલ્યાણકારી યોજનાઓ અને ક્ષેત્રીય નેતૃત્વના દમ પર સ્થિતિને બદલી હતી જ્યાં તેમને લોકસભા ચૂંટણીમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આખરે ૨૬ વર્ષ પછી આમ આદમી પાર્ટીના તેના કટ્ટર વિરોધી અરવિંદ કેજરીવાલને હરાવીને દિલ્હી પર કબજો કર્યો હતો.

ભાજપ હવે એક વર્ષ પહેલા રાષ્ટ્રીય ચૂંટણીમાં ગુમાવેલી જમીન પાછી મેળવ્યા પછી એક નવો રાજકીય હુમલો કરવા માટે તૈયાર દેખાય છે જ્યારે વિપક્ષ ફરીથી વિખેરાઇ ગયો છે. કૉંગ્રેસ એક રાજ્યમાં જોરદાર ચૂંટણી જીતની શોધમાં છે.

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની ટીએમસી અને કેજરીવાલ જેવા અન્ય ભાજપના હરીફો કૉંગ્રેસથી દૂર થઈ ગયા છે અને શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી) જેવા પક્ષોનું ભવિષ્ય અનિશ્ચિત છે. દિલ્હી યુનિવર્સિટીમાં રાજકીય વિજ્ઞાનના એસોસિયેટ પ્રોફેસર મનોજ કુમાર વિપક્ષ દ્વારા મોદી વિરુદ્ધ લડાઇમાં નિષ્ફળ રહ્યા વચ્ચે મોદીના અવિશ્વસનીય નેતૃત્વ પર ભાર મૂકે છે.

તેમણે કહ્યું કે ''રાજકારણમાં કોઈપણ સમયે, હંમેશાં તકો અને પડકારો હોય છે. પરંતુ એવું લાગે છે કે જ્યાં સુધી પીએમ મોદી છે ત્યાં સુધી તેમનો કોઈ ગંભીર વિકલ્પ નથી,'' તેઓ કહે છે, ઓપરેશન સિંદૂર હેઠળ લશ્કરી કાર્યવાહી એ રાષ્ટ્રીય હિતમાં કાર્ય કરતા નેતા તરીકે તેમની છબી ફરીથી મજબૂત બનાવી છે. ■

### સુરતમાં ૧૪૫૫ કરોડના

દસ્તાવેજી કાર્યો માટે હતી. બીજી તરફ, વૃંદા પોતાનાં ભાઈ જે મુખ્ય આરોપી કિરાત છે તેની સાથે મળીને ઓફિસમાં નોકરી કરતી હતી. જ્યાંથી જ આ સમગ્ર સાયબર ફ્રોડની ગતિવિધી ચાલતી હતી.પોલીસે જણાવ્યું હતું કે, દિવ્યેશ અને વૃંદાને ઘણા વખતથી પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતાં. જોકે બંને અવારનવાર તપાસ ટાળી રહ્યા હતા અને અત્યાર સુધી તેઓ મળી શક્યા નથી.

વધુમાં, બંને શંકાસ્પદ દુબઈ પણ જઈ ચૂક્યા છે અને તેમની પાસે પાસપોર્ટ પણ છે, જેને ધ્યાનમાં રાખીને પોલીસને તેમના વિદેશ ભાગી જવાની પૂરી શક્યતા જણાઈ હતી.

આ કારણે બંને વિરુદ્ધ લુકઆઉટ નોટિસ જાહેર કરી દેવામાં આવી છે. આરોપીઓએ 'વસુંધરા ફેબ' નામની ટેક્સટાઇલ ફેબ્રિક કંપની બતાવતી ઓફિસ શરૂ કરી હતી. પોલીસને મળેલી માહિતી મુજબ, બૅન્કના અધિકારીઓ પોતે આ ઓફિસ સુધી આવતા અને ત્યાંથી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરાતી હતી. જેમાં ગુમાસ્તા લાઇસન્સ, પેઢી માટેના રેન્ટ એગ્રિમેન્ટ સહિતના તમામ દસ્તાવેજો તૈયાર કરવામાં આવતા. બેંક એકાઉન્ટ માટે રેન્ટ એગ્રિમેન્ટ પણ અલગ-અલગ દુકાનોના સરનામા દર્શાવી બનાવવામાં આવતા, જેથી ફર્મો અલગ લાગતી હોય. આ તમામ ફર્મો ટેક્સટાઇલના નામે શરૂ કરવામાં આવી હતી, પરંતુ હકીકતમાં તેમનો ઉદ્દેશ માત્ર બૅન્કિંગ વ્યવહાર માટે અકાઉન્ટ ખોલાવવા અને એનાં માધ્યમથી કરોડો રૂપિયાના ફ્રોડ ટ્રાન્ઝેક્શન કરવાનો હતા. ■

# વિધવા વિરોધી પ્રથાઓને મહારાષ્ટ્રના ૭,૦૦૦ ગામડાઓએ તિલાંજલિ આપીને દાખલો બેસાડ્યો

મુંબઈ: આપણા દેશમાં પરંપરાના નામે મહિલાઓને અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વધતા શિક્ષણ સાથે જોકે, તેમાં ઘણો ઘટાડો ચોક્કસ થયો છે, તેમ છતાં હજી મહિલાઓ, ખાસ કરીને વિધવા સ્ત્રીઓને બહુવિધ તકલીફોનો સામનો કરવો પડે છે. આજ કારણ છે કે મહારાષ્ટ્રમાં એક કાર્યકર્તા, જે વિધવા સંબંધિત પછાત પ્રથાઓને નાબૂદ કરવાના મિશન પર છે. તેમણે આ મહિલાઓને સન્માનપૂર્વક જીવન મળે તેવા કાયદાની માગમાં સહયોગ મેળવવા દેશના મંત્રીઓ અને ધારાસભ્યોનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે.

લોકસભાના સભ્યો ઉપરાંત, મહાત્મા ફૂલે સમાજ સેવા મંડળના વડા કાર્યકર્તા પ્રમોદ ઝીંજાડે આ હેતુ માટે સહયોગ મેળવવા માટે વિવિધ સરકારી સંસ્થાઓને પત્ર લખી રહ્યા છે. ઝીંજાડેએ કહ્યું કે તેમણે કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી, રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા રાહટકર અને તમામ લોકસભા સભ્યોને પત્રો મોકલીને ભારતમાં ગ્રામ પંચાયતો અને ગ્રામ સભાઓ દ્વારા વિધવા સંબંધિત કુપ્રથાઓને નાબૂદ કરવાના પ્રયાસોમાં મદદ માંગી છે. તેમણે રાષ્ટ્રીય મહિલા કમિશનને અપીલ કરી કે તેઓ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને નિર્દેશ આપે કે તેઓ તમામ રાજ્ય સરકારોને દેશભરના ગામડાઓમાં વિધવા કુપ્રથાઓ નાબૂદ કરવા માટે સમિતિઓની રચના કરવા કહે.

તેમણે 'મંગળસૂત્ર', બંગડીઓ અને અંગૂઠાની વીંટીઓ તોડી નાખવા, તેમના ઝાંઝર અને રંગબેરંગી કપડાં ઉતારવા, મુંડન કરવા તથા તેમને સામાજિક કાર્યો અને કૌટુંબિક વિધિઓમાંથી બાકાત રાખવા પર પ્રકાશ પાડ્યો. આ અમાનવીય પ્રથાઓ હજુ પણ આપણા સમાજના ઘણા ભાગોમાં અસ્તિત્વમાં છે, એમ તેમણે કહ્યું.

૧૭ મે, ૨૦૨૨ ના રોજ, કોલ્હાપુર જિલ્લાનું હેરવાડ વિધવા સંબંધિત કુરિવાજો પર પ્રતિબંધ મૂકવા ગ્રામ સભામાં ઠરાવ પસાર કરનાર પ્રથમ ગામ બન્યા પછી, મહારાષ્ટ્ર વહીવટીતંત્રે તમામ મુખ્ય સરકારી અધિકારીઓ અને ગ્રામ પંચાયતોને આવી ભેદભાવપૂર્ણ પ્રથાઓને દૂર કરવા અને વિધવાઓ માટે ગૌરવને પ્રોત્સાહન આપવા સૂચના આપી, એમ ઝિંજાડેએ જણાવ્યું. આનાથી પ્રેરિત થઈને, મહારાષ્ટ્રભરમાં ૭,૦૦૦ થી વધુ ગ્રામ પંચાયતોએ અન્યાયી પ્રથાને નાબૂદ કરવા અને આ પ્રકારના ભેદભાવને રોકવા ગ્રામ સભાઓ દ્વારા ખાસ સમિતિઓની રચના કરી. પરિણામે, રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ અને અન્ય કેન્દ્ર સરકારની સંસ્થાઓએ આ પહેલને સ્વીકારી હતી. (પીટીઆઈ)■

# પાલઘરમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્તોને ₹૨.૭ કરોડની સહાય

પાલઘર: મહારાષ્ટ્ર સરકારે પાલઘર જિલ્લામાં છેલ્લા બે મહિનામાં કમોસમી વરસાદને કારણે નુકસાન સહન કરનારા લોકોને તાત્કાલિક સહાય માટે રૂ.૨.૭ કરોડની મંજૂરી આપી હોવાનું અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. ૪-૬ એપ્રિલ, ૬-૭ મે અને ૨૩-૨૫ દરમિયાન કમોસમી હવામાનની ઘટનાઓને પગલે સમગ્ર વિસ્તારમાં વ્યાપક નુકસાન થયું હતું.

'કુલ ૩૮ મકાન સંપૂર્ણપણે નાશ પામ્યા હતા, જ્યારે ૩,૮૫૨ ઘરોને આંશિક નુકસાન થયું હતું. આ ઉપરાંત ભારે પવન અને ભારે વરસાદને કારણે ૧૦ ઝૂંપડીઓ અને છ ગૌશાળાને નુકસાન પહોંચ્યું હતું' એમ જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું હતું. કમોસમી વરસાદ દરમિયાન પાલઘરમાં મકાનો, કૃષિ, ફળોની ખેતી, માછલીની પેદાશો અને પશુધનને થયેલા વ્યાપક નુકસાનને ધ્યાનમાં રાખીને જિલ્લાના વાલી પ્રધાન ગણેશ નાયકે તાજેતરની કેબિનેટની બેઠક દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો અને તાત્કાલિક રાહત પ્રયાસો માટે રૂ. ૨.૭૦ કરોડની મંજૂરી મેળવી હતી એવી રજૂઆત કરવામાં આવી છે. (પીટીઆઈ)■

# થાણેમાં બહુમાળી નિવાસી ઈમારતમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે જિલ્લાના મુંબ્રામાં રવિવારે ગ્રાઉન્ડ પ્લસ ૧૪ માળની બહુમાળીય ઈમારતની એ વિંગની ચોથાથી સાતમા માળના ઈલેક્ટ્રિક ડક્ટમાં રહેલા ઈલેક્ટ્રિક વાયરમાં આગ લાગી હતી. ફાયરબ્રિગેડે ઘટનાસ્થળે પહોંચીને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ મુંબ્રા બાયપાસ પાસે વાય જંકશન નજીક ગ્રાઉન્ડ પ્લસ ૧૪ માળની એસ.કે.રેસિડેન્સી આવેલી છે. રવિવારે વહેલી સવારે ૨.૫૪ વાગે બિલ્ડિંગની એ વિંગના ચોથાથી સાતમા માળ વચ્ચેના ઈલેક્ટ્રિક ડક્ટમાં રહેલા ઈલેક્ટ્રિક વાયરમાં આગ ફાટી નીકળી હતી. વહેલી સવાર હોવાથી બિલ્ડિંગના મોટાભાગના રહેવાસીઓ ભરઊંઘમાં હતા. આગની જાણ થતા જ ફાયરબ્રિગેડની ટીમ ફાયરએન્જિન સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. એ અગાઉ જો કે બિલ્ડિંગમાં ઉપર ફસાઈ ગયેલા રહેવાસીઓને બહાર કાઢ્યા હતા. લગભગ પોણા કલાકની જહેમત બાદ ૩.૪૨ વાગ્યાની આસપાસ આગને નિયંત્રણમાં લાવવામાં આવી હતી. ■

# થાણેમાં ભંગારના ગોડાઉનમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે જિલ્લાના શિલફાટા પાસે આવેલા પ્લાસ્ટિકના ગોડાઉનમાં રવિવારે વહેલી સવારે આગ ફાટી નીકળી હતી. લગભગ ત્રણ કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપેરશન મોડે સુધી ચાલ્યું હતું. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ થાણે જિલ્લામાં શિલફાટા પાસે ભંડાર્લી વિલેજમાં મહારાષ્ટ્ર વજન કાંટા પાસે આવેલા પ્લાસ્ટિકના ભંગારના ગોડાઉનમાં રવિવારે સવારના ૧૦.૩૦ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. થાણે ફાયરબ્રિગ્રેડના એક ફાયર એન્જિન સહિત નવી મુંબઈના છ ફાયર એન્જિન સાથે ફાયરબ્રિગેડના જવાનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને લગભગ દોઢ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે મોડે સુધી કુલિંગ ઓપેરશન ચાલ્યું હતું. ■

# બિલ્ડરને ઓછા વ્યાજ દરે બિઝનેસ લોન અપાવવાને બહાને ૨.૭ કરોડની ઠગાઇ

થાણે: થાણના બિલ્ડરને ઓછા વ્યાજ દરે બિઝનેસ લોન અપાવવાના બહાને ૨.૭ કરોડ રૂપિયાનો ચૂનો ચોપડવામાં આવ્યો હતો, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

અંબરનાથ વિસ્તારમાં રહેતો ૬૮ વર્ષનો બિલ્ડર પોતાના બે પુત્ર સાથે બાંધકામ વ્યવસાય ધરાવે છે. બિલ્ડરને પચીસ કરોડ રૂપિયાની જરૂર હતી અને બિલ્ડરના ઓળખીતાએ તેની મુલાકાત આરોપી સાથે કરાવી આપી હતી, જે નાશિકનો રહેવાસી છે.

શિવાજીનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીએ તેની કંપની થકી વાર્ષિક માત્ર સાત ટકા વ્યાજ દરે પચીસ કરોડ રૂપિયાની લોનની વ્યવસ્થા કરી આપવાનું વચન આપ્યું હતું અને ૪ ઑગસ્ટ, ૨૦૧૭ના રોજ બિલ્ડરની કંપની સાથે કરાર કરાયા હતા. કરાર અનુસાર બિલ્ડરે ૨.૫ કરોડ રૂપિયા પર ૧૦ ટકા સેવા શુલ્ક ચૂકવવાનું હતું.

ઑગસ્ટ, ૨૦૧૭ અને જાન્યુઆરી, ૨૦૧૯ દરમિયાન બિલ્ડરે આરોપીની કંપનીના બૅંક ખાતામાં ત્રણ હપ્તામાં ૨.૭ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં બિલ્ડરે શુક્રવારે શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# ટોલ કેમ માગ્યો? ટોલ કર્મચારીની મારઝૂડ કરી, ગાડી ચઢાવી દીધીને કેટલાય મીટર ઢસડ્યો

મુંબઈ: મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના બલ્લારપુરમાં વિસાપુર ટોલ પોસ્ટ પર એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં ટાટા એસ ગાડીના ચાલક પાસે ટોલ કર્મચારીએ ટોલ માગતા તેના ઉપર ગાડી ચઢાવી દીધી હતી. આ ઘટનામાં ટોલ કર્મચારી ગંભીર રીતે ઘાયલ થયો છે. ઘટનાનો વીડિયો સામે આવ્યો છે જે જોઈને તમે ચોંકી જશો.

મળતી માહિતી મુજબ, રાત્રે લગભગ ૧ વાગ્યે, બલ્લારપુરથી ચંદ્રપુર તરફ આવતી એક ટાટા એસ કાર ટોલથી બચવા માટે લાઇન ઓળંગી ગઈ. આ દરમિયાન, જ્યારે એક ટોલ કર્મચારીએ ડ્રાઇવરને રોકવા કહ્યું, ત્યારે તેણે કાર રોકી નહીં અને કર્મચારી પર ચઢાવી દીધી. કર્મચારી થોડા મીટર સુધી કારની સાથે ઢસડાવાના કારણે ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેને તાત્કાલિક શહેરની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. પીડિતની ઓળખ સંજય અરુણ વાંઢરે તરીકે થઈ છે. તેની ઉંમર ૨૭ વર્ષ હોવાનું કહેવાય છે વાંઢરે બલ્લારપુરના વિસાપુર ટોલ નાકા પર કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતો હતો. ઘટના બાદ બલ્લારપુર પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ■

# નવી મુંબઈમાં ઘરવિહોણા યુવકની માથે પથ્થર ઝીંકી હત્યા

થાણે: નવી મુંબઈમાં ઘરવિહોણા યુવકની મળસકે માથામાં પથ્થર ઝીંકી હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બાદ ટોળાએ આરોપીને પકડી પાડ્યા બાદ ઢોરમાર મારતાં તે ઘાયલ થયો હતો. તેને પોલીસે બચાવી લીધો હતો અને બાદમાં હોસ્પિટલમાં દાખલ કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર રવિવારે મળસકે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ પ્રકાશ નાગોરાવ લોખંડે તરીકે થઇ હતી. પ્રકાશ લોખંડે શનિવારે રાતે શાહબાઝ બેલાપુર બ્રિજ નીચે સૂતો હતો. પ્રાથમિક માહિતી અનુસાર પ્રકાશ લોખંડે અને આરોપી અભિષેકસિંહ ઉર્ફે અભિષેક પાલ વચ્ચે કોઇ બાબતે ઝઘડો થયો હતો. આથી તેણે રવિવારે મળસકે ૩.૪૫ વાગ્યે ફૂટપાથ પર સૂતેલા લોખંડેના માથામાં મોટો પથ્થર ઝીંકી દીધો હતો, જેમાં તેનું મૃત્યુ થયું હતું.■

# વિદેશથી ગિફ્ટ મોકલવાને બહાને મહિલા પાસેથી ૪૯.૫૯ લાખ રૂપિયા પડાવ્યા

થાણે: વિદેશથી ગિફ્ટ મોકલવાને બહાને કસ્ટમ્સ વિભાગના અધિકારીના સ્વાંગમાં નવી મુંબઈની ૪૬ વર્ષની મહિલા પાસેથી ૪૯.૫૯ લાખ પડાવવામાં આવ્યા હતા.

જૂન અને ઑગસ્ટ, ૨૦૨૪ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી, પણ નવી મુંબઈના ઐરોલી વિસ્તારમાં રહેતી મહિલાએ શુક્રવારે રબકાળે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઇન્સ્ટાગ્રામ સોશિયલ મીડિયા ઍપ પર શખસે ફરિયાદી મહિલાનો સંપર્ક સાધ્યો હતો અને પોતે યુનાઇટેડ કિંગડમનો હોવાનો દાવો કર્યો હતો. ફરિયાદી સાથે મિત્રતા કર્યા બાદ આરોપીએ તેને મોંઘી ગિફ્ટ મોકલવાનું વચન આપ્યું હતું. બાદમાં ફરિયાદીને એક મહિલાએ કૉલ કર્યો હતો અને પોતાની ઓળખ દિલ્હી એરપોર્ટથી કસ્ટમ્સ અધિકારી તરીકે આપી હતી. તેણે ફરિયાદીને જણાવ્યું હતું કે તેના નામનું પાર્સલ અહીં આવ્યું છે અને વિવિધ શુલ્કની ચુકવણી કરવાની હોવાથી તેને ક્લિયર કરી શકાશે નહીં. આથી ફરિયાદીએ આરોપીના કહ્યા મુજબ વિવિધ અવસરે અનેક બૅંક અકાઉન્ટ્સમાં ૪૯.૫૯ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. (પીટીઆઇ)■

Prahladrai Dalmia Lions College of Commerce & Economics
Estd. 1972
Sunder Nagar, Off. S. V .Road, Malad (West), Mumbai – 400 064.
Email: dalmialionscollege@gmail.com, website: dalmialionscollege.ac.in
Phone No: 022-35112985 / 35115316
(Government Aided & Affiliated to University of Mumbai & AICTE)

APPLICATIONS ARE INVITED FOR THE FOLLOWING POST IN JUNIOR COLLEGE FOR THE ACADEMIC YEAR 2025-2026

AIDED SECTION – PURELY ON CONTRACTUAL BASIS

| SR. NO | NAME OF THE SUBJECT | NO OF POSTS | FULL TIME/ CHB/ PART TIME |
|---|---|---|---|
| 1 | English | 01 | Full Time |
| 2 | Commerce | 01 | Full Time |
| 3 | Maths & Statistics | 01 | Full Time |
| 4 | Marathi | 01 | CHB |
| 5 | Health & Physical | 01 | Part Time |

UNAIDED SECTION – PURELY ON CONTRACTUAL BASIS

| SR. NO | NAME OF THE SUBJECT | NO OF POSTS | FULL TIME/ CHB/ PART TIME |
|---|---|---|---|
| 1 | English | 01 | CHB |
| 2 | Commerce | 01 | Full Time |
| 3 | Maths & Statistics | 01 | Full Time |
| 4 | Information Technology | 01 | Full Time |
| 5 | Economics | 01 | CHB |
| 6 | Hindi | 01 | CHB |
| 7 | French | 01 | CHB |

Application with full details of Educational Qualifications of Degree & Marksheets should reach to the Principal within 07 days from the date of publication of this advertisement either by Post, Hand delivery or on college email id dalmialionscollege@gmail.com
Produce all the original copies of Degrees & Marksheets during Interview.
Scan for details
Sd/- Principal



# વરલીમાં પત્નીની હત્યા કર્યા બાદ પતિની આત્મહત્યા

મુંબઈ: વરલી વિસ્તારમાં ગોળી મારીને પત્નીની હત્યા કર્યા બાદ પતિએ આત્મહત્યા કરી હોવાની ઘટના બનતાં રહેવાસીઓમાં ખળભળાટ મચી ગયો હતો. કૌટુંબિક વિવાદને લઇ આ હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હોઇ વરલી પોલીસે આ પ્રકરણે પતિ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. વરલીના સિદ્ધાર્થનગર વિસ્તારમાં આવેલી પંકજ મેન્શન બિલ્ડિંગમાં રામમનોહર નામપિલ્લે (૬૨) તેની પત્ની લતા (૫૮) અને પુત્રના પરિવાર સાથે રહેતો હતો. રામમનોહરે ઘણાં વર્ષ વિદેશમાં ઇલેક્ટ્રિશિયન તરીકે નોકરી કરી હતી અને બાદમાં તે મુંબઈ આવી ગયો હતો. ડિસેમ્બર, ૨૦૨૩માં તેના પુત્રનાં લગ્ન થયાં હતાં. દરમિયાન રામમનોહરનો તેના પુત્ર સાથે જ્યારે પણ ઝઘડા થતા હતા ત્યારે પત્ની લતા હંમેશાં પુત્રની બાજુ લેતી હતી. આને કારણે રામમનોહરના મનમાં ગુસ્સો હતો, એમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

શનિવારે રાતે રામમનોહરનો ભાણેજ ઘરે આવ્યો હતો અને તે ત્યાં જ રોકાઇ ગયો હતો. રામમનોહર અને તેની પત્ની એક બેડરૂમમાં, જ્યારે તેનો પુત્ર પરિવાર સાથે બીજી રૂમમાં સૂતા હતા. રવિવારે વહેલી સવારે રામમનોહર જાગી ગયો હતો અને તેણે રિવોલ્વરમાંથી પત્ની લતાના માથામાં ગોળી મારી હતી. બાદમાં તે બેડરૂમમાંથી બહાર આવ્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં વરલી પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. બંને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલાયા બાદ વરલી પોલીસે રામમનોહર વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. ■

## ઘોલવડમાં શિવસેનાના નેતાની અપહરણ-હત્યા
# ફરાર ભાઈની સિલ્વાસાથી ધરપકડ

મુંબઈ: પાલઘર જિલ્લાના ઘોલવડમાં જમીનના વિવાદમાં શિવસેનાના નેતાની અપહરણ બાદ હત્યા કરીને મૃતદેહ ઉમરગામમાં ફેંકી ફરાર થયેલા મોટા ભાઇની પાંચ મહિના બાદ સિલ્વાસાથી ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અવિનાશ રમણ ધોડી (૬૦) તરીકે થઇ હતી. આ કેસમાં અગાઉ પોલીસે પાંચ આરોપીને પકડી પાડ્યા હતા.

આ પ્રકરણે ઘોલવડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો અને ગુનામાં સંડોવાયેલા પાંચ જણની ધરપકડ કરાઇ હતી, જ્યારે મુખ્ય આરોપી અવિનાશ તથા તેના ત્રણ સાથીદાર ફરાર હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ફરાર આરોપીઓની શોધ માટે પોલીસની વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી. આ ટીમે ઘોલવડ, ઉમરગામ, વાપી, દમણ, સિલ્વાસા, ઇન્દોર, રાજસ્થાન વિગેરે જઇને આરોપીની શોધ આદરી હતી. ■

## પારસી મરણ

હોમાય જહાંગીર મોન્ડેગરી ઇરાની તે મરહુમ જહાંગીર મોન્ડેગરીના વિધવા. તે મરહુમો શીરીન તથા જહાંગીરના દીકરી. તે ફીરોઝ તથા મરહુમ સાયરસના મમ્મી. તે શીરાઝ તથા અનાહીતાના સાસુ. તે શનાયા ને નતાશા ના મમયજી. (ઉં. વ. ૯૪) રે. ઠે. રૂમ.નં. ૧૭, ૩જે માળે, ન્યુ કોન્ટ્રેક્ટર બિલ્ડિંગ, વિક્ટોરિયા ગાર્ડન રોડ, ભાયખલા રેલવે હોસ્પિટલ, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાની ક્રિયા : તા. ૯-૬-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની હોડીવાલા બંગલીમાં.

નોશીર કેખશરૂ હરડા તે ડોલી નોશીર હરડાના ખાવીંદ. તે મરહુમો બાનુ તથા કેખશરૂના દીકરા. તે ડેલના બોમસી તવરીયા ને ઝીનોબીયા કૈઝાદ હોઝદારના પપ્પા. તે બોમસી પી. તવરીયા ને એરવદ કૈઝાદ એ. હોઝદારના સસરા. તે મીનુ તથા મરહુમો રૂસી, દારાના ભાઇ. તે હવોવી ને મીથરાના મમાવા. તે મરહુમો ગોવેર તથા બેહરામ ઇરાનીના જમાઇ. (ઉં. વ. ૭૬) રે. ઠે. રૂમ. નં.૩૧, મેરવાનજી કામા પાર્ક, બિલ્ડિંગ નં-૨, કામા રોડ, મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૦-૬-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ભાભા બંગલી નં-૨માં.

એરવદ ટેમટન એરચશા શહીયાર તે મરહુમો ધનમાય તથા એરચશા શહીયારના દીકરા. તે મરહુમો બરજોર ને રોહીન્ટન ઇ. શહીયારના ભાઇ. તે વિરા બરજોર શહીયારના દેર. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૬૨૬, એડનવાલા બિલ્ડિંગ, હોમાવઝીર રોડ, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૬-૨૫ને બપોરે ૩.૪૦ વાગે દાદર મધે રૂસ્તમ ફરામ અગિયારીમાં.

મેહરૂ બેહરામ કાસદ તે મરહુમ બેહરામ હોરમસજી કાસદના વિધવા. તે મરહુમો બાનુબાઇ તથા જીજીભોય દારબશાહ શ્રોફના દીકરી. તે તનાઝ, આશીશ ને આઝમીનના મમ્મી. તે અદી નોશીરવાન મહેતા તથા તે મરહુમો ફેની મીનુ દારૂવાલા ને રોશની બરજોર પાવરીના બહેન. તે મરહુમો નવાજબાઇ તથા હોરમસજી અરદેશર કાસદના વહુ. (ઉં. વ. ૮૫) રે. ઠે. નવરોઝ વિલા, ૨જે માળે, ૧૮૮ લિમિંગ્ટન રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૬-૨૫ને બપોરે ૩.૪૦ વાગે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં-૬માં.

## જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

સાવરકુંડલાવાળા - હાલ બોરીવલી સ્વ. વીણાબેન જયંતીલાલ નારણદાસ સંઘવીનાં સુપુત્ર અતુલભાઈ સંઘવી. (ઉં. વ. ૬૬), તા. ૫/૬/૨૫ના અરીહંતશરણ પામેલ છે. તેઓ દિપ્તીબેનના પતિ. યશેષ તથા પૂજા વિનયકુમારના પિતાશ્રી. રાજેશભાઈ તથા નયનાબેન હર્ષદભાઈ, ભારતીબેન રાજુભાઈ, સ્વ. મીનાબેન નકુલભાઈ, પલ્લવીના ભાઈ. તે સસુરપક્ષે મહુવાવાળા સ્વ. હરકિસનદાસ ચંદુલાલ શાહના જમાઈ. લૌકિક વ્યહવાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાયજાના રોહીત વસંતલાલ છેડા (ઉ.વ. ૫૫) તા. ૬-૬-૨૫ના મૃત્યુ પામેલ છે. ભાનુબેન વસંતલાલના પુત્ર. સોનલના પતિ. કરણના પિતા. અંજુ, પ્રીતીના ભાઇ. ભુજપુર ભારતી લક્ષ્મીચંદના જમાઇ. ચક્ષુદાન કરેલ છે. પ્રા. ચીંચપોકલી મહાજનવાડી, ડો. આંબેડકર રોડ, મું. ૧૨. ટા. ૪ થી ૫.૩૦.

બેરાજાના પ્રભાબેન (નિર્મળા) ઠાકરશી (બાબુભાઇ) ગંગર (ઉ.વ. ૮૨) તા. ૭-૬-૨૫ના ટુંકી માંદગીથી અવસાન પામ્યા છે. રતનબેન હીરજી વજપારના પુત્રવધુ. ઠાકરશીના પત્ની. રાજેન્દ્ર, જયશ્રી, ચેતના, લલીતના માતા. લાડબાઇ રામજી કાનજીના પુત્રી. દેવચંદ, પાનબાઇ, ભાનુમતી, વેલબાઇ, ભાગ્યવંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાજેન્દ્ર ગંગર, બી-૪૦૧, પદમાવતી રેસીડેન્સી, શ્રધ્ધાનંદ રોડ, પાર્લા (ઇ.), મું. ૫૭.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ પેથાપર હાલે લાકડીયાના સ્વ. શાંતીબેન કરશન મુરજી છેડા (ઉં.વ.૮૬) મુંબઈ મધે અવસાન પામેલ છે. માતુશ્રી ગોમાબેન મુરજી અરજણના પુત્રવધુ, સ્વ. કરશન મુરજીના ધર્મપત્ની. નવીન, કાંતીલાલ, અરવિંદ, જવેર, વિમળા, ભાનુના માતુશ્રી. ભચુભાઈ, પૂંજાલાલ,દામજી, જવેર, કસ્તુર, લતાના સાસુમાં. નિસર્ગ, હિત, પ્રેમ, સેજલ, ધ્વની, હિતાંશીના દાદી. ઘાણીથરના પરમાબેન નાનજી ગડાની પુત્રી. પ્રાર્થનાસભા તા.૦૯.૦૬.૨૦૨૫ સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ. યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં,દાદર-ઈસ્ટ.

**વિશા-શ્રીમાળી ૧૦૮ ગોળ જૈન**

મંડળ ધોળાસણ વતની હાલ મુંબઇ રાજેન્દ્રભાઈ મંગળદાસ શાહ, (ઉ.વ. ૬૭ ) તે કાન્તાબેન મંગળદાસ ચુનીલાલ શાહના પુત્ર,જ્યોતીબેનના પતિ. ઉર્વિ, ક્રીશાના પિતા. માનસના સસરા , સુરેખાબેન, વર્ષાબેન, જયશ્રીબેન, લતાબેન અને કમલેશભાઈના ભાઈ. પાટણ નિવાસી ચંદ્રકાન્ત અમરતલાલ શાહના જમાઈનું શનિવાર તા : ૭ જૂન, ૨૫ના અરિહંત શરણ થયું છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિસા શ્રીમાળી જૈન**

ફોફલીયા વાડો, પોળની શેરી ઉર્મીલાબેન મહેંદ્રભાઈ શાહ (ઉં.વ.૯૦) તે સ્વ મહેન્દ્રભાઈ કાંતિલાલ શાહના ધર્મપત્ની. ચેતના વોરા, રાજેશ શાહના માતા, શૈલી અચિંત જૈનના દાદી. જીજ્ઞાબેન અને અમીતકુમારના સાસુ, શનિવાર તા. ૦૭/૦૬/૨૫ ના અરિહંત શરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત વિશા પોરવાડ જૈન**

મુંબઇ ઘાટકોપર નિવાસી કંચનબેન કાંતિલાલના પુત્ર દેવેન્દ્રભાઇ (ઉં. વ. ૮૫) તે સરોજબેનના પતિ. જતીન, સીમા, પ્રીતિ-પંકજ, અવની-મિતેશના પિતા-સસરા. ૠષિત-ધરા, સમીત-શોનાલી, કશ્વિના દાદા. તરુણભાઇ, સ્વ. કિરીટભાઇ, જવાહરભાઇ, સ્વ. કૈલાસબેન, સ્વ. કોકિલાબહેન, સુરેખાબેન, હર્ષાબેનના ભાઇ. મંગલદાસ શિવલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા : સોમવાર ૯ જૂન ૨૦૨૫. ઠે. કકૂન બેન્કવેટ હોલ, એલ.બી.એસ. માર્ગ, આર.સીટી મોલની સામે, ઘાટકોપર (વેસ્ટ), સાંજે ૪થી ૬.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વાંકાનેર હાલ મુંબઇ ચેન્નાઇ દિવ્યેશ હિમંતલાલ શેઠ (ઉં. વ. ૬૪) તે સ્વ. લલિતાબેન અને સ્વ. હિંમતલાલ શેઠના સુપુત્ર. તે શીલાના પતિ. તે ઇશા મલ્હોત્રા, પલૌમી અને મિહિરના પિતાશ્રી. તે અવિનાશ મલ્હોત્રાના સસરા. તે ચંદ્રિકા, સ્વ. કવિતા, નિરૂપમા, જયોત્સના, સુરેખા, જયશ્રી, સ્વ. પૂર્ણિમા, બીના, સ્વ. નયના, ઇલાના ભાઇ. તે સ્વ. નટવરલાલ કેશવલાલ બાખડાના જમાઇ. તા. ૭-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૯-૬-૨૫ સોમવાર સાંજે ૫થી ૭. ઠે. હિરાવતી બેન્કવેટ હોલ, હિન્દુ સ્ત્રી મંડળ, ટાગોર રોડ, પોદાર સ્કૂલ પાસે, સાંતાક્રુઝ (વેસ્ટ).

**ઘોઘારી વિશા ઓશવાલ જૈન**

સિહોર નિવાસી હાલ કાંદિવલી સ્વ. નાગરદાસ જગજીવનદાસ શાહના સુપુત્ર કિર્તીભાઇના ધર્મપત્ની અલકાબેન (ઉં. વ. ૬૧) શનિવાર તા. ૭-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સિદ્ધાર્થના માતુશ્રી. તથા પૂજાના સાસુ. હિવાનના દાદીમા. પિયર પક્ષે ભાવનગરના નિવાસી સ્વ. જયંતીલાલ જગજીવન કપાસીના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. કિર્તીભાઇ એન. શાહ, બી-૧૦૧, શ્રી ગોહિલ મેન્શન, ઇરાની વાડી નં-૨, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા ઓસવાલ જૈન**

અમરેલી નિવાસી સ્વ. હિંમતલાલ મોહનલાલ શાહના પુત્ર અતુલભાઇ (ઉં. વ. ૬૦) રવિવાર, તા. ૮-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મિહિરના પિતા. વૈશાલીબેનના પતિ. સ્વ. જયેશભાઇ અને સ્વ. ધીમંતભાઇના લઘુબંધુ. કલ્પનાબહેન અને લીનાબેનના દિયર. મૌલિક, અંજલી નિશિતકુમાર, ધૃમિન, નિકિતા વિરલકુમારના કાકા. બેસરણ સોમવાર, તા. ૯-૬-૨૫ના તેમના નિવાસસ્થાને બપોરે ૪થી ૬. ઠે. શિવલીલા એપાર્ટમેન્ટ, ચંદન પ્લાયવુડ સામે, માણેકપરા, અમરેલી-૩૬૫૬૦૧. લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

વીરમદળ, હાલ કોલ્હાપુર સ્વ. દામોદરદાસ થોભણદાસ સામાણીના પૌત્ર રાકેશ (ઉં. વ. ૫૯) તે સ્વ. હંસાબેન અને હરીભાઇના પુત્ર. તેજલના પતિ. સુરેશભાઇ ગોકલદાસ પારપાણીના જમાઇ. વિધી, હેતવીના પિતા. ધનેશ, અજીત, પિયુષનાભાઇ. રવિવાર, તા. ૮-૬-૨૫ના કોલ્હાપુર મધ્યે શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા : ગીતા મંદિર, કાવળા નાકા, કોલ્હાપુર મધ્યે સોમવાર તા. ૯-૬-૨૫ના સાંજે ૫થી ૬.

**બાબરીયાવાડ સઇ સુતાર જ્ઞાતિ**

જીકાદ્રી નિવાસી હાલ દહિસર સ્વ. મેઘજીભાઈ વાલજીભાઇ વાઘેલાના ધર્મપત્ની કાશીબેન વાઘેલા (ઉં. વ.૮૬) તા. ૬/૬/૨૫ ના રોજ રામશરણ પામેલ છે. તે નરેશ, પ્રવીણ, ચંદ્રકાંત, રમીલાબેન કિશોરભાઈ હિંગુ, લતાબેન નીતિનભાઈ ગોહિલના માતુશ્રી. વાસંતીબેન, રંજનબેન તથા નીતાબેનના સાસુ. સેજલબેન તથા કૃપાબેનના વડસાસુ. જતીન, જનવ, તેજસ મૃણાલી હિરેની પ્રકૃતિ માનસી તેમ જ પૂજા પાર્થ હેતના બા. પ્રાર્થનાસભા ૯/૬/૨૫ના ૪ થી ૬ કલાકે દેસાઈ સઇ સુતાર વાડી, અશોક ચક્રવતી રોડ, સ્વયંભુ ગણપતિ મંદિર સામે, કાંદિવલી ઈસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ગામ નાના દહિસરા ( ટંકારા-મોરબી) હાલ મુંબઈ કાંદિવલી સ્વ. કાંતાબેન વિઠ્ઠલદાસ બાટવિયાના દિકરી. અ. સૌ. દક્ષાબેન કક્કડ (ઉ. વ .૬૨), તા. ૦૬/૦૬/૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કમળાબેન રણછોડદાસ કક્કડના પુત્રવધુ, તે ભરતકુમારના ધર્મપત્ની. તે સ્નેહલ (ગોપી), ભાવના હિતેનકુમાર અમલાણી, રોનકના માતુશ્રી. તે હંસાબેન અમૃતલાલ મશરૂ, અક્ષયભાઈના ભાભી. તે સ્વ. રસિકભાઈ, સ્વ. રમિલાબેનના બહેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવારે તા. ૯/૦૬/૨૫, સમય સાંજે ૫ થી ૭, સ્થળ: હાલાઇ લોહાણા, બાળાશ્રમ હોલ, અતુલ ટાવર ની બાજુમાં, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી (વેસ્ટ), ( લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**શ્રીમાળી બ્રાહ્મણ**

ગં.સ્વ.હર્ષદાબેન હુલ્લાશરાય દવે, તે સ્વ.શ્રી હુલ્લાશરાય ભાઈલાલભાઈ દવેના ધર્મ પત્ની તથા યોગેશ, ધર્મેશ અને હેમાંગિનીના માતૃશ્રી તથા ચારુલતા અને વંદેશ અવાશિયાના સાસુશ્રી, તા. ૭.૬.૨૫ ના, કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થના સભા સોમ. તા. ૯.૬.૨૫ ના સાંજે ૫ થી ૬:૩૦. નિવાસ્થાન : દવે બાગ, પાર્લેશ્વર રોડ, વિલે પાર્લે પૂ., મુંબઈ ૫૭.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ. રમાબેન તે સ્વ.જમનાદાસ લક્ષ્મીદાસ સચદેવનાં ધર્મપત્ની ગુરગઢ વાળા હાલ મુંબઈ (ઉં.વ.૯૪) તા.૬.૬.૨૫નાં શ્રીજીચરણ પામ્યા છે.તે સ્વ.કેશવજી હરિદાસ મોદીનાં દીકરી તે સ્વ. હસમુખભાઈ, સ્વ. દિનેશભાઈ, વિક્રમભાઈ, અ.સૌ. હેમલતાબેન ભદ્રેશભાઈ સોમૈયા તથા અ.સૌ. ચંદ્રિકાબેન પ્રવીણકુમાર પાબારીનાં માતુશ્રી તે ગં.સ્વ. દક્ષાબેન, ગં. સ્વ. દિપ્તીબેન તથા સ્વ. વિભાબેનનાં સાસુ. તે મિહિર, ચી. ધવલ, ચી. સલોની મિહિર દેવાણીનાં દાદીમા. પ્રીતનાં મોટા નાનીમા પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે

**નવગામ ભાટીયા**

રેખાબેન રમણીકલાલ આશર (ઉં.વ.૮૦) નાગપુર નિવાસી તે અધિવકતા શિલ્પાબેન રમણીકલાલ આશર ના માતુશ્રી સ્વ. જમનાબેન ગોપાલદાસ ઉદ્દેશીના દીકરી. સ્વ હરિદાસ, સ્વ. હંસરાજ ઉદ્દેશી સ્વ. વસંતબેન નેગાંધી, સ્વ. મધીબેન નેગાંધી, સ્વ. માલતીબેન આશર અને લતાબેન કૃષ્ણકુમાર આશરના બેન બિમલ તથા તૃપ્તિ ઉદ્દેશીના ફઇ શુક્રવાર તા ૬/૬/૨૫ ના રોજ નાગપુર મુકામે શ્રીજીચરણ પામેલ છે. ઉઠમણું તા. ૯/૬/૨૫ સાંજે ૫:૩૦ વાગે નાગપુર મુકામે રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

કોકિલાબેન મોદી (દેવ) (ઉં. વ. ૯૨) તે રસિકલાલ સાકરલાલ મોદી (દેવ)ના ધર્મ પત્ની તે ચંદનબેન ગોકળદાસગાંધીના સુપુત્રી તે વિનીતભાઈ, ઉર્વીશભાઈ, સ્વાતિ તથા સ્મૃતિના માતુશ્રી. તેમજ હેમાબેન શિલ્પાબેન શરદ કુમાર તેમજ નિમિષ કુમારના સાસુનું તા.૭-૬-૨૦૨૫ ના રોજ દુઃખદ અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા.૯-૬-૨૦૨૫ ના રોજ સાંજના ૫-૩૦ થી ૭. ઠે. ભારતીય વિદ્યાભવન ચોપાટી. બેસણા બાદ બારમા તેરમાની તથા લૌકિક પ્રથાઓ બંધ છે.

**હાલાઇ લોહાણા**

વિનાયક ગીરધરભાઇ રાયઠઠા, (ઉં. વ. ૨૮) મૂળ ગામ મોટી વેરાવળ હાલ ભાયંદર મુંબઈ તે સ્વ. અમૃતબેન અમરશી ભાઇ રાયઠઠાના પૌત્ર, શ્રીમતી ગીતાબેન ગીરધર ભાઇ રાયઠઠાના પુત્ર તેમજ દીપકભાઈ કિશોરભાઇ અને કાન્તાબેનના ભત્રીજા, સોનાલી હર્ષલ છેડાના ભાઇ, જુનાગઢના શ્રીમંતી હંસાબેન ધીરજલાલ કટારીયાના દોહિત્ર તારીખ ૭/૬/૨૫ શનિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે, તેની પ્રાર્થના સભા તથા લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**ખંભાત દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

યશોદા નટવરલાલ કાંટાવાળાના પૌત્ર જીગર મધુસુદન કાંટાવાળા તા. ૮-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. માતા-પિતાઃ ગીતા મધુસુદન. પત્નીઃ માનસી. પુત્ર : બહેન બનેવીઃ યોગિતા કૌશિક પંડયા. સાસુ સસરાઃ પ્રતિમા અશોક ઠક્કર, પ્રાર્થનાસભા : મંગળવાર, તા. ૧૦-૬-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. નપુ હોલ, ચંદાવરકર રોડ, માટુંગા, મુંબઇ-૧૯. લૌકિક વ્યવહાર બંધ છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### જનતાનું ધ્યાન

ફડણવીસ હતા. ફડણવીસે આપેલો વળતો જવાબ હાસ્યાસ્પદ છે અને જનતાનું ધ્યાન વિચલિત કરવાનો પ્રયાસ છે. ફડણવીસ અને ભાજપ યુતિને મતની હેરાફેરી અને સત્તાનો સીધો ફાયદો થયો છે. ફડણવીસે ન્યાયના પ્રતીક તરીકે પેશ આવવાનું બંધ કરવું જોઈએ. તેમનું શાસન ભ્રષ્ટ પોલીસ વડા જેવું છે. તેમના પ્રતિભાવ નબળા અને ઉપરછલ્લા હોય છે અને એમાંથી સમસ્યાનો ઉકેલ નથી મળતો.'' સપકાળે એમ પણ કહ્યું હતું કે ''ફડણવીસે (કૉંગ્રેસના શાસન દરમિયાન) ચૂંટણી કમિશનરોની નિમણૂકોનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ તેઓ ઈરાદાપૂર્વક વિસરી ગયા છે કે ચૂંટણી પંચના કમિશનર ટી.એન. શેષનની નિમણૂક કૉંગ્રેસના સમયમાં કરવામાં આવી હતી.

### ઠાકરે બંધુઓને

વાતચીત સિવાય રાજ અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે ઘણા વર્ષોથી કોઈ સીધો સંપર્ક નથી. તેમની વચ્ચેના અંતરે મહારાષ્ટ્રના રાજકીય શતરંજ પર ઘણા સમીકરણો બદલી નાખ્યા છે અને હવે તેમના એક સાથે આવવાની અટકળો ચાલી રહી છે. શિવસેનામાં ઉત્તરાધિકાર અને સર્વોપરિતા માટેનો સંઘર્ષ મુખ્યત્વે બંને ભાઈઓ વચ્ચેના મતભેદનું કારણ બન્યા હતા. શરૂઆતમાં રાજ ઠાકરેને શિવસેનામાં બાળ ઠાકરેના સંભવિત ઉત્તરાધિકારી તરીકે જોવામાં આવતા હતા, કારણ કે તેઓ વક્તૃત્વ કૌશલ્યમાં અને દેખાવમાં પણ તેમના કાકા જેવા જ છે. જોકે, ૨૦૦૩ માં, બાળ ઠાકરેએ તેમના પુત્ર ઉદ્ધવ ઠાકરેને શિવસેનાના કાર્યકારી પ્રમુખ તરીકે જાહેર કર્યા હતા.

### સુપ્રિયા સુળેએ

અપેક્ષા રાખવામાં આવે છે કે આગામી થોડા દિવસોમાં મનસે અને શિવસેના યુબીટીના વિલીનીકરણ અથવા જોડાણની જાહેરાત થઈ શકે છે.

ઉદ્ધવ ઠાકરેના નિવેદન પહેલાં, રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેએ એક મોટું નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે મીડિયામાં ગઠબંધનની ચર્ચા થતી નથી. જો ગઠબંધન કરવું હોય તો પિતા (રાજ ઠાકરે) અને કાકા (ઉદ્ધવ ઠાકરે) એ વાત કરવી પડશે. બંને પાસે એકબીજાના નંબર છે.

### રાહુલ ગાંધી જનાદેશનો

સામે આંગળી ચીંધનારા રાહુલ ગાંધી વિશે ફડણવીસે કહ્યું હતું કે યુવા મતદારોની સંખ્યા સતત વધી રહી છે. ૨૦૧૪થી ૨૦૧૯ દરમિયાન ૬૩ લાખ નવા મતદાર ઉમેરવામાં આવ્યા હતા. ૨૦૦૯ થી વર્ષ ૨૦૧૪માં ૭૫ લાખ નવા મતદારોનો ઉમેરો થયો હતો. અને ૨૦૦૪થી ૨૦૦૯ સુધીમાં ૧ કરોડ નવા મતદારો ઉમેરાયા હતા. આનો અર્થ એ છે કે ૨૦૨૪ માં કંઈપણ અસાધારણ નહોતું બન્યું.

''મતદાનની ટકાવારી એકાએક વધી ગઈ હોવાનો દાવો એક મજાક છે. શું રાહુલ ગાંધી એ વાતથી અજાણ છે કે સાંજે ૫ થી ૬ વાગ્યા સુધીનો સમય પણ મતદાનનો સમય છે, અને સાંજે ૬ વાગ્યા સુધીમાં બૂથ પર કતારમાં હાજર દરેકને પોતાનો મત આપવાની મંજૂરી છે?'' ફડણવીસે સવાલ કર્યો હતો.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીના બીજા તબક્કામાં સાંજે ૫ વાગ્યે આપવામાં આવેલા મતદાનનો આંકડો ૬૦.૯૬ ટકા હતો, જે બીજા દિવસે ૬૬.૭૧ ટકા હતો. આ વધારો ૫.૭૫ ટકા હતો. ''પણ તમે એ હકીકત છુપાવશો, કારણ કે તમે એ ચૂંટણી જીત્યા હતા?'' ફડણવીસે સવાલ કર્યો હતો.

અગાઉ મતદાનના અંતિમ આંકડા મોડી રાત્રે આવતા હતા. હવે, સાંજે ૫ વાગ્યે આંકડો જાહેર કરવામાં આવે છે અને અંતિમ આંકડો બીજા દિવસે આવે છે એમ તેમણે જણાવ્યું હતું.

રાહુલ ગાંધીએ કામઠી (મહારાષ્ટ્રની વિધાનસભા બેઠક)નું ઉદાહરણ આપ્યું હતું. પરંતુ તેમણે ન આપેલા ઉદાહરણો હું આપીશ. માધામાં ૧૮ ટકાનો વધારો થયો હતો, જ્યાં શરદ પવાર જૂથના ઉમેદવાર જીત્યા હતા. વણીમાં ૧૩ ટકાનો વધારો થયો હતો અને ઉદ્ધવ ઠાકરે જૂથના ઉમેદવાર જીત્યા હતા. શ્રીરામપુરમાં ૧૨ ટકાનો વધારો થયો છે, જ્યાં કોંગ્રેસનો વિજય થયો છે, ફડણવીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

### પીઓપી મૂર્તિને મુદ્દે

મૂર્તિકારોને મૂર્તિ બનાવવામાં માટે સમય બહુ ઓછો મળવાનો હોવાથી આજની સુનાવણી દરમ્યાન કોર્ટ નિર્ણય લેશે? પછી સુનાવણી મોકૂફ રાખે છે તેના પર મૂર્તિકારો સહિત તમામ સાર્વજનિક ગણેશોત્સવ મંડળની નજર છે. મંડળોને પણ પીઓપીની મૂર્તિને બદલે ઊંચાઈથી લઈને અનેક બાબતોને ધ્યાનમાં રાખીને શાડુની મૂર્તિનો વિકલ્પ પસંદ કરવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડવાનો છે, તેથી તેમની ચિંતા પણ વધી ગઈ છે. તો મૂર્તિકારોને પણ ચુકાદો સોમવારે આવવાને બદલે જો લંબાઈ જાય તો શું કરવું તેની ચિંતા સતાવી રહી છે અને જો કોર્ટ પીઓપીને શરતોની સાથે મંજૂરી આપે છે તો પણ ઓછા સમયમાં બનાવવાનું તેમની માટે પડકારજનક સાબિત થવાનું છે.

પીઓપીની મૂર્તિને કારણે પર્યાવરણને નુકસાન થાય છે અને દરિયામાં તેનું વિસર્જન કરવાથી દરિયાઈ સૃષ્ટિને નુકસાન થતું હોવાથી લાંબા સમય અગાઉ જ પીઓપીની મૂર્તિ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. જોકે રાજ્ય સરકાર દ્વારા પોતાના અધિકારનો ઉપયોગ કરીને પીઓપીની મૂર્તિની જ અત્યાર સુધી ગણેશોત્સવમાં સ્થાપના થતી હતી પણ મહારાષ્ટ્ર પોલ્યુશન બોર્ડ સહિત મુંબઈ મહાનગરપાલિકાએ ગયા વર્ષે પીઓપીની મૂર્તિ કોઈ પણ હિસાબે ૨૦૨૫ની સાલમાં ચલાવી લેવામાં આવશે નહીં એવી ચેતવણી આપી દીધી હતી. આ દરમ્યાન બોમ્બે હાઈ કોર્ટમાં પીઓપીની મૂર્તિ પર ચાલી રહેલી પિટિશન પણ સોમવારની સુનાવણી દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો તો તેનો અભ્યાસ કર્યા બાદ જ કોર્ટ નિર્ણય આપશે એવી શક્યતા છે અને ચુકાદા માટે ફરી તારીખ લંબાઈ જવાની શક્યતા છે.

બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નરેશ દહિંબાવકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે પીઓપીની મૂર્તિ બાબતે એક કમિટી બનાવવામાં આવી હતી. આ કમિટીએ તમામ પાસાનો અભ્યાસ કરીને તેનો રિપોર્ટ કેન્દ્ર સરકારને સોંપવાનો હતો, જે તેમણે સબમિટ કરી દીધો હતો. બાદમાં કેન્દ્ર સરકાર દ્વારા આ રિપોર્ટ હાઈ કોર્ટમાં સબમિટ કરવાનો હતો પણ કોર્ટમાં વેકેશન ચાલી રહ્યું હતું તેથી કમિટી દ્વારા રિપોર્ટ સબમિટ કરવામાં આવ્યો ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે સોમવારે નવ જૂનના કમિટી પોતાનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરે છે તો સોમવારે જ કોર્ટનો ચુકાદો આવે એવી શક્યતા બહુ ઓછી જણાઈ રહી છે. કોર્ટ આ રિપોર્ટનો અભ્યાસ કર્યા બાદ જ કોઈ ચોક્કસ નિર્ણય લેશે એવું અમારું માનવું છે.

રિપોર્ટ બાબતે વધુ બોલતા દહિંબાવકરે જણાવ્યું હતું કે જો કમિટીએ અભ્યાસ બાદ રિપોર્ટમાં કોઈ અમેન્ટમેન્ડ (ફેરફાર) કર્યા હોય અને પીઓપીની મૂર્તિ બનાવવા માટે શરતોને આધારે મંજૂરી આપી શકાય એવા મુદ્દા રજૂ કર્યા હોય અથવા પીઓપીને બદલે બીજી કોઈ વ્યવસ્થાને બાબતે તેણે માહિતી આપી હોય તો પણ કોર્ટ તેનો અભ્યાસ કર્યા બાદ જ ચુકાદો આપશે એવું અમારું માનવું છે. એટલે જ્યાં સુધી કોર્ટ કોઈ નિર્ણય લેતી નથી ત્યાં સુધી મૂર્તિકારો અને ગણેશમંડળો અવઢવમાં જ રહેવાના છે. આ દરમ્યાન કોર્ટ જો પીઓપીની તરફેણમાં ચુકાદો નથી આપતી તો નાછૂટકે શાડુ માટીની મૂર્તિ જ વાપરવી પડશે એવા સંજોગોને ધ્યાનમાં રાખીને અનેક ગણેશમંડળોએ શાડુ માટી બનાવતા મૂર્તિકારો સાથે વાતચીત કરી રાખી છે.

કોર્ટના ચુકાદો કમિટીના રિપોર્ટને આધારે હોઈ શકે છે પણ આ વર્ષે ગણેશોત્સવ જલદી હોવાથી ૪૦ ટકાથી વધુ મૂર્તિકારોએ શાડુ માટીની મૂર્તિ બનાવવાનું શરૂ કરી દીધું છે. જોકે પીઓપીની મોટી મૂર્તિ બનાવનારા મૂર્તિકારો હજી પણ કામ ચાલુ કર્યું નથી. તેઓ કોર્ટના ચુકાદાની રાહ જોઈ રહ્યા છે.

### કોંગ્રેસ અને એનસીપી

જોવા મળી રહ્યું છે. ઘણા લોકો માને છે કે ઉદ્ધવ અને રાજ ઠાકરેનું જોડાણ શિવસેનાને ફરીથી ઉચ્ચ દરજ્જો આપી શકે છે. એવી આશા છે કે તે મુંબઈના રાજકારણમાં શિવસેનાનું કેન્દ્રીય સ્થાન પાછું મેળવી શકે છે.

પશ્ચિમના ઉપનગરોમાં ગોરેગાંવ અને દક્ષિણ મુંબઈમાં ગિરગાંવ જેવી મુંબઈમાં ઘણી જગ્યાએ, બંને ઠાકરે બંધુઓના સમર્થકોએ મરાઠી લોકોના કલ્યાણ માટે બંને ઠાકરે ભાઈઓને ફરીથી એક સાથે આવવા અપીલ કરતા બેનરો લગાવ્યા છે. જોકે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે ઉદ્ધવ અને રાજ ઠાકરે ગઠબંધન બનાવશે કે નહીં, તે એકનાથ શિંદેની શિવસેનાને નુકસાન પહોંચાડી શકે છે. કારણ કે બંને ભાઈઓનું ભાવનાત્મક મિલન ભાજપ અને શિંદેની આગેવાની હેઠળના જૂથને શિવસેનાના વિભાજન પર ગુસ્સોનો સામનો કરવો પડી શકે છે. શિંદેના જૂથને સત્તાવાર સમર્થન હોવા છતાં, મતદારોની નજરમાં, આ જૂથનું અસ્તિત્વ હજુ પણ વિવાદમાં છે.

### રાજ-ઉદ્ધવ સાથે

પાસે નગરસેવકપદ નથી, પણ રાજ ઠાકરેનો આ એકમાત્ર નગરસેવક પણ શિંદેની સેનામાં પ્રવેશ કરવા જઈ રહ્યો છે. ૨૦૧૭માં કુર્લા વોર્ડ નંબર ૧૬૬માં સંજય તુરડે મનસે તરફથી લડ્યો હતો અને જીત્યો હતો. હવે તે આવનારા દિવસોમાં શિંદેની સેનામાં જોડાશે. મનસેના નગરસેવક તરીકે કામકાજ કરી શકતો ન હોવાનું અને ફંડ ન મળતું હોવાનું પણ તેણે જણાવ્યું હોવાનું અહેવાલો કહે છે.

વર્ષ ૨૦૧૨માં રાજ ઠાકરેના ૨૮ નગરસેવક ચૂંટાઈને આવ્યા હતા. ૨૦૧૭માં ભાજપ અને શિવસેના અલગ લડ્યા અને મનસે પણ એકલો જ લડ્યો હતો. મનસેના ૭ નગરસેવક વિજેતા થયા પણ સત્તા સ્થાપવા માટે ઉદ્ધવ ઠાકરેને ૬ નગરસેવક જોઈતા હતા, આથી મનસેના છને ઠાકરેએ પોતાના પક્ષમાં લઈ લીધા.

### હવે અવિભાજિત

શિવસેના નામ છે, અમારી પાસે શિવસેનાનું પ્રતીક છે. હવે અમારી પાસે ઠાકરે બ્રાન્ડ છે, એમ રામદાસ કદમે કહ્યું. રામદાસ કદમે પૂછ્યું કે જો ઉદ્ધવ ઠાકરે કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું હોત તો તેમનો ઠાકરે બ્રાન્ડ કેવી રીતે હોઈ શકે?

જ્યારે આદિત્ય ઠાકરે વરલીમાં ઉભા હતા, ત્યારે મનસેએ મદદ કરી અને આદિત્ય ઠાકરે ચૂંટાયા.

જોકે, જ્યારે રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરે ઉભા હતા, ત્યારે ઉદ્ધવ ઠાકરેએ તેમની સામે ઉમેદવાર ઉભા રાખ્યો અને તેમને હરાવ્યા. રાજ ઠાકરે આ ભૂલી શક્યા ન હોત.

રાજ ઠાકરે એ વાત ભૂલી શક્યા ન હોત કે સાત મનસે કોર્પોરેટરોમાંથી છ નગરસેવકોને ઉદ્ધવ ઠાકરે શિવસેનામાં લઈ ગયા હતા.

રામદાસ કદમે ઉદ્ધવ ઠાકરેને તકવાદી ગણાવતાં આકરી ટીકા કરી હતી.

### ઠાકરે સેનાની બેઠક

વિશે વાત કરી. ચોમાસુ શરૂ થાય ત્યારે નાગરિકોએ દર વખતે શું ધ્યાન રાખવું જોઈએ. લોકોના સંપર્કમાં રહો. જુઓ કે કોઈને કોઈ સમસ્યા છે કે નહીં. શું ડેન્ગ્યુ મેલેરિયા થયો છે? શું દર્દીઓની સંખ્યા વધી છે? બેઠકમાં તેમની તપાસ કરવાના મુદ્દા પર ચર્ચા થઈ. આ ઉપરાંત, મતદારોની યાદીઓ તપાસો, ત્યાં શું છે તેની સમીક્ષા કરો, લોકોની સમસ્યાઓ સમજો. કિશોરી પેડણેકરે એમ પણ કહ્યું હતું કે બેઠકમાં આવી સૂચનાઓ આપવામાં આવી હતી. પેડણેકરે એમ પણ કહ્યું હતું કે બંને પક્ષોના નેતાઓ બંને પક્ષોના સાથે આવવા અંગે નિર્ણય લેશે.

### મુંબઈ કોનું?

જ્યાં બાળાસાહેબ ઠાકરેની છબી હજુ પણ મોટી છે. સર્વેમાંથી ઉભરી આવેલ બીજો ટ્રેન્ડ ઠાકરે અટકનું વજન છે. આદિત્ય ઠાકરેનો સંપર્ક અને ઉદ્ધવ ઠાકરેનો લોકો સાથે સતત જોડાણ, જેના કારણે બંને જૂથોએ રાજકીય વિભાજન સર્જ્યું હોય તેવું લાગે છે. 'મુંબઈ બાળાસાહેબનું છે. તેમનો પરિવાર હજુ પણ આપણી ભાષા બોલે છે,' એમ દાદરના રહેવાસી ૩૮ વર્ષીય વિનય પવારે કહ્યું હતું.


# ક્લાસિફાઈડ

**૧૦. મહિલાઓ માટે**

**કાનનાં મોટા કાણાં**
દવાથી એજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૯૪૫)

**હરીયા સ્ટોર્સ**
૫૬ વર્ષોથી સેવામાં, ૩૫થી વધુ પ્રકારના અમારી દુકાનમાં જ પિસાતા લોટ, અનાજ, ડ્રાયફ્રુટ, મસાલા વગેરે ખરીદવા જયશ્રી બિલ્ડીંગ, બજાજ રોડ, વિલેપાર્લા - (વેસ્ટ) ૯૮૧૯૮ ૧૩૩૬૪, ૭૭૧૫૦ ૭૫૦૭૭. (બી-૧૬૦૭૮)

**૧૪. નોકરી ખાલી છે**

REQUIRED CA/ CA PASS Freshers for Office Management Part/Full time. Churchgate, Whatsup: 7021831500. (B-16030)

REQUIRED CA PASS Freshers part/ full time Churchgate, Whatsup: 7021831500. (B-16042)

REQUIRED OFFICE MANAgement Assistant. Churchgate WhatsApp 7021831500. (B-16064)

**૧૭. જગ્યા આપવી છે**

**ઘાટકોપર (ઈસ્ટ)**
2 / 3 BHK ફ્લેટ ભાડેથી આપવાનો છે. રેડી કબ્જો, લેવા મળો- 9820253026. (એસડીબીજી-૨૬૬૮)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**૨૦. ધંધાદારી જગ્યા**

**ઓફિસો/ગોદામો**
મસ્જીદ બંદર (ઈસ્ટ/વેસ્ટ) નાની મોટી જગ્યાઓ ભાડેથી/ ઓનરશીપ લેવા/ વેચવા મળો- મહેશ શાહ- 9820253026/ 022-23422261. (એસડીબીજી-૨૬૬૯)

**મસ્જિદ બંદર**
કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા / ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ'' (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૫૯૪૦-એ)

**૨૩. મનોરંજન**

**નાટક-મ્યુઝીકલ**
સોશ્યલ- પીક્ચર 16 ગ્રુપોઃ મુંબઈ- પાર્લા- મલાડ- બોરીવલીમાં રવિવારે- 7021276622. (૧૫૯૮૩-જી)

**૩૨. જમીન-મિલકત**

**બોઈસર ઈસ્ટ**
**દહિસર - ચેકનાકાથી ૭૫ કિ.મી. સુર્યા નદી, બરોડા એક્સ. વે, બૂલેટ ટ્રેનથી ૧૦ કિ.મી., ૨૫ ફાર્મ હાઉસની વચ્ચે, ૨ એકર, ફાર્મ હાઉસ વેચાણથી આપવું છે. (૭૦ રાજાપુરી આંબાના વૃક્ષ, ૩ બેડરૂમ હોલ કિચન, ૨૦૦૦ સ્કે. ફીટનો બંગલો, સંપૂર્ણ એમેનિટિસ સાથે, અલગ સર્વન્ટ રૂમ, ૨ બોરવેલ ૨૪ કલાક પાણી, નો પાવરકટ). ફોનઃ ૯૮૨૦૫૪૪૪૦૬. (બ્રોકર આવકાર્ય)* (બી-૧૬૦૩૩)**

**૩૩. ધંધાદારી**

''પ્રતાપ પેકર્સ-મુવર્સ''
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

**૫૨. કુરીઅર્સ**

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૦૪૦)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# ધર્મતેજ

# કોઈને શાપ આપવાને બદલે તેને જીવનમાં પ્રેમપૂર્વક સમાધાન આપીએ



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



આપણે કોઈ સત્કર્મ કરતાં હોઈએ અને જો કોઈનું અપમાન કરીએ તો સત્કર્મ માત્ર એ જ ક્ષણે ઘટી જાય છે. સત્કર્મ સ્પર્ધા વાળા ન હોવા જોઈએ. સત્કર્મ સૌના મૌલિક હોવા જોઈએ. આ વખતની કથા આણે કરી, તો આવતા વખતની કથામાં હું વટ પાડી દઉં, એવા વટ ચાલે નહિં. આમાં તો કેવટ બને એ જીતે. રામના પગ ધોવા હોય તો વટ કામમાં નહીં આવે, કેવટ જ કામમાં આવશે. આપણે કહીએ કે ક્રોધ ન કરો. ખોટી વાત છે. ખોટી વાતો કરીએ છીએ કે ક્રોધ મૂકી દો ! ઋષિ-મુનિઓએ પણ ખૂબ ક્રોધ કર્યો છે. હજારો વર્ષોના તપ પછી પણ શાપ આપ્યા છે ! શાપ ન આપો, સમાધાન આપો, ત્રેવડ હોય તો. 'માનસ'માં ગોસ્વામીજીએ ત્રણ વખત 'સમાધાન' શબ્દ વાપર્યો છે. મારે આખી કથા 'સમાધાન' પર કરવી છે. જીવનના સમાધાનો શોધવાં છે. તમે જુઓ, શાપ આપવાની વાત આવી ત્યાં કાં તો 'પ્રિય' શબ્દ લખ્યો, કાં તો 'મુનિ' શબ્દ લખ્યો અને કાં તો 'ઋષિ' અથવા 'મહાઋષિ' શબ્દ લખ્યો. કોઈ જગ્યાએ સાધુએ શાપ આપ્યો એવું 'રામાયણ'માં લખ્યું નથી! સાધુતાની અખંડતાનું અહીં સ્વાગત છે. મુનિઓ શાપ આપતા દેખાયા છે, ઋષિઓ દેખાયા છે. પણ 'સાધુ' એ શાપ આપ્યો એવું લખ્યું નથી. આમાં 'સાધુ' કોઈ જ્ઞાતિ નથી એ ધ્યાન દેજો. સાધુ વર્ણ બહાર છે. આપણી ગંગાસતી બોલ્યાં છે-

**જાતિ રે છોડીને પાનબાઈ, અજાતિમાં જાવું ને**
**મેલવો વરણનો વિકાર રે...**

વર્ણ એ વિકાર છે. બ્રાહ્મણત્વ એ વિચાર અને વિવેકની એક ઊંચાઈ છે. એ તો વિશ્વમાં રહેવી જોઈએ. ક્ષત્રિયત્વ એ પ્રભુનું, દેશનું, ગાયોનું રક્ષણ કરવા માટે શક્તિનું સમ્માન છે. ખેતી, પશુપાલન, વેપાર માટે વૈશ્ય આયોજન સારું છે, અને સમાજને ઉજળો રાખવા માટે એ વ્યવસ્થા બરાબર છે, પણ ભેદ ન હોવો જોઈએ. શું કામ અમુક લોકો મંદિરમાં ન જઈ શકે? આવી પ્રથાઓએ દેશને બહુ નુકસાન કર્યું છે. એક ભૂલ સમાજની થઇ જાય એને રિપિટ ન કરાય.

તો, સાધુ કોઈ પણ હોય એ વર્ણની બહાર છે. અહીં સાધકે શાપ આપ્યો છે. અને અહલ્યા બોલ્યાં છે કે મુનિએ શાપ આપ્યો. બહુ તપ કરે એનામાં તેજ પણ હોય અને થોડોક એનો સ્વભાવ કડક પણ હોય એ તમે લખી રાખજો. હું તમને એમ કહેવા જાઉં છું કે ક્રોધ આવ્યા વગર કોઈ શાપ આપી શકે ? શાપ આપવા માટે ક્રોધ નિતાંત જરૂરી છે.

તો, ઋષિ શાપ આપે છે, પણ સાધુએ શાપ આપ્યો એવું ક્યાંય લખ્યું નથી. માટે સાધુનો સંગ કરવો. 'સાધુ' શબ્દ વાપરીને એક અદ્ભુત ઉદઘાટન કર્યું તુલસીએ. હનુમાનજીને થયું કે ભલે રાવણનો ભાઈ હોય, રાક્ષસની નગરી છે, પણ વિભીષણ સાથે હું પરાણે દોસ્તી કરીશ, કારણ કે સાધુની સાથે સંગ કરવાથી શાપ તો શું, જીવનના કોઈ કાર્યમાં હાનિ નથી થતી. આ સાધુસંગનો મહિમા છે. તેથી આપણે ત્યાં હંમેશાં, પ્રાચીન ભજનોમાં 'અમને મુનિચરણે વાસ આપજો' એમ નહીં, પણ 'અમને સાધુચરણમાં વાસ આપજો' એમ આવે છે. સાધુપદ બહુ મોટું છે. સાધુમાં પાંચેય વિદ્યા હોય, ભલે ભણ્યો ન હોય. એક, વેદવિદ્યા હોય છે. સાધુ પાસે વેદવિદ્યાના રૂપમાં રામકથા છે. આ અધ્યાત્મવિદ્યા છે. 'અધ્યાત્મ' તો બહુ મોટો શબ્દ છે, પણ 'અધ્યાત્મવિદ્યા'નો અર્થ એમ કે આપણા માટે નહીં, બીજાના માટે આપણે વિદ્યાનો ઉપયોગ કરીએ એ આધ્યાત્મિક વિદ્યા છે. હું યજ્ઞ મારા માટે ન કરું, જગતના કલ્યાણ માટે કરું તો એ યજ્ઞ આધ્યાત્મિક છે. અને સાધુનું તો જીવન જ બીજા માટે હોય એટલે અદયાત્મવિદ્યાનો એને અધિકાર છે.

તો, સમાધાન આપો, શાપ નહીં. સમાધાન ત્રણ રીતે અપાય. એક, તમે માનસિક રીતે સમાધાન આપો. એક માણસ તમારી સામે આવે અને જો તમારામાં તપસ્યા હોય તો માનસિક રીતે તમે એના મનનું સમાધાન કરી શકો. બીજું, વાચિક રીતે તમે સમાધાન આપો. પાસે બેસાડો, પ્રેમથી સમજાવો તો તેનું સમાધાન થઈ જાય. ત્રીજું, કર્મથી સમાધાન કરો. વિચારોથી સમાધાન ન થાય,વાણી તમારી નબળી પડે તો તેને કરીને દેખાડો ! 'મારું જીવન એ જ મારો સંદેશ' એવું મહાત્મા ગાંધીએ કહ્યું છે.

મન, વચન અને કર્મથી સમાધાન અપાય; એટલે મારો તુલસી આટલા મોટા સદ્ગ્રંથમાં 'સમાધાન' શબ્દ ફક્ત ત્રણ વખત વાપરે છે. વિચારોને સંક્રામક કરીને સમાધાન આપો. એક બિલાડી સમુદ્રના તટ પર ઊભી હતી અને તેના બચ્ચાને લોકો સમુદ્રના તળિયે લઇ ગયા. ઉપર એવાં યંત્રો ગોઠવ્યાં કે તળિયે બચ્ચાંને પીડા આપવામાં આવી તો તેની અસર તટ પર ઊભેલી બિલાડીને થઈ! આ સંક્રમકતા છે, સંવેદના છે.

ઠાકુર રામકૃષ્ણ પરમહંસનો શબ્દ, આ 'સમાનુભૂતિ' છે. ઠેસ કોઈને લાગે તો આંખમાં આંસુ આપણને આવવા જોઈએ; તે સમાનુભૂતિ છે. બીજી તરફ એવો પ્રયોગ કર્યો કે બિલાડીનું ગળું મરડ્યું ત્યાં તળિયે રહેલાં બચ્ચાં તડપવા લાગ્યાં! આ વૈચારિક સંક્રમકતા છે. બુદ્ધપુરુષો વિચારોથી બહુ કામ કરે. બોલવું તો મજબૂરી હોય છે, વિચારો જ સંકરામક હોય છે. આધુનિક વિજ્ઞાન તેને ટેલિપથી કહે છે. આપણે જ આપણી સમસ્યા છીએ અને આપણે જ તેના સમાધાનો શોધવાં પડશે. બાકી કહ્યું તેમ ત્રણ રીતે સમાધાનો આપી શકાય. માનસિક, વાચિક અને કર્મ દ્વારા. આપણી દીવાલ આપણે જ છીએ. આપણે જ આપણી સમસ્યા છીએ. તેનો ઉપાય આપણે જ મેળવવો પડશે. મહાદેવ માર્ગદર્શન આપશે, તેનાથી થાય તેટલા ઉપાયો પણ કરશે, પણ આપણે જ આપણી રીતે સમાધાન શોધવા પડશે. મારાં ભાઈ-બહેનો, શાપ દેનારા સમાધાન આપે તે જરૂરી છે. - સંકલનઃ જયદેવ માંકડ ■

# સનાતન સંસ્કૃતિની અકલ્પ્ય સમૃદ્ધિ

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com



સનાતની સંસ્કૃતિમાં જે જે સંભાવનાઓ છે તે વિશે મોટાભાગના લોકોને જાણ નથી. છ પ્રકારના દર્શન છે, એક સો આઠ જેટલા ઉપનિષદો છે, ચાર વેદ તથા ચાર ઉપવેદ છે, અઢાર પુરાણો છે, ચોસઠ કળાની વાત છે, મહાભારત-રામાયણનો ઇતિહાસ છે, ગીતા પણ ત્રીસ જેટલી છે, સ્વયમ શ્રીકૃષ્ણએ બે ગીતા કહે છે - ભગવત ગીતા અને ઉદ્ધવ ગીતા, અને આ સિવાય બ્રહ્મસૂત્ર, શિવસૂત્ર, વિવેક ચુડામણી, ત્રિપુરા રહસ્ય, યોગવાશિષ્ઠ, વિજ્ઞાન ભૈરવ જેવાં શાસ્ત્રો તો ખરાં જ. રુચિ પ્રમાણે વ્યક્તિને જે તે શાસ્ત્રને અનુસરવાની છૂટ છે. સનાતની સંસ્કૃતિએ ક્યારેય એમ નથી કીધું કે બસ આ એક જ.

કોઈ દ્વૈતવાદ અનુસરે તો કોઈ અદ્વૈત, કોઈ વિશિષ્ટ અદ્વૈતમાં શ્રદ્ધા રાખે તો કોઈક દ્વૈતાદ્વૈત પ્રમાણે આગળ વધે. કોઈ આત્માને જ ઈશ્વર માની તેની અનુભૂતિ - તેની પ્રતીતિ માટે સાધના કરી શકે તો કોઈ આત્મા ઉપરાંત ઈશ્વર કહી શકાય તેવી અન્ય શક્તિ છે તેમ માની તે પ્રમાણે ભક્તિ પણ કરી શકે. નારદમુનિ દ્વારા ધ્રુવને ૐ નમો ભગવતે વાસુદેવાય મંત્ર દીક્ષા અપાય છે તો તે જ નારદમુનિ દ્વારા, મુક્તિ માટે વાલિયા લુંટારાને રામ નામનો મંત્ર સૂચિત કરાય. આ એક મજાની ઘટના છે. આનાથી એમ સ્થાપિત થાય છે કે દરેક વ્યક્તિ માટે કોઈ ચોક્કસ સાધન વધુ યોગ્ય રહે. એક ગીતાનું ઉદાહરણ લેતા સમજાય જશે કે આધ્યાત્મના માર્ગે જવા માટે કેટલી ભિન્ન ભિન્ન લાગતી સંભાવનાઓ પ્રકાશિત છે.

મજાની વાત એ છે કે સનાતની સંસ્કૃતિમાં સાવજ વિપરીત બાબતોને પણ સમાન સ્થાન મળ્યું છે. એક વિચારધારા એમ જણાવે કે સમગ્ર સર્જનનું મૂળ તે બ્રહ્મ છે, તો અન્ય વિચારધારા પ્રમાણે સૃષ્ટિના સર્જનનું મૂળ તત્ત્વ પદાર્થ છે - કણ છે. આ બંને વિચારધારા માન્ય છે. કોઈ ક્રિયાકાંડથી દરેક પ્રકારની ઇચ્છિત બાબત પ્રાપ્ત થઈ શકે છે એમ માની શકે તો કોઈક ઈચ્છાની પૂર્તિતા માટે તપ કરી શકે. સનાતની સંસ્કૃતિમાં જે સ્થાન યોગીનું છે તે જ સ્થાન જ્ઞાની નું છે, જે સ્થાન ભક્તનું છે તે જ સ્થાન કર્મસ્થનું છે. જે સ્થાન વિષ્ણુનું છે તે જ સ્થાન શિવ અને જગદંબાનું છે. તે જ બ્રહ્મ છે.

ઉપાસનાના દરેક સ્વરૂપ અહીં માન્ય છે. ભક્તિ પણ નવ પ્રકારે થઈ શકે છે. જપયજ્ઞ માટે મંત્રની સંખ્યા પણ કદાચ લાખોમાં છે. ઈશ્વરના જે તે સ્વરૂપને પણ વ્યક્તિ પોતાની રુચિ પ્રમાણે પસંદ કરી શકે છે. જેમ ભૌતિક સામગ્રીથી પૂજા પાઠ કરી શકાય તેમ માનસિક પૂજાપાઠ પણ તેટલી જ માન્યતા પામે છે. અહીં તો અશ્વત્થ વૃક્ષની પૂજા પણ માન્ય છે, અને નાગદેવતાની પણ. અહીં ઐરાવતને પણ વિભૂતિ ગણાય છે અને ઉચ્ચૈશ્રવાને પણ.

આ એક જ સંસ્કૃતિ છે જેમાં વ્યક્તિ ઈશ્વરને મિત્ર તરીકે સ્થાપી શકે છે, પુત્ર તરીકે ચાહી શકે છે, પતિ તરીકે પામી શકે છે, અને ઈશ્વર તરીકે તો આરાધી જ શકે છે. આટલા વિકલ્પો ત્યારે જ મળી શકે જ્યારે એક આદર્શ વિચારધારા પ્રમાણે સમાજનો વિકાસ થયો હોય. આટલા વિકલ્પો સમાજ ત્યારે જ સ્વીકારી શકે જ્યારે તેને માનવીની પરિપક્વતા માટે વિશ્વાસ હોય. સમાજની દરેક વ્યક્તિ માટે આટલી સંભાવના ત્યારે જ પ્રસ્તુત કરવામાં આવે જ્યારે આ સંભાવના જરૂરી હોય.

સનાતનની સંસ્કૃતિમાં સત્યની શોધ સૌથી મહત્ત્વની ગણાય છે. જો ભાવાત્મક સંબંધથી સત્ય જાણી શકાતું હોય તો તે પણ માન્ય છે, જો તર્કબદ્ધ વિચારોથી સત્ય સુધી પહોંચી શકાતું હોય તો તે પણ માન્ય છે, જો યોગ સાધનાથી સત્યની પ્રતીતિ થઈ શકતી હોય તો તે પણ માન્ય છે, જો નિષ્કામ કર્મથી સત્યનો માર્ગ ઉજાગર થતો હોય તો તે માટે પણ કોઈને વાંધો નથી.

જે વ્યક્તિ દયા દાન કરવા સમર્થ હોય અને તે માટે તૈયાર હોય તો તેના માટે તે યોગ્ય માર્ગ છે. કોઈ વ્યક્તિ જંગલમાં જઈને, બધાનો ત્યાગ કરીને, સંન્યાસ ધારણ કરીને મુક્તિ માટે પ્રયત્ન કરવા માગતો હોય તો તે પણ યોગ્ય છે. રાજા જનકની જેમ સંસારમાં રહીને, કૌટુંબિક ધર્મ નિભાવતાં નિભાવતાં નિર્લેપ રહીને આત્મસ્થ રહી શકતો હોય તો તે પણ માન્ય છે. મંડન મિશ્રની જેમ કોઈકને શાસ્ત્રીય ક્રિયાકાંડમાં શ્રદ્ધા હોય તો એ મુજબના રસ્તે પણ જઈ શકાય છે. સંત જલારામની જેમ ભૂખે કો અન્ન દે અથવા ટુકડામાંથી ટુકડો આપવા માટે કાર્યરત થઈ ઈશ્વરની આરાધના કરી શકે છે. આધ્યાત્મની સનાતન વિચારધારામાં, જ્યાં સુધી બીજાને નડતરરૂપ થયા વગર, માત્રને માત્ર સાત્ત્વિક આશયથી, પોતાની પરમ તથા પૂર્ણ સ્થિતિ માટે પ્રયત્ન કરવામાં આવે ત્યાં સુધી દરેક માર્ગ માન્ય છે.

સનાતની સંસ્કૃતિમાં પ્રશ્ન માર્ગનો નથી અંતિમ મુકામનો છે. જ્યાં સુધી આધ્યાત્મના ક્ષેત્રમાં આગળ વધવાની સંભાવના હોય, ત્યાં સુધી કોઈપણ વિચારધારા માટે બાધ નથી. અહીં શ્રીકૃષ્ણની વાંસળી પણ છે અને સુદર્શન ચક્ર પણ છે. અહીં શિવજીના મસ્તકે પવિત્ર ગંગા પણ છે અને કંઠે વિષધર પણ છે. અહીં મા સરસ્વતીના ધવલ રસ સાથે મા કાલીનો શ્યામ રસ પણ છે. અહીં એકમાત્ર બ્રહ્મ પણ છે અને દેવતાઓની શૃંખલા પણ છે. અહીં બ્રહ્મા-વિષ્ણુ-મહેશની ભિન્નતા છે તો સાથે સાથે એક સદગુરુની અંદર સમાયેલ આ ત્રણેય શક્તિ છે.

એમ કહેવાય છે કે, વ્યક્તિ જે માર્ગે જ્યાં પહોંચ્યો હોય, ત્યાંથી પરત જવા માટે તે જ માર્ગ વધુ અનુકૂળ રહે. સંસાર ચક્રમાં, દરેક વ્યક્તિ એક વિશેષ માર્ગથી જે તે સ્થાને પહોંચ્યો હોય છે. ઊંડાણમાં જોતાં જણાશે કે આ દરેક માર્ગ એક યા બીજા પ્રકારે અન્ય માર્ગથી ભિન્ન હોય છે. સંસારચક્રમાંથી છૂટવા માટે આ જ માર્ગે પરત જવું વધુ ઇચ્છનીય ગણાય, અને તેથી જ દરેક માટે અલગ માર્ગ નિર્ધારિત કરવો જરૂરી ગણાય. સદગુરુ આ કામ વ્યવસ્થિત કરી શકે. શાસ્ત્રોમાં તો મર્યાદિત દસ-પંદર માર્ગ સ્થાપિત થયા હોય, પણ આ દરેક માર્ગનું ઝીણવટતા પૂર્વકનું આયોજન, મુમુક્ષુની સ્થિતિના સંદર્ભમાં, સદગુરુ જ કરી શકે. સનાતની આધ્યાત્મની આ એક અતિ વિશેષ વિશેષતા છે.


સાધનો ભિન્ન હોવા છતાં હેતુ એક જ છે. રસ્તા અલગ અલગ હોવા છતાં અંતિમ મંઝિલ તો એક જ છે. પ્રવાસ માટેની સંભાવના જુદી જુદી હોવા છતાં અંતે તો એક જ ઈશ્વર પ્રાપ્તિની ઈચ્છા હોય છે. જુદા જુદા તર્કથી પણ તે પરમ જ્ઞાન માટે જ પ્રયત્ન થતા હોય છે. જુદા જુદા પ્રમાણથી તે પરમ તત્ત્વને પામવાનું જ લક્ષ હોય છે. સ્વરૂપો જુદા જુદા હોઈ શકે પણ ધર્મ તો શાશ્વત અને સ્વયં-સ્વરૂપે છે. આવાં તો અનેક ઉદાહરણો આપી શકાય. પરંતુ વાસ્તવિકતા એ છે કે દેખાતી ભિન્નતા અંતે તો એક જ સત્યની સ્થાપના કરી છે.

સનાતન સંસ્કૃતિની આ સમૃદ્ધિ, સનાતન સંસ્કૃતિની આ ઝીણવટતા, પ્રત્યેક વ્યક્તિને વિશેષ રીતે આગળ વધારવાની સનાતન સંસ્કૃતિની આ સંવેદનશીલતા, સત્યને પામવા માટે વ્યક્તિને પોતાની રુચિ અનુસાર માર્ગ પસંદ કરવા છૂટ આપવાની સનાતની સંસ્કૃતિની આ સમૃદ્ધ વિરાસત, અને એકમાત્ર નિર્વાણ માટે - મુક્તિ માટે - પરમ સ્થિતિની પ્રાપ્તિ માટે બધા જ મતભેદને અવગણવાની સનાતન સંસ્કૃતિની યથાર્થ ભાવના અકલ્પ્ય ઘટના છે - આ હકીકત છે.

# હિન્દુ ધર્મમાં બધી પ્રકૃતિના માનવો માટેનો અધ્યાત્મ પથ ઉપલબ્ધ છે

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

૮. વૈવિધ્ય :

હિન્દુ ધર્મમાં અનેક સંપ્રદાયો છે, અનેક તત્ત્વજ્ઞાન છે, અનેક પરંપરાઓ છે, અનેક વિધિઓ છે, અનેક ઉપાસના છે, અનેક સાધનપદ્ધતિઓ છે.

જેઓ આંખો મીંચીને વિરોધ જ કરવા ઈચ્છે છે તેઓ હિન્દુ ધર્મની આ લાક્ષણિકતાને અનુલક્ષીને પણ ટીકા કરે છે. તેઓ કહે છે:

'અરે! હિન્દુ ધર્મ તો ખીચડી છે. તેમાં કોઈ સ્પષ્ટ દર્શન અને સ્પષ્ટ માર્ગ નથી. આમાં તો સામાન્ય માણસ ગૂંચવાઈ જાય તેવું છે. આટલું બધું વૈવિધ્ય માનવીને ગૂંચવી મારે છે.'

હિન્દુ ધર્મમાં અપરંપાર વૈવિધ્ય છે તે સાચું છે, આ વૈવિધ્ય તો આપણું ગૌરવ છે. વૈવિધ્ય પ્રશંસાને પાત્ર છે, નિંદાને પાત્ર નથી. હિન્દુ ધર્મના દરેક પાસાંમાં જે વૈવિધ્ય જોવા મળે છે તેનાં પાંચ કારણો છેઃ

૧. હિન્દુ ધર્મ અતિ પ્રાચીન ધર્મ છે.

૨. હિન્દુ ધર્મમાં ગહન અને વ્યાપક ખેડાણ થયું છે.

૩. હિન્દુ ધર્મમાં નવા વિકાસ કે પરિવર્તન પર પ્રતિબંધ નથી.

૪. હિન્દુ ધર્મમાં વ્યક્તિગત ભિન્નતાનો સ્વીકાર છે અને તદનુરૂપ સાધનપદ્ધતિ ગોઠવવાની સ્વતંત્રતા છે.

૫. હિન્દુ ધર્મમાં મત વૈવિધ્ય અને મતભિન્નતા પ્રત્યે ઉદાર વલણ દાખવવામાં આવે છે.

આ બધાં પરિબળોને કારણે દર્શન, સાધના આદિ તત્ત્વોનાં અનેક સ્વરૂપો હિન્દુ ધર્મમાં વિકસ્યાં છે. હિન્દુ ધર્મ તાડીના ઝાડ જેવો એકદેશીય નથી, પરંતુ અનેક ડાળીઓ તથા વડવાઈઓથી યુક્ત વિશાળ વટવૃક્ષ જેવો છે.

આ વૈવિધ્ય આપણું ગૌરવ છે, આપણી મહામૂલી મૂડી છે, આપણી અધ્યાત્મવિદ્યાના ગહન અને વ્યાપક વિકાસનું સૂચક છે.

મનુષ્યો અનેક પ્રકૃતિના હોય છે. હિન્દુ ધર્મમાં બધી પ્રકૃતિના માનવો માટેનો અધ્યાત્મપથ ઉપલબ્ધ છે. જ્ઞાની માટે વેદાંત છે, ભક્ત માટે ભક્તિયોગ છે, યોગસાધના કરવી હોય તો હઠયોગ-રાજયોગ છે, કર્મમાર્ગ પસંદ હોય તો કર્મયોગ છે. ક્રિયાકાંડનાં પણ અનેકવિધ સ્વરૂપો છે. યજ્ઞયાગ, પૂજા-પાઠ, મંત્રજપ, નામજપ - તમે જે ઈચ્છો તે બધું અહીં તૈયાર છે. તમારી ઈચ્છા પ્રમાણે, રુચિ પ્રમાણે તમારો માર્ગ પસંદ કરો, ગમે તે દર્શન સ્વીકારો, ગમે તે સાધનનું અનુષ્ઠાન કરો, તમને કોઈ રોકશે નહીં. અને આ બધું તમે તમારા હિન્દુત્વને જાળવીને કરી શકો છો. આટલી સ્વતંત્રતા, પસંદગીનું આટલું વૈવિધ્ય, માર્ગની આટલી મોકળાશ બીજે ક્યાંય જોવા મળે છે? બધા જ પ્રકારની પ્રકૃતિ, રુચિ, યોગ્યતાવાળા માનવોને પોતાને અનુરૂપ અધ્યાત્મપથ પસંદ કરવાની સ્વતંત્રતા અને સગવડ જેટલી હિન્દુ ધર્મમાં છે, તેટલી વિશ્વના કોઈ ધર્મમાં નથી.

આ આપણું ગૌરવ છે, ખામી નહીં.

ઉપસંહાર :

હિન્દુઓ ઉદાર અને સહનશીલ છે, તેથી નિંદા-ટીકા પણ તેઓ સહન કરી લે છે કોઈ વ્યક્તિ હિન્દુ ધર્મની વિરુદ્ધ કાંઈ બોલે, લખે કે વિચારે તો હિન્દુઓ તેને સજા કરતા નથી, ગાળો દેતા નથી, તેને મારતા નથી-અરે! તેની વાતો શાંતિપૂર્વક સાંભળે છે હિન્દુઓ પોતાના ધર્મની નિંદા શાંતિથી સાંભળી શકે છે. બધા દેશોમાં આવું નથી. કોઈ-કોઈ દેશોમાં તો ધર્મનિંદા કરનારને યમરાજને ઘરે જ પહોંચાડી દેવાય છે.

ધર્મનું મૂલ્યાંકન જરૂર કરીએ, ધર્મમાં ગલત તત્ત્વો પ્રવેશી જાય તો સમયે -સમયે ધર્મનું શોધન પણ કરતાં રહેવું જોઈએ, પરંતુ ધર્મના યથાર્થ તત્ત્વને સમજ્યા વિના આંખો મીંચીને આડેધડ ધર્મનિંદા કરવી તે કોઈ રીતે ઉચિત નથી.

આપણે હિન્દુ ધર્મની લાક્ષણિકતાને સમજીએ. આપણા હિન્દુત્વની ગરિમાને જાળવીએ. આપણે ધર્મનિંદકોને ફાંસીએ ચડાવવાની જરૂર નથી, તેમ કરવું આપણા લોહીમાં નથી, પરંતુ અશિષ્ટ નિંદા કરનારાઓને રોકવાનો, તેમને પડકારવાનો સમય અવશ્ય આવી ગયો છે. હિન્દુઓની આ ધરતી નધણિયાતું ખેતર નથી કે તેને કોઈ પણ આવીને લણી શકે!

૧. પ્રસ્તાવઃ

પ્રત્યેક ધર્મ કેટલાક મૂળભૂત સિદ્ધાંતો પર પ્રતિષ્ઠિત હોય છે. આ મૂળભૂત સિદ્ધાંતો ધર્મનો પાયો છે. તેમને આધારે ધર્મ ટકી રહે છે. હિન્દુ ધર્મમાં પણ આવા કેટલાક મૂળભૂત સિદ્ધાંતો છે. આ સિદ્ધાંતોમાંનો એક સિદ્ધાંત છે - અવતારનો સિદ્ધાંત. અવતારનો સિદ્ધાંત ભારતીય દર્શન, ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મમાં લગભગ સર્વસ્વીકૃત સિદ્ધાંત છે. હિન્દુ ધર્મના સ્વરૂપને સમજવા માટે, હિન્દુત્વની ગરિમા સમજવા માટે અવતારના સિદ્ધાંતને સમજવો અનિવાર્ય છે.

અવતાર એટલે શું, અવતારની ઘટનાનું સ્વરૂપ, શાસ્ત્રોમાં અવતાર, અવતાર શા માટે, અવતારના પ્રકારો, અવતાર અને જીવ, અવતાર વિરુદ્ધની શંકાઓ અને તેમનું નિરાકરણ આદિ અવતાર વિષયક અનેક તત્ત્વોની ગહન અને શાસ્ત્રીય વિચારણાની આવશ્યકતા છે. અહીં આપણે અવતાર તત્ત્વનાં આ સર્વ પાસાંઓને સમજવા પ્રયત્ન કરીએ છીએ.

૨. અવતાર એટલે શું?

અસ્તિત્વના અનેક સ્તરો છેઃ ભૌતિક સ્તર, પ્રાણમય સ્તર, મનોમય સ્તર, અધિમનસ સ્તર, અતિમનસ સ્તર આદિ. આ રીતે ચડતા ક્રમમાં અસ્તિત્વના સૌથી ઉચ્ચતમ સ્તર પર પુરુષોત્તમ-ચેતના બિરાજે છે. જ્યારે આ સર્વોચ્ચ ચેતના પંચભૂતનું શરીર ધારણ કરી નિમ્ન ગોળાર્ધમાં, અર્થાત્ શરીર, પ્રાણ, મનની ભૂમિકામાં અવતરિત થાય, નીચે ઊતરી આવે ત્યારે ચૈતન્ય જગતની એક અસાધારણ ઘટના ઘટે છે. આ ઘટના તે અવતારની ઘટના છે. અવતાર અધ્યાત્મ જગતની એક ઘણી રહસ્યપૂર્ણ, પરંતુ સત્ય ઘટના છે.

અવતારની ઘટનામાં પરમાત્મા માનવ બને છે, અમર્યાદિત મર્યાદિતમાં ઊતરી આવે છે, સાગર બિંદુમાં ઊતરી આવે છે. અવતાર પ્રથમ દૃષ્ટિએ અશક્ય લાગે તેવી ઘટના છે, પરંતુ 'કર્તુમકર્તુમન્યથાકર્તુમ્ સમર્થ'ને કશું અશક્ય નથી.

સમગ્ર અસ્તિત્વ પરમાત્મામાંથી આવે છે, પરમાત્માનું સ્વરૂપ છે, પરમાત્માની અભિવ્યક્તિ છે, પરંતુ આ અભિવ્યક્તિ પ્રકૃતિ દ્વારા થયેલી છે. તેણે પ્રકૃતિના અજ્ઞાનનું આવરણ ઓઢેલું છે. આમ હોવાથી જ તત્ત્વતઃ આ સમગ્ર અસ્તિત્વ પરમાત્માનું જ સ્વરૂપ હોવા છતાં પોતાના મૂળ સ્વરૂપ વિશે તે સભાન કે સજ્ઞાન નથી. તત્ત્વતઃ કોઈ પોતાના મૂળ સ્વરૂપથી સર્વથા ચ્યુત થઈ શકે નહીં, છતાં આ જડ-ચેતન-સૃષ્ટિ પોતાના મૂળ પરમાત્મસ્વરૂપથી ઘણી ભિન્ન બનેલી છે, પોતાના મૂળ સ્વરૂપથી અનેક રીતે ચ્યુત થઈને સૃષ્ટિરૂપે અભિવ્યક્ત થયેલ છે.

પરમાત્મા અવતાર ધારણ કરે ત્યારે તે અભિવ્યક્તિ પ્રાકૃતિક અભિવ્યક્તિ કરતાં, અર્થાત્ જડ-ચેતન-સૃષ્ટિની તદ્દન ભિન્ન સ્વરૂપની અભિવ્યક્તિ હોય છે. પરમાત્મા પોતાની દિવ્ય ચેતનામાં રહીને, દિવ્ય ચેતનામાંથી ચ્યુત થયા વિના, અભાન રીતે નહીં, પરંતુ સભાન કે સજ્ઞાન રીતે માનવ-શરીર-પ્રાણ-મન ધારણ કરીને, માનસસ્વરૂપે આ પૃથ્વી પર માનવ-દેશકાળમાં અવતરિત થાય છે તે ઘટનાને 'અવતાર' કહેવામાં આવે છે.

અવતારની ઘટના પરમાત્માની ઘણી વિશિષ્ટ અને ઘણી રહસ્યપૂર્ણ ઘટના છે. અવતારની ઘટનામાં પરમાત્મા પોતાની દિવ્ય ચેતનામાંથી ચ્યુત થયા વિના, દિવ્ય ચેતનામાં રહીને જ પૃથ્વી પર આવે છે. અવતારમાં પરમાત્મા પોતાનાં દિવ્ય જ્ઞાન, દિવ્ય પ્રેમ, દિવ્ય દૃષ્ટિ-સહિત આવે છે. અવતારની ઘટનામાં પરમાત્મા માનવસ્વરૂપ ધારણ કરીને આવે છે, છતાં તે પોતાની સર્વશક્તિમત્તા - સ્વતંત્રતા, સર્વજ્ઞાતા આદિ-સહિત આવે છે.

આ સમગ્ર અસ્તિત્વ પરમાત્મામાંથી આવે છે, પરંતુ આ અસ્તિત્વ અર્થાત્ જડ-ચેતન-સૃષ્ટિ પોતાની સચ્ચિદાનંદ-ચેતનામાં રહીને અભિવ્યક્ત થતી નથી, પરંતુ પરમાત્મા જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે તે પોતાની સચ્ચિદાનંદ-ચેતના, અર્થાત્ ભાગવત ચેતનામાં રહીને જ માનવસ્વરૂપે પૃથ્વી પર આવે છે, તેથી અવતાર એટલે માનવસ્વરૂપમાં પરમાત્મા.

અવતાર = પરમાત્મા + માનવ.

પુરુષોત્તમ પરમાત્મા જ્યારે અવતાર ધારણ કરીને આવે છે ત્યારે તેમનું બહિરંગ શરીર માનવનું છે, પરંતુ તેમની અંતરંગ ચેતના પુરુષોત્તમ-ચેતના જ હોય છે. (ક્રમશઃ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# ઉત્સવનો આનંદ આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી મનુષ્યને મુક્ત કરે છે



જેઠ માસની ભીમ અગિયારસ ગઈ કે પછી તરત જ વટસાવિત્રીનું વ્રત આવી ચડે. સાથે અનેક વ્રતો-પર્વો સાથેની વર્ષાઋતુનો પ્રારંભ થઈ જાય. સતી સાવિત્રીએ પોતાના પતિ સત્યવાનને પોતાના તપ અને સતના બળે પુનર્જીવિત કરેલો એ કથા આપણે સૌ જાણીએ છીએ.

લોક સમુદાય ક્યારેય ઉત્સવ વિના રહી શક્તો નથી. ચોતરફ અનેક પ્રકારની વિટંબણાઓથી ઘેરાયેલો માનવી પોતાની આધિ-વ્યાધિ-ઉપાધિ જેવી આપદાઓમાંથી થોડો સમય મુક્ત થવા કોઈને કોઈ રીતે આનંદ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યા કરે છે, અને એટલે વિવિધ પ્રકારના ઉત્સવોનું આયોજન થતું હોય છે.

આપણી ભારતીય સંસ્કૃતિ ધર્મ સાથે જોડાયેલી છે તેથી આપણા બહુધા લોકઉત્સવો પણ ધર્મ અને ધાર્મિક સ્થાનકો-મંદિરો-તીર્થો કે ધાર્મિક તહેવારો સાથે જોડાયેલા છે. અનેક પ્રજાઓ, અનેક ભાષા, અનેક ધર્મ-પંથ-સંપ્રદાયોની વિવિધતા હોવા છતાં પર્વો અને ઉત્સવોમાં તો આપણી ભૂમિમાં સર્વત્ર એક્તા જોવા મળે. જીવનનો ઉલ્લાસ જન્મથી માંડીને મૃત્યુ સુધીના તમામ સામાજિક તબક્કાઓમાં વહેતો રહે એ માટેના સામાજિક ઉત્સવો પણ આપણે ત્યાં યોજાતા રહે છે. તો ઋતુ ઋતુના તહેવારો સાથે ઉત્સવઘેલી પ્રજા દ્વારા કોઈને કોઈ રીતે વ્રત-ઉપવાસ, વિધિવિધાનો, ક્રિયાકાંડો, સંગીત, નૃત્ય, નાટક, મેળાઓ, રમતો, હરીફાઈઓ..વગેરે દ્વારા મનોરંજન મેળવવાના પ્રયાસો થતા રહે છે. ભારતીય ચિંતનની ધારા અંધકારમાંથી પ્રકાશિત ઉજ્જવળતા તરફ પ્રવાહિત થતી રહી છે. 'તમસો મા જ્યોતિર્ગમય'ના નાદથી આપણા ઋષિ મુનિઓએ અજ્ઞાન, અભાવ અને જડતાના અંધકારને દૂર કરવા આવા પર્વોની શરૂઆત કરી છે.

જેઠ મહિનો પૂર્ણ થાય અને અષાઢ મહિનામાં ગુરુપૂર્ણિમાની સાથોસાથ દીકરીઓના અલૂણા ગૌરીવ્રતનો મહિમા પણ ઓછો નથી. દિવાસા સુધીના એ દિવસોમાં નારીવૃંદ દ્વારા જયાપાર્વતી અને અનેક વ્રતો ઉજવાતા રહે. સાથોસાથ લોકનૃત્યો, રાસ-રાસડાની રમઝટ પણ ગામડાંઓમાં જામે.

સંગીતના વિવિધ તાલ હીંચ, હમચી, ટીટોડો,મણિયારો, હૂડો, હાજા, મુજબ હથેળીના તાલ(એકતાળી, ત્રણતાળી, સાતતાળી.), પગનો ઠેકો, હાથના હિલોળા, ટપ્પા, ડગલાં, મંડળ, ચોકડી, દોઢિયા, પંચિયા, સતિયા, અઠિંગો કે અઠિયા,બારિયા, સોળંગો, નમન, સલામી, ઉલાળિયા, બેઠક,ચકરી, ફૂદરડી જેવી લય અને તાલ સાથે જુદાં જુદાં નામોથી ઓળખાતાં લોકનૃત્યો પ્રસ્તુત થતા રહે.

લોકસંસ્કૃતિના વિભિન્ન અંગો દ્વારા જ લોકજીવનમાં કૌટુંબિક, વ્યવહારિક, સામાજિક ને ધાર્મિક ઉત્સવો કે તહેવારોનું મહાત્મ્ય પરંપરિત રીતે સચવાતું આવ્યું છે. એમાં સમસ્ત માનવજાતનાં દુઃખ દર્દો, હર્ષ-ઉલ્લાસ, ગમા-અણગમા, પ્રસન્ન દામ્પત્ય, વિરહ ને મિલન, કજોડાનાં કલહ ને શોક્યના સાલ, વડાછડ ને મીઠો ઝઘડો, વેરણ ચાકરી, અબોલા, રૂસણાં- મનામણાં, સાસુ નણંદના ત્રાસ, ક્વળાં સાસરિયા, મેણાના માર, તપ, ત્યાગ, શૌર્ય બલીદાન, ટેક માતૃત્વની ઝંખના, વરત-વરતુલા ને ભક્તિ... એમ અપાર ભાવ સંક્રમણોનું વૈવિધ્ય ઘૂંટાતું આવે છે.

રાસ, રાસડા, ગરબા, ગરબી, લગ્નગીતો, બાળગીતો, કથાગીતો, ગીતકથાઓ, લોકકિર્તનો, ઝીલણીયાં, વાર, તિથિ, મહિના, ભવાઈવેશો, ઋતુગીતો એમ પ્રકારભેદે જીવનનાં તમામ ક્ષેત્રોમાં લોકનૃત્યો એક સરખા વિહરતા રહ્યાં છે. એમાં શૃંગાર, વીર, કરુણ, હાસ્ય, અદ્ભુત, શાંત, વાત્સલ્ય અને ભક્તિરસની ધારાઓ એકમેકમાં ભળી જઈને જીવનરસ નિપજાવે છે. એક સામૂહિક ચેતનાની ભાવાભિવ્યક્તિ શબ્દ, સૂર, લય, ભાવ, તાલ, નૃત્ય ને વાદન એમ જુદાં જુદાં અંગોને સાંકળીને કલાસ્વરૂપ ધારણ કરે છે ત્યારે એની માલિકી સમસ્ત જનસમુદાયની બની જાય છે. એમાં દરેક માનવીને પોતાના જ જીવન ધબકાર સંભળાતા લાગે છે. આ દિવસોમાં આપણને સાંભળવા મળે-

*રાધાજીના મંદિર નીચાં મોલ, ઝરૂખડે દીવા બળે રે લોલ...*
*રાધા ગોરી ગરબે રમવા આવો, સાહેલીયું ટોળે વળે રે લોલ...*

***

*આવી રૂડી અંજવાળી રાત, રાતે તે રમવા નીસર્યા રે માણાંરાજ...*
*રમ્યાં રમ્યાં કાંઈ પોર બે પોર, સાયબોજી તેડાં મોકલે રે માણાંરાજ...*

***

*શરદ પૂનમની રાતડી રંગ ડોલરિયો, માતાજી રમવા મેલો રે રંગ ડોલરિયો...*

***

*જોડ જોતાં તે જોડલું જડી ગિયું રે લોલ...કરમ આડેથી પાદડું ખસી ગિયું રે લોલ...*
*હવે થોડી રહી પ્રીત ઝાઝું બોલ્ય મા રે લોલ...ફળ પાક્યા વિનાનું કાચું તોડય મા રે લોલ...*

***

*ઝીણાં મોર બોલે છે લીલી નાઘેરમાં, લીલી નાઘેરમાં ને હરિ વનરાઈમાં...*

***

*મોરલો બોલ્યો બોલ્યો રે મારા મૈયરનો, મારા મૈયરનો રે મારા રે પિયરનો..*

***

*મારા હિરાગર મોરલા ડી જાજે...*
*ઢોલીડા ઢોલ રે વગાડય મારે હિંચ લેવી છે...*

***

*કે મું ને ઝાંપે રમવા મેલ્ય ભરવાડિયા ઝાલાવાડી ઢોલ તારો જાંજડ વાગે...*


***

*ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ... ચાંદો ઊગ્યો ચોકમાં...* ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# ખરેખર ઉતાવળ છે?



ગત અંકમાં અલોલુપતાને દૈવી ગુણોમાં સ્થાન આપીને હવે ભગવાન કૃષ્ણ અચપલતાને સમજાવી રહ્યા છે.

ચપલતા એટલે ચંચળતા! ચંચલ મન કોઈ સિદ્ધિ પ્રાપ્ત ન કરી શકે એ વાત ભગવાને છઠ્ઠા અધ્યાયમાં કરી હતી. પરંતુ ઘણીવાર ઉતાવળ માટે ચપળતા અને ચંચળતાને જરૂરી ગણીને તેના પક્ષમાં લોકોને બોલતા સાંભળ્યા હશે. તો શું કાર્ય સિદ્ધિ માટે ઉતાવળ અનિવાર્ય તત્ત્વ છે?

માણસની ઉતાવળ અને અધીરાઈની વાત યાદ આવે છે ત્યારે થાય છે, ઉતાવળો તો માણસ પહેલેથી જ હશે. પણ હવે એમાં અનેક ગણો વધારો થઈ રહ્યો છે. 'ઉતાવળે આંબા ન પાકે' આ કહેવતનો મુખ્ય તાત્પર્ય છે કે દરેક કાર્યને પૂર્ણ થવા માટે પોતાનો એક નિશ્ચિત સમય જોઈએ છે. તમારું કામ યોગ્ય પદ્ધતિ અને ધીરજ સાથે કરવું જરૂરી છે; ખોટી ઉતાવળ કરવી જોઈએ નહીં. આંબાને વાવવાથી લઈને તે પાકી જાય તે સુધીની એક કુદરતી પ્રક્રિયા છે. તે કઈ જે દિવસે વાવો તે દિવસ જ ના મળે.

તોય માણસ જંપીને ન બેસતો નથી. તેને જલદી લેવાના પ્રયાસમાં ઘણા પ્રયોગો કરીને પરિશ્રમ કરે છે. તોય તેને અમુક ચોક્કસ સમય તો લાગે જ છે. જો કે આ કૃત્રિમ પ્રયાસોમાં આંબાની ગુણવત્તા બગડી શકે છે.

આધુનિક યુગમાં આ ઉતાવળ હવે અધીરાઈમાં ફેરવાતી જાય છે. ચર્ચિલનું એક વાક્ય છે : અધીરાઈ એ અત્યંત ખરાબ પ્રકારની ઝડપ છે.

અને આપણા આ યુગમાં આપણને એ જ અધીરાઈ વળગેલી છે. એ જ ખરાબ ઝડપથી આપણે દોડી રહ્યા છીએ. અને એ ઝડપને કારણે જિંદગીની કેટલીયે સુંદર વસ્તુઓ આપણે છોડી રહ્યા છીએ. કેટલીયે વસ્તુ પાસેથી બેધ્યાનપણે પસાર થઈ રહ્યા છીએ, આગળ થઈ રહ્યા છીએ, પરંતુ કેટલુંક અતિ મૂલ્યવાન ગુમાવી રહ્યા છીએ.

ઉતાવળ આપણા સ્વભાવમાં છે. થોડા વરસ વરસાદ ન બરસે તો આપણા વિદ્વાનો જાહેર કરી દે છે કે, આપણે જંગલો કાપી નાખ્યા છે એટલે વરસાદ વરસવાનો જ નથી. આંકડાઓ સાથેની સાબિતી તૈયાર છે ! પરંતુ પરિણામ ઉતાવળા વિદ્વાનો વિરુદ્ધ જાય છે અને અચાનક અનરાધાર વરસાદ વરસવા માંડે છે. એક વરસ, અને બીજે વરસે તો વિદ્વાનો પોકારી ઊઠે છે, પૃથ્વીના હવામાનમાં પલટો આવી રહ્યો છે. સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળ. સૂકા પ્રદેશોમાં હવે પછી ભારે વરસાદ પડશે ને વરસાદી ના પ્રદેશોમાં દુષ્કાળ પડશે.

વિજ્ઞાન હોય, સાહિત્ય હોય, રાજ્યવ્યવસ્થા કે સમાજવ્યવસ્થા, ગમે તે ક્ષેત્ર હોય, ઉતાવળા માણસો તમને દરેક ક્ષેત્રમાં મળી જ રહેશે, માણસ નાનો હોય કે મોટો હોય, વિદ્વાન હોય કે સામાન્ય હોય, ઉતાવળ એ સ્વભાવની વાત છે.

પરંતુ માણસ જો એના સ્વભાવને વશ થઈને જ ચાલ્યો હોત તો, આજે જે જેવો છે તેવો ન હોત. માણસે માણસ બનવા માટે પોતાના સ્વભાવને બુદ્ધિપૂર્વક સંસ્કાર્યો છે. પ્રયત્નપૂર્વકના સંસ્કારથી જ માણસ માણસ તરીકે પ્રગતિ કરી શક્યો છે. ઉતાવળ અને અધીરાઈ એ માણસના સ્વભાવનો એવો અંશ છે કે જેને કાબૂમા લેવા તે હજારો વર્ષથી પ્રયત્ન કરી રહ્યો છે.

સસલા અને કાચબાની પ્રખ્યાત વાત તે ઉતાવળ સામે ધીરજનું વિજયી દૃષ્ટાંત છે. પહેલી દૃષ્ટિએ કોઈ પણ માણસને એમજ લાગે કે, સસલું જ દોડવાની શરત જીતી જાય, કાચબો કદી જ જીતી ના શકે. પણ લાંબી દોડ હંમેશાં ધીરજથી જ જીતી શકાય છે. અને જિદંગી તો બહુ લાંબી, મેરેથોન દોડ છે. તેમાં ઉતાવળે લીધેલા નિર્ણય અથવા પગલાં નુકસાનકારક સાબિત થઈ શકે છે

અધ્યાત્મ માર્ગે ચાલતા મુમુક્ષુ માટે પણ ઉતાવળ હિતવાહ નથી. કોઈ મુમુક્ષુને બે પાંચ દિવસમાં સાધનાની સિદ્ધિ મળી જાય તે દુર્લભ છે. ભગવાન સ્વામિનારાયણ આ બાબતે સારંગપુર પ્રકરણના ચોથા વચનામૃતમાં જણાવે છે કે 'મુમુક્ષુને વાસના ટાળતાં ટાળતાં જો કાંઈક થોડી ઘણી વાસના રહી ગઈ તેને સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય ને તે લોકને વિશે વૈભવને ભોગવે છે, પછી ત્યાંથી પડીને મનુષ્ય થશે અને મનુષ્ય અને મનુષ્ય થઈને વળી પાછી ભગવાનની ભક્તિ કરવી. વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહીં. આનંદમાં ભજન કર્યા કરવું અને વાસના ટાળવાના ઉપાયમાં રહેવું.' એમ હજારો વર્ષો જૂની વાસના ટાળવામાં ઉતાવળ તો ન જ ચાલે.

માટે ધીરજપૂર્વક મંડ્યા રહેવાથી સિદ્ધિ મળે છે. પછી તે અધ્યાત્મ ક્ષેત્ર હોય કે લૌકિક ક્ષેત્ર ! હા, ઉતાવળે આંબા ન પાકે પણ ધીરજનાં ફળ જરૂર મીઠાં હોય છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# ધર્મ વ્યક્તિથી પર હોઈ શકે?



ધર્મતેજ પૂર્તિના વાચક બિરાદરો! તમે કોઈ પણ ધર્મનો અભ્યાસ કરો દરેક ધર્મ વ્યક્તિનો મદદગાર જ હોય છે.

* ડર લાગે તો મદદ મેળવવા રામનું નામ લો,
* ખુદાને યાદ કરો,
* નવકાર મંત્ર ભણો
- એ માનસિક મદદ જ મળી કહેવાય.
* જીવનમાં ક્યું કાર્ય યોગ્ય, ક્યું અયોગ્ય?
* ક્યું કાર્ય કરવાની છૂટ, શાની પાબંદી?
- એ બધુ શીખવે ધર્મ.
- એટલે જ ધર્મના નામ-સ્વરૂપ અલગ હોય
- પરંતુ તાત્વિક રીતે બે ધર્મ વચ્ચે કોઈ ભેદ ન હોય...
- અને છતાં જ્યારે આપણે ચારે તરફ ધર્મના નામે પક્ષાપક્ષી,
* મતભેદ,
* સંઘર્ષ,
* લડાઈ, ટંટા, ફસાદ, રમખાણ, યુદ્ધ જોઈએ છીએ ત્યારે આપણને આશ્ચર્ય થાય છે કે આ ધર્મ હશે?
* ના-એ ધર્મ નથી.
* ધર્મ તો સમાધાનકારી છે,
* શમનકર્તા છે.
* ઈશ્વરને પ્રાર્થના હોય કે
* ખુદાની બંદગી...!
* માનસિક શાંતિ મુખ્ય છે અને એ ધર્મ છે
* એટલે જ જેઓ સાચા જ્ઞાનીઓ છે તેઓ ધર્મના નામે વિવાદ કરવાની પાબંદી ફરમાવે છે.
- પરંતુ માણસને અવકપાંસળીઓ અમસ્તો નથી કહેવાતો.
* એ કુદરતી નિયમો અને ન્યાયની વિરુદ્ધ જ્યારે વર્તન કરે છે ત્યારે
* હાહાકાર સર્જાય છે,
* ખાનાખરાબી થાય છે,
* જાનહાનિ થાય છે,
* તબાહી વરસે છે...
- આ બધું જ શેતાની વૃત્તિનું પરિણામ છે.

દરિયાના મોતીઃ

* સુઘરી સરસ માળો બાંધે છે એ સાચું પણ એની ડિઝાઈનમાં ક્યારેય ફેરફાર થયો નથી.
* મધમાખી મધ ભેગું કરે છે, પણ એની રસમ તથા પ્રક્રિયામાં ક્યારેય ફેરફાર થયો નથી.
* બિલાડી કે કૂતરાને ગમે તેટલી તાલીમ અપાય, પરંતુ એ નિયત સીમા બહારની તાલીમ પામી જ ન શકે.
- જ્યારે માનવીનું એવું નથી.
- ગુફા અને જાનવરની ખાલથી દેહનું રક્ષણ કરતાં કરતાં માણસ આજે સ્પેસયાનમાં મહિનાઓ ગાળતો થયો છે.
* ધરતી તો ધરતી અવકાશમાં પણ વનસ્પતિ ઉગાડવાનો પ્રયત્ન કરે છે.
* કૂતરા-બિલાડાને પ્રાદેશિક સીમા,
* ભાષાનું બંધન,
* જીવનના સ્વરચિત કાનૂનોનું પાલન કરવાનું હોતું નથી.
* માણસને આ બધું કરવાનું હોય છે.
* કારણ બીજા તમામ જીવો કરતાં માણસ પાસે એક ખાસ ચીજ છે અને તે બુદ્ધિ.
- આ બુદ્ધિએ સર્જેલા
* આદર્શો, ધ્યેયો,
* શોધેલાં સત્યો, સિદ્ધાંતો,
* ઘડેલા નિયમો કાનૂનો,
* રચેલી સંગિતા, ન્યાયવિધિ
* વ્યક્ત કરેલા વિચારો, તત્ત્વો
- એ તમામને એક એવું નામ આપ્યું જેને સૌ સમજી શકે અને આ નામ એટલે
* ધર્મ

પ્રેરણાસ્ત્રોતઃ

જ્યારે મહાન શક્તિઓનો દુરુપયોગ કરવામાં આવે છે, ત્યારે વિશ્વમાં અશાંતિ ફેલાવવી સ્વાભાવિક જ છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# દેવોને ભોજનમાં અપાતી પાંચ આહુતિનું રહસ્ય!

સનાતન ધર્મમાં આપણે કોઈપણ ધાર્મિક કાર્ય કરીએ, પછી તે પૂજન હોય, યજ્ઞ-હવન હોય કે અન્ય, તેમાં દેવોને ભોજનનો ભોગ અપાય છે. દેવોને જમાડવા આપણે પાંચ આહુતિઓ આપીએ છીએ. ઓમ પ્રાણાય સ્વાહા, ઓમ અપાનાય સ્વાહા, ઓમ ઉદાનાય સ્વાહા, ઓમ વ્યાનાય સ્વાહા અને ઓમ સમાનાય સ્વાહા. ઘણા એવો પ્રશ્ન કરે છે પાંચ કોળિયા જ કેમ? આજના જમાનામાં મોટાભાગનાં સનાતની બાળકો ધાર્મિક શિક્ષણથી વંચિત છે. એટલે ધર્મનો પાયો કાચો છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીંજ કહેવાય. તેના કારણે જ સનાતન ધર્મની ખૂબીઓ અને તેની વૈજ્ઞાનિકતાથી અજાણ પણ છે. અરે, ઘણીવાર તો આપણાં બાળકો કરતાં વિદેશીઓ આપણા ધર્મ વિશે વધારે જાણતા હોય છે.



આપણું શરીર એક સ્વયંસંચાલિત મશીન છે. તેને કોઈ વાયર જોડાયા નથી, ન કોઈ બેટરી લગાડી છે. કોઈ સોફ્ટવેર ઇન્સ્ટોલ પણ નથી થયું. તેમ છતાં કેવું અદ્‌ભુત કાર્ય કરે છે! માનવ શરીર ભલે મશીન જેટલું મોટું ન હોય, પરંતુ તેની રચના અને કાર્યપદ્ધતિ અસાધારણ રીતે જટિલ અને સંવેદનશીલ છે. સ્વાભાવિક રીતે, તેને સતત ચાલુ રાખવા માટે ઉચ્ચ સ્તરની ઊર્જાનો ઉપયોગ થાય છે. તેનો પૂરતો જથ્થો આપણને કુદરતી રીતે ઉપલબ્ધ છે.

શરીરના દરેક ભાગમાં એવાં રસાયણો ભરેલા હોય છે જે ઊર્જા ઉત્પન્ન કરે છે. માઇટોકોન્ડ્રિયા. બીજા શબ્દોમાં કહીએ તો, તેને કોષનું પાવર હાઉસ. ખોરાક, લોહી, માંસ, હાડકાં વગેરેમાંથી પસાર થઈને, તે આખરે આ સંસ્થામાં પહોંચે છે અને ઊર્જાનું સ્વરૂપ લે છે. દરેક વ્યક્તિમાં જોવા મળતી માનવીય ઊર્જાને આધ્યાત્મિકતાની ભાષામાં પ્રાણ કહેવામાં આવે છે. આપણે એવા કેટલાય કિસ્સાઓ સાંભળ્યા છે કે જેમાં વ્યક્તિના શરીરમાંથી વીજળીનો એવો કરંટ દોડતો હોય કે તેમનામાં ચુંબકીય શક્તિ હોય. વૈજ્ઞાનિકો તેને અનેક રીતે સમજાવવાના પ્રયત્નો કરે છે. પણ અધ્યાત્મના દૃષ્ટિકોણથી આ શક્તિનો સ્વીકાર કરતા ખચકાય છે. ખેર, આ એક સ્વતંત્ર વિષય છે.

આ પ્રાણનો ઉપયોગ યોગીઓ વિવિધ યોગિક ક્રિયાઓ દ્વારા જાગૃત અને નિયંત્રિત કરવા માટે કરતા હતા જેથી તેમના આલોક અને પરલોક બંનેને સક્ષમ બનાવી શકાય. પ્રશ્નોપનિષદમાં કહ્યું છે, આ બ્રહ્મપુરી અર્થાત શરીરમાં રહેલો પ્રાણ અનેક પ્રકારના અગ્નિના રૂપમાં બળે છે. માનવ શરીરમાં, પ્રાણને દસ ભાગોમાં વહેંચાયેલું માનવામાં આવે છે. આમાં પાંચ પ્રાણ અને પાંચ ઉપ-પ્રાણ છે. પાંચ મુખ્ય પ્રાણ છે (૧) અપાન (૨ સમાન (૩) પ્રાણ (૪) ઉદાન (૫) વ્યાન. ઉપ-પ્રાણોના નામ છે (૧) દેવદત્ત (૨) વૃકલ (૩) કુર્મ (૪) નાગ (૫) ધનંજય.

અપાનઃ જેની પાસે અશુદ્ધિઓ ફેંકવાની શક્તિ છે તે અપાન છે. પેશાબ, મળ, પરસેવો, કફ, માસિક રક્ત, વીર્ય, ગર્ભ, પ્રસૂતિ વગેરે બહાર કાઢવાની ક્રિયાઓ આ અપાન પ્રાણની શક્તિ દ્વારા પૂર્ણ થાય છે.

સમાનઃ જે રસને તેમના યોગ્ય સ્થાન પર લઈ જાય છે અને તેનું વિતરણ કરે છે તે સમાન છે. તેનું કામ પાચન રસ ઉત્પન્ન કરવાનું અને તેનું યોગ્ય સ્તર જાળવવાનું છે. પતંજલિ યોગસૂત્રના પદ ૩ સૂત્ર ૪૦ માં કહેવામાં આવ્યું છે - 'સમાન જયાત પ્રજ્વલમ' એટલે કે શરીરની ઊર્જા અને પ્રવૃત્તિ સમાન દ્વારા પ્રજ્વલિત રહે છે.

પ્રાણઃ જે શ્વાસ, ખોરાક વગેરે ખેંચે છે અને શરીરમાં બળનું સંક્રમણ કરે છે તે પ્રાણ છે. આ સામાન્ય રીતે ઉચ્ચારણમાં સૌથી પ્રખ્યાત શબ્દ છે.

ઉદાનઃ મતલબ, જે શરીરને ઊંચું રાખે છે, તેને મજબૂત રાખે છે, અને તેને પડવા દેતું નથી - તે ઉદાન છે. ઉપરની ગતિની ઘણી પ્રત્યક્ષ અને પરોક્ષ ક્રિયાઓ આ દ્વારા પૂર્ણ થાય છે.

વ્યાનઃ જે આખા શરીરમાં વ્યાપ્ત છે તે વ્યાન છે. તે રક્ત પરિભ્રમણ, શ્વાસ, ચેતા વગેરે માધ્યમો દ્વારા સમગ્ર શરીરને નિયંત્રિત કરે છે. આંતરિક અંતરાત્મા દ્વારા સ્વ-સંચાલિત શારીરિક પ્રવૃત્તિઓ આ દ્વારા પૂર્ણ થાય છે.

આ પ્રાણમાંથી એક પણમાં જ્યારે અધિકતા કે અલ્પતા આવે ત્યારે તેની સીધી અસર આપણા આરોગ્ય ઉપર અને આપણા મન પર થાય છે. તેની અસર આધ્યાત્મિક સાધના ઉપર પણ થાય છે. તેથી, જ્યારે આપણે દેવોને ભોજનની આહુતિ આપીએ છીએ, ત્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ કે ઈશ્વર અમારા શરીરમાં રહેલા પાંચેય પ્રાણમાં એકરૂપતા રહે, જેથી અમારું આરોગ્ય સારું રહે. કારણકે અમારું શરીર અધ્યાત્મના માર્ગમાં ઉન્નતિના પંથે જવાનું સાધન છે. આ પાંચ પ્રાણ શક્તિની પાંચ ધારા છે. આપણે લીધેલું ભોજન આ પાંચેય પ્રાણને એક સમાન રૂપે પોષણ આપે તે ભાવના આપણી આહુતિમાં રહેલી છે. છે ને રસપ્રદ વાત?! આપણા ધર્મમાં કોઈપણ ક્રિયા કે વિધિ અકારણ કે અર્થહીન નથી. જરૂર છે આપણે તેને જાણવાની, સમજવાની અને અપનાવવાની.■

# અહિંસા, સદાચાર ને સુવ્યવહાર કદી વ્યર્થ જતો નથી

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

પાટલીપુત્રના રાજા ક્ષુવને ભગવાન વિષ્ણુએ સાક્ષાત દર્શન આપ્યા હતા અને તેમની કીર્તિ જગવિખ્યાત થાય તેવું વરદાન આપ્યું હતું. એક દિવસ રાજા ક્ષુવ પોતાના રાજરસાલા સાથે વનગમન કરતાં કરતાં ઋષિ દધીચિના આશ્રમ પાસે આવી પહોંચ્યાં. આશ્રમમાં રાજા ક્ષુવ અને ઋષિ દધીચિના અનુયાયીઓ સામસામે શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. એ દરમિયાન એ વાત પર ચર્ચા થવા લાગી કે શ્રેષ્ઠ કોણ? રાજા કે તપસ્વી? રાજા ક્ષુવ કહે છે 'રાજા જ શ્રેષ્ઠ ગણાય. સામે ઋષિ દધીચિ કહે છે, 'તપસ્વી જ મહાન.' રાજા ક્ષુવ અને ઋષિ દધીચિ વચ્ચે વિવાદ વધતો ગયો અને છેલ્લે ક્રોધાવેશમાં રાજાએ ઋષિ દધીચિના મસ્તક પર પ્રહાર કર્યો. વજ્રથી ઋષિ દધીચિ મૂર્છિત થયા. અસુરગુરુ શુક્રાચાર્યએ મૃત્યુંજય વિદ્યાના પ્રતાપે ઋષિ દધીચિને પૂર્વવત બનાવી દીધા. ઋષિ દધીચિ વનમાં જઈ ઉગ્ર તપ કરવા લાગ્યા. અંતે ઋષિ દધીચિએ ભગવાન શિવ પાસે વરદાન મેળવ્યું કે, મારાં અસ્થિ વજ્ર સમાન દૃઢ બની જાય, કોઈ મારો વધ ન કરી શકે અને મારામાં ક્યારેય હીનભાવના ન પ્રવેશે. ઋષિ દધીચિને વરદાન મળતાં જ તેમનામાં રહેલી વેરની ભાવના જાગ્રત થઈ ગઈ. વરદાન પ્રાપ્ત કરી તેઓ સીધા રાજા ક્ષુવના રાજમહેલ પર પહોંચ્યાં. બંને વચ્ચે હુંસાતુંસી થઈ અને અંતે રાજા ક્ષુવે ક્રોધિત થઈ ઋષિ દધીચિ પણ વજ્રનો પ્રહાર કર્યો, પરંતુ વરદાનને લીધે વજ્ર લેશમાત્ર હાનિ નહિ પહોંચાડી શક્યું. આથી રાજા ક્ષુવનું સ્વમાન ઘવાયું. રાજા ક્ષુવ વધુ શક્તિશાળી બનવાં વનમાં જઈ ઘોર તપસ્યા કરવા લાગ્યા. ઘણાં વરસોની તપસ્યા બાદ ભગવાન વિષ્ણુ પ્રસન્ન થતાં તેમને દર્શન દીધાં. રાજા ક્ષુવે કહ્યું, 'ઋષિ દધીચિ વરદાન પ્રાપ્ત કરી ઘમંડી બની ગયા છે. હું તેનો બદલો લેવા ઇચ્છું છું.' ભગવાન વિષ્ણુ રાજા ક્ષુવને ઋષિ દધીચિને મળવા લઈ જતા હતા તે દરમિયાન ઋષિ દધીચિ જ સામેથી આવતાં દેખાયાં. ભગવાન વિષ્ણુએ બંનેને સમજાવતા કહ્યું કે, 'રાજા રાજ્યનો પિતા સમાન હોય છે તેણે રાજ્યના દરેકના સુખ-મંગલ માટે સમાજ કલ્યાણના કાર્ય કરવાના હોય છે, તો તપસ્વીની જવાબદારી તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવાની હોય છે એટલે રાજા અને તપસ્વી બંને મહાન અને શ્રેષ્ઠ છે.' ભગવાન વિષ્ણુની વાત શિરોમાન્ય કરતા રાજા ક્ષુવ અને ઋષિ દધીચિનો અહંકાર ઓગળી ગયો અને તેઓ બંને ભગવાન વિષ્ણુએ આપેલી જવાબદારીના કાર્યમાં ઓતપ્રોત થઈ જાય છે. જે સ્થળે ભગવાન વિષ્ણુ અને ઋષિ દધિચીનો મેળાપ થયો હતો તે સ્થળ આજે પણ સ્થાનેશ્વર તીર્થધામ તરીકે પ્રસિદ્ધ છે. સ્થાનેશ્વર ધામનું શરણું લેતા દરેક માનવી નિરઅહંકારી બની જાય છે અને અંતે વૈકુંઠલોક પામે છે.

***

સમગ્ર લોકોમાં શાંતિનું વાતાવરણ હોય છે. વૈકુંઠલોકમાં ભગવાન શ્રીહરિ વિષ્ણુ નાગશૈયા પર શયન કરી રહ્યા હોય છે, બ્રહ્મલોકમાં બ્રહ્માજી અને કૈલાસ ખાતે ભગવાન શિવ તપમાં લીન હોય છે. અચાનક પૃથ્વીલોકથી 'ૐ નમઃ શિવાયઃ'નો સ્વર ગૂંજવા માંડે છે અને તે કૈલાસ સુધી પહોંચે છે. એ સ્વરથી ભગવાન શિવની તપસ્યા ભંગ થાય છે. તેઓ નજર માંડે છે કે આ કોનો સ્વર ગૂંજી રહ્યો છે.

માતા પાર્વતીઃ 'પ્રભુ આ વળી પાછું કોણ તમારી તપસ્યા કરી રહ્યું છે. તમારા મુખ પર પ્રસન્નતાની ઝાંખી દેખાઈ રહી છે એટલે મારે તમને એટલું તો કહેવું જ પડશે કે, પ્રસન્નતામાં કોઈ અસુરને અમરતાનું વરદાન ન આપી બેસતાં.'

ભગવાન શિવઃ 'દેવી આ સ્વર મારા પ્રખર ભક્ત દૈત્યરાજ વિદ્યુત્કેશીના પુત્ર સુકેશીનો છે. હું તો મારા ભક્તોના પ્રેમથી બંધાયેલો છું, તેમને જે વરદાન જોઈશે તે તો મારે આપવું જ પડશે, નહીં તો સાધકો પોતાના આરાધ્યથી વિમુખ થઈ જશે.'


માતા પાર્વતીઃ 'જેવી તમારી ઇચ્છા.'

ભગવાન શિવ વરદાન આપવા સુકેશી પાસે પહોંચે છે.

ભગવાન શિવઃ 'ઊઠો સુકેશી, વરદાન માગો.'

સુકેશીઃ 'પ્રભુ વરદાન તરીકે મને એક અવર્ણનીય અને અજય નગરી વસાવી આપો જે અંતરિક્ષમાં હોય.

ભગવાન શિવે તુરંત ભગવાન વિશ્વકર્માને આદેશ આપ્યો કે સુકેશીને અંતરિક્ષમાં અવર્ણનીય અને અજય નગરી વસાવી આપો. ભગવાન વિશ્વકર્માએ તુરંત અવકાશમાં સુંદર નગર વસાવી દીધું. આ નગરમાં સમગ્ર સંસારના રાક્ષસો સાથે સુકેશી રહેવા લાગ્યો. આ નગર સર્વ પ્રકારે સમૃદ્ધ હતું. સુકેશી અસુરોને સદ્‌ઉપદેશ દ્વારા સદાચારી બનાવવા માંગતો હતો.



સુકેશીનું આ નગર અવકાશમાં સૂર્યની માફક ઝળહળતું હતું. આથી પૃથ્વી પરના ઋષિમુનીઓ રાતને દિવસ સમજીને રાત્રે પણ યજ્ઞ કરતા હતા. લોકો એવું અનુમાન લગાવી બેઠા હતાં કે ચંદ્રએ સૂર્યને જીતી લીધો છે. તેથી ચંદ્ર પણ સૂર્યની જેમ ચળકી રહ્યો છે.

આવું સાંભળતાં જ સૂર્યદેવનો ક્રોધ આસમાને પહોંચી ગયો. તેમણે આ નગરને આકાશથી નીચે ઉતારી પાડવા પ્રખર તાપની વર્ષા કરી. આખું નગર એકદમ ગરમ થઈ ગયું. અસુરો અસહ્ય તાપને લીધે ત્રાહિમામ પોકારી ગયા. નગર ધીરે ધીરે ખરતા તારાની માફક પૃથ્વી તરફ ગતિ કરવા લાગ્યું.

નગરને પૃથ્વી તરફ સરકતું જોઈ સુકેશી હાંફળોફાંફળો મહેલમાંથી બહાર આવ્યો. તેણે જોયું કે નગર પૃથ્વી તરફ ધસી રહ્યું છે. નગરના અસુરો ક્રોધાવેશમાં આકુળવ્યાકુળ થઈ ગયા હતા. તેમને લાગતું હતું કે સુકેશીના સદ્‌ઉપદેશ અને સદાચારની નીતિએ જ તેમનું અધઃપતન થયું છે. અહિંસા, દયા અને સદાચારની નીતિ વ્યર્થ છે.

નગરના અસુરોને શાંતિ ધારણ કરવાનો અનુરોધ કરતાં સુકેશીએ કહ્યું કે, 'આપણાં પર આવી પડેલી વિપદાના નિવારણ માટે આપણે સૌએ ભગવાન શિવને પ્રસન્ન કરવા જોઈએ, તેઓ આપણું જરૂર કલ્યાણ કરશે. અહિંસા, સદાચાર અને સુવ્યવહાર કદી વ્યર્થ જતો નથી, આપણી ધારણાઓ જો બધી સિદ્ધ થતી હોત તો પછી ધર્મ અને મોક્ષનો પુરુષાર્થ કોણ કરે? થોડીક આવી પડેલી વિપદા કે કષ્ટના જે રોદણાં રૂએ તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. સહન કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. દેવ, દાનવ કે માનવ દરેક જણ સુખ... સુખ...જ ઝંખ્યા કરે છે, પણ સુખની અનુભૂતિ થતી નથી. 'શ્રદ્ધાવાન લભતે સુખમ'ના સૂત્રાનુસાર સુખ માટે શ્રદ્ધા જોઈએ. પાપ-પુણ્યના સિદ્ધાંતો પર રાખેલી શ્રદ્ધા સુખ લઈને આવે છે. શ્રદ્ધાવાળો આત્મા જ અન્યને સુખનો માર્ગ દાખવી શકે છે. આજે આપણી નગરી દુઃખના દાવાનળમાં સળગી રહી છે અને આકાશમાંથી આપણી નગરી પૃથ્વી તરફ ધસી રહી છે, ત્યારે આપણે શાંતિ રાખવાની જરૂર છે. સાચી શ્રદ્ધાવાળો જ સાચું મનઃસ્વાસ્થ્ય પામી શકે છે. આપણે ભગવાન શિવને પ્રસન્ન કરવા તપ અને સાધનાના માર્ગે આગળ ધપવાનું છે. અટકવાનું માત્ર વિસામો લેવા માટે. વિસામો ગતિને વેગવંતી બનાવનાર હોય છે અને ગતિ કે પ્રગતિને વેગવંતી બનાવે તે જ વિસામો કહેવાય.'

વધુમાં જણાવતાં કહે છે કે, બાંધેલાં કર્મો અવશ્ય ભોગવવા પડેલ છે, જ્યાં સુધી આત્મા કર્મપરવશ છે, ત્યાં સુધી આ સ્થિતિનો અંત આવશે નહીં, માટે જીવનમાં જો કોઈ મહાન પુરુષાર્થ કરવા જેવો હોય તો તે કર્મોનાં બંધનો તોડવા માટે કરવાનો છે. આપણે મન, વચન અને શરીર આમ ત્રણ પ્રકારથી સારાં અને ખરાબ કર્મો કરતાં હોઈએ છીએ. સારાં કર્મોનું ફળ સારું અને ખરાબ કર્મોનું ફળ ખરાબ મળ્યા વગર રહેતું નથી. કેટલાંક કર્મોનું ફળ તુરત અને કેટલાંક કર્મોનું ફળ ભવિષ્યમાં અને આ જન્મમાં ન મળે તો આવતા જન્મમાં પણ મળતું રહે છે. એનો મતલબ એ છે કે મન, વાણી અને કાયા વડે થયેલાં કર્મોનું ફળ મળ્યા સિવાય રહેતું નથી.

કર્મ ત્રણ પ્રકારના છે - ૧) સંચિત કર્મ ૨) પ્રારબ્ધ કર્મ અને ૩) ક્રિયમાણ કર્મ. (ક્રમશઃ)■

# શુભ દરેક સ્થાનેથી પ્રાપ્ય કરતાં રહેવું

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

સૃષ્ટિમાં જેટલી શુભ બાબતો છે તેટલી જ કદાચ અશુભ છે અને તેટલી જ સંખ્યામાં શુભાશુભ - તટસ્થ બાબતો હશે. સૃષ્ટિમાં દરેક પ્રકારના રંગો જોવા મળે, સફેદ પણ, શ્યામ પણ અને રાખોડી પણ. અહીં મીઠાશ અને તીખાશ સાથે મોળો સ્વાદ પણ ચારે તરફ પ્રવર્તમાન હોય છે. અહીં સૌંદર્ય પણ છે અને કદરૂપતા પણ, આ બે વચ્ચે સામાન્ય દેખાવનું પણ મહત્ત્વ છે. અહીં રાત્રિ પણ છે, દિવસ પણ છે અને તે બંનેનો સંયોગ પણ છે. સૃષ્ટિમાં સત્ય પણ જોવા મળશે, અસત્ય પણ દ્રષ્ટિએ ચડશે અને કોઈપણ પ્રકારના મૂલ્ય વગરનું વિધાન પણ અહીં સાંભળવા મળે. અહીં ઈશ્વર પણ છે અસુર પણ છે અને બંનેની સંભાવનાના સમન્વય સમાન માનવી પણ છે. સૃષ્ટિ દરેક પ્રકારની પરિસ્થિતિનો સમન્વય છે. શું ગ્રહણ કરવું તે વ્યક્તિ પર આધાર રાખે છે.

શુભ એટલે એવી પરિસ્થિતિ કે જે કલ્યાણકારી હોય. શુભ પરિસ્થિતિ સત્યના માર્ગે લઈ જાય, ધર્મના આચરણ માટે પ્રેરણા આપે, નૈતિકતા-યુક્ત વર્તન માટેની પરિસ્થિતિ સર્જે, મનના કુ-વિચારો તથા આવેગને નિયંત્રિત કરી શકાય તેની કાળજી રાખે, વિવેક અને સંયમને સ્થાપિત થવા દે, શ્રદ્ધાને ટકાવી રાખે, સત્કાર્ય માટેની સંભાવના ઊભી કરે અને ઈશ્વર તથા સૃષ્ટિના નિયમોને માન્ય હોય તેવું પરિણામ ઉદ્‌ભવે તેવી બુદ્ધિ આપે. શુભ પરિસ્થિતિમાં સંપન્ન થતાં કાર્યનું પરિણામ શુભ હોય. શુભનું પરિણામ શુભ જ હોય.

શુભ પરિસ્થિતિ ઈશ્વરના આશીર્વાદ સમાન ગણાય. આ પરિસ્થિતિમાં પાપ કે અધર્મની સંભાવના ન હોય. શુભ પરિસ્થિતિમાં સત્ય પ્રવર્તમાન હોય. શુભ પરિસ્થિતિમાં મનમાં વિષય-રાગ તથા વિકાર ન જન્મે. શુભ પરિસ્થિતિ સાત્વિકતાને જન્મ આપે, આસુરી વૃત્તિ નિયંત્રણમાં રાખે, કામ ક્રોધ લોભ મોહ માટેની પરિસ્થિતિ ન સર્જાવા દે, ત્યાં અભિમાન તેમજ સ્વાર્થવૃત્તિ નાશ પામે. શુભ પરિસ્થિતિ મહાદેવના સાંનિધ્યમાં ઉદ્‌ભવતી કલ્યાણકારી ઘટના શિવત્વ સમાન હોય છે.

દરેક પરિસ્થિતિમાં શુભ અશુભ અને તટસ્થ એ ત્રણેય બાબતો હયાત



રહેતી હોવાથી પસંદગીમાં સાવચેતી રાખવી પડે. પસંદગી હંમેશાં શુભની કરવાની. એ બાબત શુભ છે કે નહીં તેની ચકાસણી કરવી પડે. પ્રત્યેક જટિલ પરિસ્થિતિમાં શુભતાને શોધી શુભતામાં પ્રવેશ કરવાનો હોય, શુભત્વ ધારણ કરવાનું હોય, શુભતા પ્રાપ્ત કરવાની અને અંતે શુભ પરિણામ આવે તે માટે પરિશ્રમ કરવાનો હોય - પુરુષાર્થ કરવાનો હોય. જો મન વિકાર ગ્રસ્ત હોય, વ્યક્તિ અહંકારથી ઘેરાયેલો હોય, વિવેક નષ્ટ થયો હોય, અસંયમિત ઇન્દ્રિય-લક્ષી મનોભાવ જાગ્રત થયો હોય, છ પ્રકારના દુશ્મનો - ષડરીપૂ - વિચારો હાવી થઈ ચૂક્યા હોય - કે આવી કોઈપણ નકારાત્મક પરિસ્થિતિ સર્જાઈ હોય ત્યારે શુભ પરિસ્થિતિ પણ ઇચ્છિત પરિણામ ન આપી શકે. મનની ભૂમિકા પરિણામને ઘણી રીતે નિર્ધારિત કરી શકે.

વિષાદપ્યમૃતં ગ્રાહ્યમ્ ચાણક્ય નીતિમાં કહેવાય આ વાક્ય ઘણી બધી વાતો એક સાથે કહી જાય છે. એક, વિષાદ અર્થાત્ ઝેર કે ઝેર સમાન પરિસ્થિતિ ચારે તરફ રહેવાની જ. બીજું, તે સ્થિતિ સાથે સંપર્ક સ્થપાશે જ. ત્રીજું, તે પરિસ્થિતિમાં અમૃત હોવાની સંભાવના હશે જ. ચોથું, તે ઝેર યુક્ત પરિસ્થિતિમાંથી પણ જે કોઈ પ્રકારનું, જે પણ માત્રામાં અમૃત હયાત હોય તેને પામી લેવા પ્રયત્ન કરવો. પાંચમું, ઝેરથી ચારે તરફ ઘેરાયેલું આવું અમૃત પણ વ્યક્તિ માટે શુભ બની શકે. આપણા સનાતની સાહિત્યમાં એક નાનકડા વાક્યથી પણ કેટલો મહાન સંદેશો પહોંચી શકે છે તે આ શ્લોક પરથી જાણી શકાય. આ તો દુનિયાના વ્યવહાર માટેનો શ્લોક છે, છતાં પણ તેમાં જે આધ્યાત્મિક ઊંડાણ દેખાય છે તે રોમાંચિત કરી દે છે.

જીવનના એક તબક્કે શુભ અને અશુભ, બંને ભાવથી મુક્ત થવું પડે. જ્યાં સુધી આ પ્રકારના દ્વન્દ્વમાં અસ્તિત્વ સંલગ્ન હોય ત્યાં સુધી અંતિમ મુકામ સુધી પહોંચવું મુશ્કેલ બની રહે. પ્રવૃત્તિ કે નિવૃત્તિ બંનેમાંથી એક પણ સાથે જોડાવાનું નથી. કર્મ અને અકર્મ બંનેને સમાન નજરે જોવાનાં છે. સત્ય અને અસત્ય બંને વચ્ચેનો ભેદ મિટાવી સમગ્ર વિશ્વને સત્ય-સ્વરૂપ જાણવું જરૂરી છે. આજ અને કાલ જેવો સમયનો ભેદ મિટાવીને સમયની મર્યાદાથી પર થવું જરૂરી છે. અહીં અને ત્યાં જેવો સ્થળનો ભેદ પણ નાશ થવો જોઈએ. જે જે બાબત આ કે તે એ પ્રકારની ધારણા ઊભી કરે તેનાથી મુક્તિ મળવી જોઈએ. પછી તો શુભ-અશુભ જેવો નિર્ણય પણ ન રહે.

છતાં પણ જીવન છે ત્યાં સુધી શુભનો સાથ જાળવી રાખવો જોઈએ, શુભને મહત્ત્વ આપવું જોઈએ, શુભ સ્થાપવાનો પ્રયત્ન કરવો જોઈએ, સર્વત્ર શુભતા માટે ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ, વાણી વર્તન અને વિચાર શુભ આધારિત હોવા જોઈએ, વડીલો પાસેથી શુભતા માટેના આશીર્વાદ માગવા જોઈએ અને અનુજોને શુભતાના આશીર્વાદ આપવા જોઈએ અને જીવનને શુભના પર્યાય તરીકે ગણવું જોઈએ. અહીં અશુભને સ્થાન ન મળવું જોઈએ.

શુભ થાઓ આ સકળ વિશ્વનું - સનાતની સંસ્કૃતિની આ પરંપરા છે. અહીં સમગ્ર વિશ્વનું કલ્યાણ થાવ તેવી ભાવના રખાય છે. સમગ્ર વિશ્વને એક કુટુંબ ગણી તેના કલ્યાણ માટે પ્રાર્થના કરાય છે. બધાને સન્મતિ મળે તેવી આશા રખાય છે. અહીં દરેક સ્થાનેથી શુભ વિચાર પ્રાપ્ત થાવ તેવી ઈશ્વરને વિનંતી કરાય છે. સમગ્ર વિશ્વમાં શુભતા પ્રસરે તેવી વ્યવસ્થા ઈશ્વરે સ્થાપેલી જ છે તેવો વિશ્વાસ રખાય છે. સનાતનની સંસ્કૃતિ એટલે જ સર્વની શુભતાનો પર્યાય. ■

# માતા પાર્વતી ને ગૌરીના એક સાથે કરો દર્શન

ફોકસ

મનોજ પ્રકાશ
feedback@bombaysamachar.com

આદિ કૈલાસ ઉત્તરાખંડનું એક માત્ર એવું તીર્થસ્થળ છે કે જ્યાં પહોંચતા જ મનને અસીમ શાંતિ તો મળે છે, પરંતુ સાથે જ માતા પાર્વતી અને ગૌરીના દર્શનનો પણ લાભ મળે છે. બન્ને માતા એક જ શક્તિનું રૂપ છે. નામ બન્નેના અલગ છે પણ અસ્તિત્વ એક જ છે. તેઓ શંકર ભગવાનનાં પત્ની છે. ધર્મ-કર્મની દૃષ્ટિએ તેમનાં નામોનો ઉપયોગ એક જ દેવી માટે કરવામાં આવે છે. મા ગૌરી પાર્વતી માતાનું જ રૂપ છે. જે સૌમ્યતા અને શુભ્રતાનું પ્રતીક છે. તો માતા પાર્વતી સાહસ અને શક્તિને દર્શાવે છે.

માતા પાર્વતીનું વાહન સિંહ છે. તો ગૌરી માનું વાહન બેલ છે. આદિ કૈલાસમાં જ્યારે ઓમ પર્વતના દર્શન કરીએ તો ત્યાં સ્થિત ગૌરી કુંડ જઈને ધન્યતા પ્રાપ્ત થાય છે. અહીંથી કેદારનાથ માત્ર ૧૪ કિલોમીટરના અંતરે છે.

આ એક એવું સ્થળ છે જ્યાં શિવની સાથે પવિત્ર ઓમ પર્વતનાં પણ દર્શન થાય છે.

પૌરાણિક માન્યતા મુજબ ઉત્તરાખંડમાં એક એવું સ્થાન છે જ્યાં આજે પણ ગંગા નદી મહાદેવની પરિક્રમા કરે છે.

દરેક હિન્દુની ઈચ્છા હોય છે કે તે તેના જીવનકાળ દરમિયાન એક વખત તો માનસરોવરની યાત્રા કરે અને શિવના સાંનિધ્યમાં પોતાને ઓતપ્રોત કરી દે છે.

અહીં પાર્વતી સરોવર એક પવિત્ર સરોવર છે. જે મા પાર્વતીને સમર્પિત છે. અહીં પહોંચીને આધ્યાત્મિક શાંતિ અને આનંદ મળે છે. કુદરતના ખોળે વસેલા આ સરોવરની સુંદરતા મનમોહક છે. વિશાળ હિમાલય પર્વતની શૃંખલાઓથી ઘેરાયેલા આ સરોવર પર્વતરાજ હિમાલય અને મૈના માતાની યાદ અપાવે છે. તેમના સાંકેતિક અલૌકિક દર્શન કરીને ધન્યતા મળે છે.

પાર્વતી સરોવરથી થોડા અંતરે ગૌરી કુંડ છે. એ પણ માતા પાર્વતીને સમર્પિત છે. માત્ર નામનો જ ફરક છે. એવી માન્યતા છે કે માતા પાર્વતીએ એમાં સ્નાન કર્યું હતું. અહીંથી હિમાલય પર્વતની શૃંખલાઓ ખૂબ નજીકથી દેખાય છે. એવું કહેવાય છે કે પાર્વતી સરોવર-ગૌરી કુંડના જળનું આચમન આપણને સંસારનાં તમામ દુઃખોથી મુક્તિ



અપાવે છે. ગૌરી કુંડ વિશ્વનું સૌથી ઊંચા સ્થાને સ્થિત સરોવર છે.

૧૫ હજાર ફીટની ઊંચાઈએ આદિ કૈલાસ સ્થિત છે. અહીંનો માર્ગ કોઈ રોમાંચથી ઓછો નથી. કૈલાસ પર્વત જેવો જ આદિ કૈલાશ છે. આદિ કૈલાસનું વર્ણન તો રામાયણ, મહાભારત અને પુરાણોમાં પણ મળી આવે છે. જે ભક્તો કૈલાશ માનસરોવરના દર્શન નથી કરી શકતા તેઓ આદિ કૈલાસના દર્શન કરીને ભગવાન શિવના આશીર્વાદ મેળવી શકે છે. કૈલાસ માનસરોવરને ભગવાન શિવનું ઘર કહેવામાં આવે છે. સાથે જ મોક્ષ અને આધ્યાત્મિકતાનું પ્રતીક પણ માનવામાં આવે છે. આટલું જ નહીં કૈલાસ પર્વત બ્રહ્માંડનું કેન્દ્ર પણ ગણાય છે.

આદિ કૈલાસના આ સરોવરનું મહત્ત્વ એટલા માટે પણ અનેકગણું છે કેમ કે અહીં માતા પાર્વતીએ પુત્ર ગણેશને પ્રાપ્ત કર્યા હતા.

આદિ કૈલાસને અન્ય શિવતીર્થોમાં સૌથી મોખરે રાખવામાં આવ્યું છે. થોડી ટ્રેકિંગ બાદ શિવની સાથે માતા પાર્વતી, માતા ગૌરી, પર્વતરાજ હિમાલય અને કૈલાસ પર્વતના એક સાથે દર્શન કરી શકો છો. અહીં આવીને એવો અનુભવ થાય છે જાણે કે સાક્ષાત શિવ આપણા પર આશિષની વર્ષા કરી રહ્યા હોય. અહીં ભગવાન શંકરે ધ્યાન-યોગ કર્યા હતા. ભોળાનાથનું આ લોકપ્રિય સ્થળ છે. એવી માન્યતા છે કે જ્યારે ભગવાન શિવ માતા પાર્વતી સાથે વિવાહ કરવા જઈ રહ્યા હતા ત્યારે અહીં આવીને રોકાયા હતા. સાથે જ નજીકમાં ત્રિયુગીનારાયણ મંદિર પણ છે, જ્યાં ભગવાન શિવ અને પાર્વતીના વિવાહ સંપન્ન થયા હતા.

આદિ કૈલાસ માનસરોવર જતી વખતે આવે છે. અહીં યાત્રા કરવા આવેલા લોકોનું કહેવું હતું કે તેમને ઓમના નાદ સંભળાઈ રહ્યા હતા.

આદિ કૈલાસ જવા માટે પિથૌરાગઢ પ્રશાસન પાસેથી ઇનરલાઈન પરમિટ લેવી પડે છે. પર્વતની જેમ જેમ ઊંચાઈએ જઈએ તેમ તેમ ઑક્સિજનની ઊણપ વર્તાવા લાગે છે. અહીં તેજ પવન વાતા હોય છે. એથી જેમને શ્વાસની તકલીફ હોય અને હાર્ટના પેશન્ટ હોય તેમને આ યાત્રા ન કરવી જોઈએ. એથી યાત્રા શરૂ કરતા અગાઉ સ્વાસ્થ્યની પૂરી તપાસ કરાવવી જરૂરી છે.

આ યાત્રા દરમિયાન જાગેશ્વર, કસાર દેવી અને પાતાળ ભુવનેશ્વરના દર્શન પણ કરવા જરૂરી છે.

આવી રીતે ભોળાનાથ, માતા પાર્વતી અને મા ગૌરીની અસીમ કૃપા મેળવવા માટે આદિ કૈલાસની યાત્રા એકવાર કરવા જેવી છે. ■

# રિન્કુ સિંહ અને પ્રિયા સરોજે સગાઈ કરી: રિંગ ખાસ મુંબઈથી મગાવાઈ હતી



નવી દિલ્હી: ભારતીય ક્રિકેટર રિન્કુ સિંહની રવિવારે સમાજવાદી પાર્ટીની સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ થઈ અને નવેમ્બરમાં તેઓ લગ્નગ્રંથિથી જોડાઈ જશે. ગઈ કાલે તેમની સગાઈના લખનઊની ફાઇવસ્ટાર હોટેલ ખાતેના સમારંભમાં ભૂતપૂર્વ ક્રિકેટરો પ્રવીણ કુમાર, પીયૂષ ચાવલા અને ઉત્તર પ્રદેશ રણજી ટીમના સુકાની આર્યન જુયલ તેમ જ સમાજવાદી પાર્ટીના ચીફ અખિલેશ યાદવ તેમ જ આ પક્ષના અગ્રણીઓ જયા બચ્ચન, પ્રોફેસર રામગોપાલ યાદવ તેમ જ બીસીસીઆઇના ઉપ-પ્રમુખ રાજીવ શુક્લા સહિત ૩૦૦ જેટલા મહેમાનો હાજર હતા. સ્ટેજ પર જતાં જ પ્રિયા હર્ષનાં આસું રોકી નહોતી શકી. ત્યાર બાદ બન્નેએ એકમેકને રિંગ પહેરાવીને પોઝ આપ્યો હતો. પ્રિયા બેહદ ખુશ હતી. રિન્કુ-પ્રિયાની રિંગ ખાસ મુંબઈથી મંગાવવામાં આવી હતી. તેમની બન્નેની રિંગ કુલ મળીને અઢી લાખ રૂપિયાની હોવાનું મનાય છે. પ્રિયાએ પોતાના મૅન્યૂમાં રસગુલ્લા તેમ જ કાજૂ પનીર રૉલ બનાવડાવ્યા હતા, જ્યારે રિન્કુની ફેવરિટ ડિશમાં પનીર ટિક્કા અને મટર મલાઈનો સમાવેશ હતો. ■

# શ્રેયસ ઐયરે મને ગાળ આપી, જો તેણે થપ્પડ મારી હોત તો...: પંજાબના શશાંક સિંહે કર્યો મોટો ખુલાસો

ચંડીગઢ: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૮મી સીઝન ભલે પૂરી થઈ ગઈ, પણ એની ચર્ચા હજી થંભી નથી અને એમાં પણ પંજાબ કિંગ્સ (પીબીકેએસ) અને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) વચ્ચેની ગયા રવિવારની સેમિ ફાઇનલ સમાન મૅચની એક ઘટના ખૂબ ચર્ચામાં છે. અમદાવાદની એ ક્વૉલિફાયર-ટૂમાં પંજાબના કૅપ્ટન શ્રેયસ ઐયરે માત્ર ૪૧ બૉલમાં અણનમ ૮૭ રન કરીને પંજાબને ફાઇનલમાં પહોંચાડ્યું હતું. આપણે જે ઘટનાની વાત કરવા જઈ રહ્યા છીએ એ શ્રેયસ અને પંજાબના બૅટ્સમૅન શશાંક સિંહ વચ્ચેની છે.

બન્યું એવું કે મુંબઈ (૨૦ ઓવરમાં ૨૦૩/૬) સામે પંજાબે (૧૯ ઓવરમાં ૨૦૭/૫) છ બૉલ બાકી રાખીને વિજય મેળવ્યો ત્યાર બાદ પંજાબના ખેલાડીઓ એકમેકને ભેટી રહ્યા હતા અને હાથ મિલાવી રહ્યા હતા ત્યારે કૅપ્ટન શ્રેયસ સાથી-ખેલાડી શશાંકને ગાળ આપી રહેલો સંભળાયો હતો.

શશાંક સિંહ એ મૅચમાં ફક્ત બે રનના પોતાના સ્કોર પર રનઆઉટ થયો હતો. તે હજી માંડ ત્રીજો બૉલ રમ્યો ત્યાં તો વિકેટ ગુમાવી બેઠો હતો. ટ્રેન્ટ બૉલ્ટનો ચોથો બૉલ ઑફ સ્ટમ્પની બહારનો નીચો ફુલટૉસ હતો જેમાં શશાંકે બૉલને મિડ-ઑન તરફ મોકલતાની સાથે જ દોડવાનું શરૂ કરી દીધું હતું. સામા છેડે કૅપ્ટન શ્રેયસ ઐયર હતો. હાર્દિક પંડ્યાએ નૉન-સ્ટ્રાઇક એન્ડ પર સીધા થ્રોમાં શશાંકને રનઆઉટ કરી દીધો હતો. શશાંક ત્યારે થોડું ધીમું દોડ્યો હતો. શશાંકની એ પાંચમી વિકેટ પડી ત્યારે પંજાબે જીતવા ૩૫ રન કરવાના બાકી હતા અને ફક્ત ૨૦ બૉલ બાકી રહ્યા હતા. જોકે પછીથી માર્કસ સ્ટોઇનિસ સાથે મળીને ખાસ કરીને શ્રેયસે લાજવાબ ઇનિંગ્સથી પંજાબને જિતાડીને ફાઇનલમાં મોકલ્યું હતું. શ્રેયસે ત્યારે સતત બીજી આઇપીએલમાં પોતાની ટીમને ફાઇનલમાં મોકલી હતી. ૨૦૨૪માં શ્રેયસના સુકાનમાં કોલકાતાની ટીમ ફાઇનલમાં પહોંચ્યા બાદ હૈદરાબાદને હરાવીને ચૅમ્પિયન બની હતી.

મુંબઈ સામેની મૅચની ઘટના વિશે શશાંકે હવે ખુલાસો કર્યો છે કે એ મૅચમાં લાપરવાહી બદલ તેને કૅપ્ટન શ્રેયસની ગાળ પડી હતી અને તેની લાપરવાહી એવી હતી જેને લીધે પંજાબે પરાજય જોવો પડી શક્યો હોત. શશાંકે એક મુલાકાતમાં એવું પણ કહ્યું છે કે કૅપ્ટને તેને અપશબ્દો સાથે ઠપકો આપ્યો હતો, પણ પછી બન્નેએ સાથે ડિનર કર્યું હતું.

શશાંકે સ્પષ્ટતામાં વધુમાં કહ્યું કે 'હું ડિઝર્વ કરું છું. ઐયરે મને થપ્પડ જ મારી દેવી જોઈતી હતી. મારા પપ્પાએ પણ ફાઇનલ સુધી મારી સાથે વાત જ નહોતી કરી. હું એ મૅચમાં ખરા સમયે બેફિકર હતો. ઐયરે મને સાફ શબ્દોમાં કહી દીધું કે તેને મારી પાસે આવી આશા નહોતી. જોકે પછીથી ઐયરે મારી સાથે ડિનર કર્યું હતું.'



શશાંકે શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીની ભરપૂર પ્રશંસા કરી છે. તેણે કહ્યું છે કે 'વર્તમાન ક્રિકેટ જગતમાં શ્રેયસથી ચડિયાતો બીજો કોઈ કૅપ્ટન નથી. ડ્રેસિંગ-રૂમમાં બધા ખેલાડીઓને તે ભરપૂર ઉત્સાહ અપાવતો હોય છે અને બધા સાથે શાંતિથી વાત કરતો હોય છે. તે અમને પૂરતી આઝાદી પણ આપતો હોય છે.

શ્રેયસ યોગ્ય વ્યક્તિ પાસેથી યોગ્ય સલાહ લેવામાં ક્યારેય પાછીપાની નથી કરતો. કોઈ એવું ન કહી શકે કે શ્રેયસ ઍટિટ્યૂડવાળો છે. મેં તેના જેવો કૅપ્ટન આજ સુધી જોયો નથી. તે અમને કહેતો હોય છે કે જો મૅચ દરમ્યાન કોઈની પાસે કંઈ પણ સલાહ-સૂચન હોય તો તે તેની પાસે આવીને કહી શકે છે.' ■

# તાઈવાનમાં ભારતીય ઍથ્લીટો ૧૬ મેડલ સાથે મોખરે

ચાઇનીઝ તાઇપેઈ: અહીં તાઇવાન ઓપન ઍથ્લેટિક્સ-૨૦૨૫ નામની સ્પર્ધામાં ભારતે ૧૨ ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૬ મેડલ જીતીને સર્વોચ્ચ સ્થાન મેળવ્યું હતું. આ ઐતિહાસિક સફળતામાં ત્રણ સિલ્વર અને એક બ્રૉન્ઝ મેડલ પણ સામેલ હતા. બે દિવસની આ સ્પર્ધામાં શનિવારના પ્રથમ દિવસે ભારતીય ઍથ્લીટોએ છ ગોલ્ડ અને રવિવારના છેલ્લા દિવસે વધુ છ ગોલ્ડ મેડલ જીતી લીધા હતા. રોહિત યાદવ ભાલાફેંકની હરીફાઈમાં ભાલો ૭૪.૪૨ મીટર દૂર ફેંકીને ગોલ્ડ જીત્યો હતો. એશિયન ચૅમ્પિયન જ્યોતિ યારાજી (મહિલાઓની ૧૦૦ મીટર હર્ડલ્સ રેસ)ની સફળતા સૌથી આકર્ષક હતી. તેણે આ રેસ ૧૨.૯૯ સેકન્ડમાં પૂરી કરી હતી અને ગોલ્ડ જીતી હતી. ■

# દિલ્હીના ટી. નટરાજનને ૧૮ બૉલ ફેંકવાના ૧૦.૭૫ કરોડ રૂપિયા મળ્યા!



નવી દિલ્હી: ૧૮ વર્ષથી રમાતી ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય ઇન્ડિયન પ્રીમિયર લીગ એવી ટૂર્નામેન્ટ છે જે મોટા ભાગના ક્રિકેટરોને ન્યાલ કરી દે છે તો અમુક નવા અને બિનઅનુભવી ખેલાડીઓને ઓછા પૈસા મળે છે, પરંતુ તેઓ અનુભવ મેળવીને આગળ જતાં સારા પર્ફોર્મન્સથી કરોડો રૂપિયા કમાઈ શકે છે.

આ વખતની આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સે ૩૪ વર્ષની ઉંમરના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર ટી. નટરાજનને ૧૦.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, પરંતુ તેને આખી ટૂર્નામેન્ટમાં ફક્ત બે મૅચની પ્લેઈંગ-ઇલેવનમાં સામેલ થવાનો મોકો મળ્યો હતો. એમાંથી પણ એક મૅચ વરસાદને લીધે ધોવાઈ જતાં તેણે રમવું જ નહોતું પડ્યું.

બાકીની જે એક મૅચમાં નટરાજનને રમવા મળ્યું એમાં તેને ત્રણ જ ઓવર આપવામાં આવી હતી, કારણકે ગુજરાત ટાઇટન્સ સામેની એ મૅચમાં તેની ત્રણ ઓવરમાં ૪૯ રન થયા હતા અને તેને એકેય વિકેટ નહોતી મળી. ૧૮મી મેએ દિલ્હીમાં ગુજરાતે સાઈ સુદર્શન (અણનમ ૧૦૮ રન) અને કેપ્ટન શુભમન ગિલ (અણનમ ૯૩ રન) વચ્ચેની ૨૦૫ રનની વિક્રમજનક ભાગીદારીથી એ મૅચ જીતી લીધી હતી.

આઈપીએલનો નિયમ છે કે જે ખેલાડી જેટલી મૅચ રમવા માટે ઉપલબ્ધ હોય એ મૅચના પૂરા પૈસા તેને ફ્રેન્ચાઈઝી દ્વારા આપવામાં આવે છે. ભારત વતી સાત મૅચ રમી ચૂકેલા નટરાજનને આ વખતની આઈપીએલમાં એક જ મૅચ રમવા મળી જેમાં તેણે ત્રણ ઓવર બોલિંગ કરી હતી.

એ જોતાં નટરાજનને ફક્ત ત્રણ ઓવર (૧૮ બૉલ) રમવાના કુલ ૧૦.૭૫ કરોડ રૂપિયા મળ્યા. સરેરાશ કાઢીએ તો દિલ્હી કેપિટલ્સને નટરાજનનો એક બૉલ ૬૦ લાખ રૂપિયામાં પડ્યો.

અક્ષર પટેલના સુકાનમાં દિલ્હી કેપિટલ્સની ૧૪ મૅચ રમાઈ હતી જેમાંથી છ મૅચમાં એનો પરાજય થતાં એ ટીમ પાંચમા નંબર પર રહી હતી. ■

# કૉકો ગૉફના ચૅમ્પિયનપદનું રહસ્ય જાણવું છે?



પૅરિસ: અમેરિકાની સેરેના વિલિયમ્સ ૨૦૦૨માં યુએસ ઓપન અને ફ્રેન્ચ ઓપનનું સિંગલ્સનું ટાઇટલ જીતી ત્યાર પછીના ૨૩ વર્ષમાં સૌથી નાની ઉંમરે યુએસ ઓપન પછી હવે ફ્રેન્ચ ઓપનનું પણ ટાઇટલ જીતનારી અમેરિકાની જ ૨૧ વર્ષની કૉકો ગૉફે અંગત રીતે બે પ્રકારની તરકીબથી ટ્રોફી જીતવાની મક્કમતા વધારી હતી અને ટ્રોફી જીતીને રહી.

વર્લ્ડ નંબર-ટૂ કૉકોએ નંબર-વન અરીના સબાલેન્કાને શનિવારે ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં ૭-૬ (૭-૫), ૨-૬, ૬-૪થી હરાવીને બીજી ગ્રૅન્ડ સ્લૅમ ટ્રોફી જીતી લીધી હતી. સબાલેન્કા વધુ સારા ફૉર્મ સાથે ફાઇનલમાં પહોંચી હતી એટલે કૉકોને લાગ્યું કે પોતે ફાઇનલ જીતવા માટે કંઈક ખાસ કરવું પડશે. કૉકોએ ખાસ કરીને ગયા વર્ષની પૅરિસ ઑલિમ્પિક્સની ૨૦૦ મીટરની ચૅમ્પિયન ગૅબી થૉમસ પરથી પ્રેરણા લીધી હતી. ગૅબીએ એ ઑલિમ્પિક્સ પહેલાં ઘણી વાર લખ્યું હતું કે 'હું ઑલિમ્પિક ચૅમ્પિયન બનવાની છું.' કૉકોએ શનિવારની ફ્રેન્ચ ઓપનની ફાઇનલ પહેલાં (શુક્રવારની રાત્રે) એક કાગળ લઈને એમાં આઠ વખત લખ્યું કે '૨૦૨૫ની ફ્રેન્ચ ઓપન ચૅમ્પિયન હું જ બનવાની છું.' કૉકોએ ચાર વર્ષ પહેલાંનો ઇન્સ્ટાગ્રામ પરનો પોતાનો મૅસેજ પણ ઇન્ટરવ્યૂ લેનારને વંચાવ્યો હતો જેમાં તેણે લખ્યું હતું કે 'મને ગઈ કાલે રાત્રે સપનું આવ્યું કે હું ફ્રેન્ચ ઓપન જીતવાની જ છું.'

કૉકોએ રવિવારે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું કે 'ગૅબી થૉમસે પોતે જ ઑલિમ્પિક ચૅમ્પિયન બનવાની છે એવું ઘણી વાર લખ્યું અને ગોલ્ડ જીતી ગઈ. મેં તેના એ અભિગમ પરથી પ્રેરણા લીધી હતી.'

કૉકોએ શુક્રવારે અરીસા સામે ઊભા રહીને પણ આત્મવિશ્વાસ વધારવાની કોશિશ કરી હતી. કૉકોએ મુલાકાતમાં કહ્યું, 'હું અરીસા સામે ઊભી રહી અને પોતે જ ચૅમ્પિયન બનશે એવું પોતાને સમજાવી રહી હોય એ રીતે વારંવાર બોલી હતી. મારી આ તરકીબ પણ કામ કરી ગઈ. મેં લક્ષ્ય હાંસલ કરી લીધું.' ■

# જે કામ બીસીસીઆઇએ નથી કર્યું એ ઑસ્ટ્રેલિયા કરશે, વિરાટ અને રોહિતને આપશે ફેરવેલ

સિડની: રોહિત શર્માએ ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીત્યા બાદ ટી-૨૦ ઇન્ટરનૅશનલને અલવિદા કરી ત્યાર બાદ વિરાટ કોહલીએ પણ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય રમવાનું છોડી દીધું હતું અને હવે બન્નેએ ટેસ્ટ-ક્રિકેટને પણ સાથે અલવિદા કરી છે. રોહિતે સાતમી મેએ ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લીધી એના પાંચ દિવસ બાદ વિરાટે પણ ટેસ્ટ રમવાનું છોડી દીધું હતું, પરંતુ બન્ને દિગ્ગજોને ફેરવેલનું સન્માન નથી મળ્યું. જોકે એક અહેવાલ મુજબ ઑસ્ટ્રેલિયા ક્રિકેટ બોર્ડ બન્નેનું સન્માન કરવા માગે છે.

બીસીસીઆઇએ રોહિત-વિરાટ માટેની ફેરવેલને લગતી કોઈ જાહેરાત નથી કરી, પણ ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બૉર્ડે બન્નેને ફેરવેલ આપવાની યોજના બનાવી છે.

રોહિત-વિરાટ હજી વન-ડે ક્રિકેટ રમતા રહેશે. આ વર્ષના અંતમાં ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જશે અને ત્યારે ઑસ્ટ્રેલિયામાં રોહિત-વિરાટનું શાનદાર ટેસ્ટ-કરીઅર બદલ બહુમાન કરવામાં આવશે.

ક્રિકેટ ઑસ્ટ્રેલિયાના સીઇઓ ટૉડ ગ્રીનબર્ગનું એવું કહેવું છે કે રોહિત અને વિરાટની આ છેલ્લી ઑસ્ટ્રેલિયન-ટૂર હોઈ શકે અને એટલે જ તેઓ વર્ષના છેવટના ભાગમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસે આવશે ત્યારે તેમનું ક્રિકેટ બોર્ડ બન્ને માટે ફેરવેલ સેરેમની રાખવા માગે છે. ગ્રીનબર્ગના મતે રોહિત-વિરાટનો આ આખરી ઑસ્ટ્રેલિયન-પ્રવાસ ન પણ હોય એમ છતાં તેઓ બન્નેના એ પ્રવાસને યાદગાર બનાવવા માગે છે.

૩૬ વર્ષીય વિરાટ કોહલીએ ૧૨૩ ટેસ્ટમાં ૩૦ સેન્ચુરી તથા ૩૧ હાફ સેન્ચુરીની મદદથી ૯,૨૩૦ રન કર્યા હતા. તેણે ૨૦૧૯માં ટેસ્ટની કૅપ્ટન્સી છોડી હતી.

રોહિત ૩૮ વર્ષનો છે. તેણે મોડી શરૂ થયેલી ટેસ્ટ કરીઅરમાં ૬૭ મૅચના કુલ ૧૧૬ દાવમાં ૧૨ સદી અને ૧૮ અડધી સદીની મદદથી ૪,૩૦૧ રન કર્યા હતા. કરીઅરના અંત સુધી તે ભારતનો ટેસ્ટ-કૅપ્ટન હતો. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| હનુમાન | કૈકેયી |
| લક્ષ્મણ | અંબિકા |
| ધૃતરાષ્ટ્ર | સુમિત્રા |
| શ્રી રામ | અંજની |
| ભરત | કૌશલ્યા |

## ઓળખાણ પડી?

ચાલીસ વર્ષ પહેલા કેનેડાના મોન્ટ્રિયલ શહેરથી નવી દિલ્હી આવવા ઊપડેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ કયા નામથી ઓળખાઈ હતી એ કહી શકશો?




અ) અશોક બ) વંદન ક) કનિષ્ક ડ) પ્રગતિ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચં | દ | ૨ ર | ૩ વો | | | ૪ સ | ૫ મા | હા | ૬ ર |
| દ | | ૭ હે | ર | ત | ૮ અં | ગે | જ | | ઢિ |
| ૯ ન | ૧૦ ર | મ | | | ૧૧ જી | વ | ન | | યા |
| | ઝ | | ૧૨ ર | ૧૩ ગ | ર | ગે | | ૧૪ બા | ળું |
| ૧૫ ઝ | ળ | ઝ | ળિ | યાં | | | ૧૬ જી | વ | |
| ૧૭ પા | પા | | યા | | ૧૮ જી | | ૧૯ વ | ળ | ૨૦ તી |
| ૨૧ ઝ | ટ | | ૨૨ ત | મ | ત | ૨૩ મ | તું | | ર |
| પી | | ૨૪ પા | | | ૨૫ ના | ડું | | ૨૬ કા | કા |
| | ૨૭ રૂ | પિ | ૨૮ યા | ભા | ર | | ૨૯ ક | દ | મ |
| ૩૦ રે | ઢિ | યા | ળ | | | ૩૧ ક | ર | વ | ઠું |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | ૫ | |
| | | ૬ | | | ૭ | | | | |
| ૮ | ૯ | | | ૧૦ | | | ૧૧ | | ૧૨ |
| | | | ૧૩ | | | ૧૪ | | | |
| ૧૫ | | | | | ૧૬ | | | ૧૭ | |
| | | | ૧૮ | ૧૯ | | | ૨૦ | | |
| ૨૧ | | ૨૨ | | | | ૨૩ | | | |
| | | | | | | ૨૪ | ૨૫ | | |
| ૨૬ | ૨૭ | | | ૨૮ | | | | | |
| ૨૯ | | | ૩૦ | | | ૩૧ | | | |

### આડી ચાવી

૧. ઉત્કંઠા, જિજ્ઞાસા, કૌતુક (૫)
૪. ખુશ કરવા મુશ્કેલ (૪)
૬. --- જોવી એટલે રાહ જોવી (૨)
૭. ઊંડો (૨)
૮. પલટન, પરિવાર, નિબંધ (૩)
૧૦. શોખ (અ) (જો. છૂ.) (૨)
૧૧. વેપારી (૩)
૧૩. ટહેલ, લાગણીભર્યો પોકાર (૪)
૧૫. અધ્યાય, પ્રસંગ, વિષય (૪)
૧૬. નોકરાણી (૨)
૧૭. એક કઠોળ (૨)
૧૮. રોકડા (૩)
૨૦. હળવી પીડા (૩)
૨૧. અમૂઝણ, અકળામણ (૫)
૨૪. કબૂલ (૪)
૨૬. એક કંદ (૩)
૨૮. સંબંધ ને પતંગનો દોર --- જોઇએ (૨)
૨૯. --- તૂટવો એટલે તલ્લીનતા તૂટવી (૨)
૩૦. મશીન (૨)
૩૧. ઘણે ઊંડે સુધી (૪)

### ઊભી ચાવી

૧. તરુણ (૩)
૨. કબજો, ભાળવણ, સત્તા (૩)
૩. થોડા વાળની સેર (૨)
૪. અંતર (૨)
૫. રાગની સ્ત્રી (૩)
૭. વખાણવાલાયક (૫)
૯. સફળ, કૃતાર્થ, સિદ્ધિ (૩)
૧૦. ઘોંઘાટ, જાહેરાત (૨)
૧૨. બનાવટી, ગોઠવી કાઢેલું (૬)
૧૩. નમે નહીં એવું (૪)
૧૪. સ્ત્રીઓ ભાવ--- ને ખરીદી કરે (૨)
૧૫. પ્રયોગવાદી વૃત્તિ (૬)
૧૭. ગંધ, રહેઠાણ (૨)
૧૯. નોંધપાત્ર, ગણતરીમાં લેવા જેવું (૫)
૨૨. વિભિષણનો મોટા ભાઇ (૩)
૨૩. વિશિષ્ટ (૨)
૨૫. ઢોરોની પાણી પીવાની જગા (૩)
૨૭. સાહેબ (અ.) (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતમાં વિવિધ શૈક્ષણિક યુનિવર્સિટી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેડિકલ કોલેજ કયા શહેરમાં સ્થિત છે એ જણાવો.

અ) રાજકોટ બ) ભુજ ક) નવસારી ડ) અમદાવાદ

## માતૃભાષાની મહેક

ગિની શબ્દ કાને પડતા સોનાનો સિક્કો આંખ સામે તરવરવા લાગે.આ સિક્કો પ્રથમ આફ્રિકાના ગિની નામના દેશમાંથી આવતા સોનામાંથી બનાવ્યો હતો તેથી તેનું નામ ગિની રાખ્યું હોય એમ મનાય છે.એક જાતનું સસલા જેવું ટૂંકા કાનવાળું પ્રાણી. બીજા કોઇ પણ ચાર પગવાળાં પ્રાણી કરતાં તે ઝડપથી પ્રૌઢ થઈ જાય છે.

## સુડોકુ-૯૦૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨ | | ૬ | | | |
| | | ૯ | | | | ૩ | | |
| ૪ | ૭ | | ૩ | | ૯ | | ૮ | ૫ |
| ૨ | ૬ | ૩ | | | | ૧ | ૭ | ૮ |
| | | | | ૨ | | | | |
| ૧ | ૯ | ૫ | | | | ૪ | ૨ | ૩ |
| ૭ | ૫ | | ૪ | | ૧ | | ૩ | ૯ |
| | | ૮ | | | | ૬ | | |
| | | | ૮ | | ૭ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | ૪ | ૮ | ૯ | ૩ | ૨ | ૭ | ૫ |
| ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૧ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૭ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૮ | ૬ | ૩ | ૧ | ૨ | ૯ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૯ | ૫ | ૩ | ૮ | ૪ | ૧ | ૨ | ૬ |
| ૧ | ૨ | ૯ | ૭ | ૩ | ૫ | ૬ | ૮ | ૪ |
| ૪ | ૭ | ૮ | ૨ | ૬ | ૧ | ૫ | ૩ | ૯ |
| ૫ | ૩ | ૬ | ૯ | ૪ | ૮ | ૭ | ૧ | ૨ |

## ઈર્શાદ

ત્વચા કપાય તો લોહી અપાર નીકળે છે, ને બુંદ-બુંદથી માનું ઉધાર નીકળે છે;
ભલેને સાત જનમની મૂડી લગાવી દઉં, છતાંય માવડી તો લેણદાર નીકળે છે

*શોભિત દેસાઈ*

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી' પંક્તિમાં ભગિની શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) ભાભી બ) પુત્રી ક) બહેન ડ) પત્ની

## માઈન્ડ ગેમ

આપણા દેશમાં અનેક ધર્મ સ્થાન આવેલા છે. કયા રાજ્યમાં સૌથી વધુ મંદિરો આવેલાં છે એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) ઓડીશા બ) ગુજરાત ક) પશ્ચિમ બંગાળ ડ) તમિલનાડુ

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ભલામણ | RECOMMEND |
| દેખરેખ | MONITOR |
| ભેદ કરવો | DISTINGUISH |
| વર્ગીકરણ | CATEGORIZE |
| સારાંશ | SUMMARIZE |

ઓળખાણ પડી?
ફિનલેન્ડ

માઈન્ડ ગેમ
મહારાષ્ટ્ર

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
જીભ

ગુજરાત મોરી મોરી રે
જૂનાગઢ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૭) ખુશરૂ કાપડિયા (૮) નુતન વિપીન શાહ (૯) લજિતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) મીનળ કાપડિયા (૧૪) મહેશ દોશી (૧૫) નિખીલ બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) અમીષી બંગાળી (૨૦) પ્રવીણ વોરા (૨૧) મૂલરાજ કપૂર (૨૨) મહેશ એન. સંઘવી (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) ભાવના કર્વે (૨૬) અંબરીષ ઓઝા (૨૭) અરવિંદ કામદાર (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અલકા વાણી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વીણા સંપટ (૩૨) દિપીકા દોશી (૩૩) જ્યોતી ગાંધી (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) હીનાબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) ડાયના સંતોક (૩૮) નિતીન જયંતીલાલ બજરીયા (૩૯) પુષ્પા ખોના (૪૦) કિશોર બી. સંઘરાજકા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન ઉદ્દેશી (૪૫) ગીતા ઉદ્દેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટકિયા

# મોદી સરકારનાં ૧૧ વર્ષઃ ગુજરાતે કરી પ્રગતિ બેમિસાલ



મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં ભારતના લોકોએ નવી આશાઓ અને અપેક્ષાઓ સાથે નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભાજપને પ્રચંડ બહુમત સાથે સત્તાનું સુકાન સોંપ્યું હતું. ૨૬ મે, ૨૦૧૪ના રોજ વડા પ્રધાનપદના શપથ લીધા પછી નરેન્દ્ર મોદીજીએ સામાન્ય જનતાને કેન્દ્રમાં રાખીને યોજનાઓ તૈયાર કરી અને અમલમાં મૂકી. આજે સરકારની તમામ પ્રમુખ યોજનાઓ ગરીબોના જીવનમાં બદલાવ લાવી છે અને તેમના નેતૃત્વમાં ભારત આર્થિક અને સામાજિક વિકાસનાં ક્ષેત્રોમાં સફળતાના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે. ૨૬ મે, ૨૦૨૫ના રોજ વડા પ્રધાન તરીકેના તેમના કાર્યકાળનાં ૧૧ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યા છે. મોદી સરકારના આ સફળ ૧૧ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત રહ્યા છે.

ગુજરાત ભારતના ગ્રોથ એન્જિન તરીકે ઉદ્યોગ-વેપાર, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય, શિક્ષણ અને પ્રવાસન જેવાં ક્ષેત્રોમાં વિકાસની લાંબી છલાંગ લગાવી રહ્યું છે. ગુજરાત પોતાના સપૂત અને યશસ્વી વડા પ્રધાન નરેન્દ્ર મોદીજી દ્વારા આપવામાં આવેલા 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા માટે તત્પર છે. મને યાદ છે કે, જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે 'દેશના વિકાસ માટે ગુજરાતનો વિકાસ' નો મંત્ર આપ્યો હતો. પરિણામે, વડા પ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં ગુજરાતની જવાબદારી ખૂબ વધી જાય છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશાં ગામડાઓ, ગરીબો અને ખેડૂતોની ચિંતા કરી છે. હકીકતમાં, મોદીજીએ ગરીબીને જીવી છે, એટલે જ તેઓ ગરીબોના દુઃખ અને પીડાને વધુ સારી રીતે સમજે છે અને તેને દૂર કરવા માટે તેઓ એવી યોજનાઓ અમલમાં મૂકે છે જે ગરીબોને તેમની ગરીબીમાંથી બહાર કાઢવા માટે કારગર નીવડે. તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ, મોદી સરકારના છેલ્લા ૧૦ વર્ષના કાર્યકાળમાં દેશમાં ૨૫ કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અને ગ્રામીણ હેઠળ ક્રમશઃ ૮ લાખ ૯૮ હજાર અને ૫ લાખ ૭૭ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૩.૬૫ કરોડ લોકોને નિઃશુલ્ક અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અન્વયે રાજ્યના ૬૮.૬૮ લાખ ખેડૂત કુટુંબોને રૂ.૬૦૦૦ની વાર્ષિક આર્થિક સહાય આપવામાં આવી રહી છે. રાજ્યમાં ૪૮,૬૦,૦૪૬થી વધુ શૌચાલયોનું નિર્માણ, પીએમ સ્વનિધિ યોજના હેઠળ ૪,૭૯,૧૪૧ શેરી વિક્રેતાઓને લોન સુવિધા, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના હેઠળ ૪૩ લાખથી વધુ નિઃશુલ્ક એલપીજી ગેસ કનેક્શન, પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ ૧,૯૨,૯૮,૦૦૧ લોકોના બેંક અકાઉન્ટ, પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ ૧,૫૧,૮૪,૮૫૫ ખાતાઓમાં રૂ.૧,૨૯,૪૦૭ કરોડની લોન, પીએમ સૂર્યઘર યોજના હેઠળ ૩.૫૫ લાખ સોલાર રૂફટોપ પેનલની સ્થાપના, આયુષ્માન ભારત ડિજિટલ મિશન અંતર્ગત ગુજરાતના ૭૦ ટકા નાગરિકો એટલે કે ૪.૮૦ કરોડથી વધુ લોકોનું આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ (ABHA) હેઠળ રજિસ્ટ્રેશન અને ૧૦,૨૮૦થી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરોના સંચાલન સાથે ગુજરાત પોતાના સાડા છ કરોડ નાગરિકોને વિવિધ યોજનાઓના લાભ પ્રદાન કરીને તેમના જીવનને સરળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

યુવા વર્ગ ભારતની સૌથી મોટી તાકાત છે અને ભારત પોતાના આ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો મોટો લાભ મેળવવા માટે સજ્જ છે. મોદીજીના શાસનમાં દેશના યુવા વર્ગને તે તમામ તકો ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

વડા પ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (GFSU), રક્ષા શક્તિ યુનિવર્સિટી (RSU) અને દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી જેવી સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓ કાર્યરત છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૦માં GFSU અને RSUને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓનો દરજજો આપ્યો છે, અને તે આજે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તરીકે જાણીતી બની છે. આ ઉપરાંત, ગત ૧૧ વર્ષોમાં ગુજરાતમાં ૨૨ નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવી છે અને રાજ્યના વિદ્યાર્થીઓ માટે ૪૩૦૦ નવી મેડિકલ સીટ્સ ઉપલબ્ધ થઈ છે.

રાજ્ય સરકારે સેમિકન્ડક્ટર ક્ષેત્રના બિઝનેસને આકર્ષિત કરવા માટે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશનની રચના કરી છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રની કેટલીક મોટી કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા માટે આગળ આવી છે. તેના કારણે ગુજરાત ભારતના સેમિકન્ડક્ટર હબ તરીકે ઊભરી રહ્યું છે.

વડા પ્રધાનશ્રીના નેતૃત્વમાં ૨૦૧૪ પછી દેશમાં સાંસ્કૃતિક પુનરુત્થાનનો એક નવો યુગ શરૂ થયો છે. તેમની સરકાર છેલ્લા ૧૧ વર્ષોમાં 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે ભારતીય સંસ્કૃતિ, તેના વારસા અને પરંપરાઓને એક નવી ઊંચાઈ પર લઇ ગઈ છે. અયોધ્યામાં રામમંદિરના નિર્માણની સાથે વારાણસીમાં કાશી વિશ્વનાથ કોરિડોર અને ઉજજૈનમાં મહાકાલ લોક પ્રોજેક્ટ થકી ભારતનાં આધ્યાત્મિક સ્થળોની કાયાપલટ થઈ છે. તેમણે ભારતના યોગ અને આયુર્વેદ જેવા પ્રાચીન વારસાને પણ વૈશ્વિક ફલક પર સ્થાપિત કરી દીધા છે.

ગુજરાત સરકાર પણ ધાર્મિક પ્રવાસનને વેગ આપવા માટે કરોડો રૂપિયાના ખર્ચે સોમનાથ, અંબાજી, પાવાગઢ, માધવપુર અને દ્વારકા જેવાં મોટાં અને પ્રમુખ યાત્રાધામોના વિકાસ ઉપરાંત નાનાં-નાનાં ધાર્મિક સ્થળોનો પણ શાનદાર વિકાસ કરી રહી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'વિકસિત ભારત ૨૦૪૭' એટલે કે દેશની આઝાદીના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ કર્યો છે. તેમણે 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવી નવતર પહેલો સાથે વિકસિત ભારતનો પાયો નાખ્યો છે. પરિણામ એ આવ્યું છે કે હવે ભારત વિશ્વનું મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. આજે ભારત ૪ ટ્રિલ્યન ડૉલરથી વધુની જીડીપી સાથે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે.

વડા પ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતે 'ઑપરેશન સિંદૂર' દ્વારા આતંકવાદીઓ અને તેમના આકાઓને જડબાતોડ જવાબ આપીને એ સ્પષ્ટ કરી દીધું છે કે દેશ હવે કોઈપણ આતંકી હુમલાને સહન નહીં કરે.

ગુજરાતમાં અમારી સરકાર વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પદચિહ્નો પર આગળ વધીને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે તત્પર છે. શ્રી નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ સરકારોના કાર્યકાળ દરમિયાન ગુજરાત સાથે થયેલા અન્યાયનો સ્વયં અનુભવ કર્યો છે, એટલે તેમણે ગુજરાતની તે તમામ ન્યાયોચિત માંગોને જ પૂરી નથી કરી, પરંતુ રાજ્યને અનેક ભેટ પણ આપી છે. મોદીજીએ વડા પ્રધાન પદના શપથ લીધાના ૧૭ જ દિવસોમાં સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપીને ગુજરાતના કરોડો લોકોનું વર્ષો જૂનું સપનું સાકાર કર્યું છે.

આ ઉપરાંત, વડા પ્રધાનશ્રીએ ગુજરાતને ભારતની પ્રથમ બુલેટ ટ્રેન, ગિફ્ટ સિટી અને ભારતનું પ્રથમ આંતરરરાષ્ટ્રીય ફાઇનાન્શિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી (IFSCA), સ્ટેચ્યૂ ઑફ યુનિટી, રાજકોટ ગ્રીનફિલ્ડ એરપોર્ટ, AIIMS-રાજકોટ, અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ, તારંગા હિલ-અંબાજી-આબુ રોડ રેલવે લાઇન પ્રોજેક્ટ, દાહોદમાં ઇલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન ઉત્પાદન યુનિટ, વિશ્વનો સૌથી મોટો હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન, પીએમ મિત્ર પાર્ક, વિશ્વનું સૌપ્રથમ સીએનજી ટર્મિનલ અને અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટની ભેટ આપી છે. ■

# ગિફ્ટ સિટીમાં ઇન્ફોસીસના નવા ડેવલપમેન્ટ સેન્ટરનો મુખ્ય પ્રધાને પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં ઇન્ફોસીસના નવા ડેવલોપમેન્ટ સેન્ટરનો પ્રારંભ કરાવતા રાજ્યમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત પ્રણાલી સ્થાપિત કરીને એ.આઇ. ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવાની નેમ વ્યક્ત કરી હતી. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ગિફ્ટ સિટીમાં એ.આઇ. સેન્ટર ઓફ એક્સલન્સની શરૂઆત કરીને રાજ્યમાં નવા સોલ્યુશન બનાવનારા એક્સપર્ટસ, પ્રોફેશનલ્સ અને સ્ટાર્ટ-અપ્સને એક સાથે લાવવાનું પ્લેટફોર્મ તૈયાર કર્યું છે.

ઇન્ફોસીસ દ્વારા ગિફ્ટ સિટીમાં કાર્યરત થયેલું આ ડેવલોપમેન્ટ સેન્ટર ફિન્ટેક ફ્રેમવર્ક અન્વયે અતિ આધુનિક નાણાકીય ટેકનોલોજીના સોલ્યુશન પૂરા પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. એટલું જ નહીં, ગ્લોબલ સર્વિસીસ અને ઇનોવેશન પર પણ વિશેષ ભાર અપાશે.

આ ઉપરાંત નાણાકીય સંસ્થાઓ માટે ખાસ તૈયાર કરાયેલ અદ્યતન એનાલિટિક્સ, મશીન લર્નિંગ અને એ.આઇ-સંચાલિત ઇનસાઇટ્સ પૂરી પાડવામાં આવશે અને ડિજિટલ પેમેન્ટ, સ્માર્ટ કરારો અને એસેટ ટોકનાઇઝેશન માટે સુરક્ષિત, પારદર્શક સોલ્યુશનનું એનાલિસ પણ કરવામાં આવશે.

૩૨ કરોડ રૂપિયાના રોકાણ સાથે કાર્યરત થયેલું ઇન્ફોસીસનું આ ડેવલોપમેન્ટ સેન્ટર અંદાજે ૧,૦૦૦થી વધુ પ્રોફેશનલ્સને રોજગારીના અવસર પણ પૂરા પાડશે. ભૂપેન્દ્ર પટેલે આ ડેવલોપમેન્ટ સેન્ટર ગુજરાતમાં શરૂ કરવા માટે ઇન્ફોસીસનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે વડા પ્રધાનના આગવા વિઝનથી શરૂ થયેલું ગિફ્ટ સિટી દેશનું ટેક અને ફીનટેક હબ બન્યું છે અને વિશ્વના અનેક અગ્રણી આઇ.ટી., ફિનટેક તેમજ ન્યૂ એજ ટેકનોલોજીના એકમો ગિફ્ટ સિટીમાં કાર્યરત છે. ■

# ૧૪૯ નગરપાલિકાને રોડ રિપેરિંગ માટે ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સરકારે ચોમાસા પૂર્વે ૧૪૯ નગરપાલિકાને રોડ રિપેરીંગ માટે ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતી મુખ્ય પ્રધાન શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્ય પ્રધાન શહેરી સડક યોજનામાંથી ગ્રાન્ટ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદને પરિણામે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ભારે નુકસાન થવું સંભવિત છે. આ નુકસાન પામેલા રસ્તાઓનું વહેલી તકે રિસરફેસિંગ અને રિપેરિંગ કરીને નગરોમાં વધુ માર્ગ સલામતી તથા સારા રસ્તાની સુવિધા મળવી હિતાવહ છે.

આ સિવાય નગરોમાં રસ્તાઓની પ્રવર્તમાન સ્થિતિ ગટર, પીવાના પાણી માટેની પાઈપલાઈન સહિતનાં કામો માટે રસ્તાઓના ખોદકામના કારણે ચોમાસામાં રસ્તાઓ પર પાણી ભરાય જાય છે. નગરોમાં ચોમાસા પૂર્વે રોડ રિપેરિંગ માટે સંબંધિત નગરપાલિકાઓની માગણી અનુસાર રાજ્ય સરકારે નાણાંની ફાળવણી કરી છે. મુખ્ય પ્રધાને રાજ્યની નગરપાલિકાઓને રોડ રિપેરિંગ-રિસરફેસિંગ માટેના આગોતરા આયોજનના ભાગરૂપે નગરપાલિકાઓના વર્ગ મુજબ ગ્રાન્ટ ફાળવવાની મંજૂરી આપી છે. જેમાં 'અ' વર્ગની ૩૭ નગરપાલિકાઓને પ્રત્યેકને ૧ કરોડ પ્રમાણે કુલ ૩૭ કરોડ 'બ' વર્ગની ૩૪ નગરપાલિકાઓને દરેકને ૮૦ લાખ મુજબ ૨૭ કરોડ, 'ક' વર્ગની ૬૧ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ ૬૦ લાખ પ્રમાણે કુલ ૩૬ કરોડ તેમજ 'ડ' વર્ગની ૧૭ નગરપાલિકાઓને પ્રતિ નગરપાલિકા ૪૦ લાખ પ્રમાણે કુલ ૬.૮૦ કરોડ મળીને સમગ્ર નગરપાલિકાને ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મુખ્ય પ્રધાન શહેરી સડક યોજનામાંથી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા સંબંધિત નગરપાલિકાઓને ફાળવવામાં આવશે. રાજ્યનાં નગરોમાં જો ચોમાસા દરમિયાન ભારે વરસાદના કારણે માર્ગોને વધુ નુકસાન થાય તો તેમને ફાળવવામાં આવેલી આ રકમ ઉપરાંત નગરપાલિકાઓની વધુ જરૂરિયાત અને માગણી મુજબ રોડ રિપેરિંગ માટે નાણાં ફાળવ્યા છે.

# અમદાવાદમાં આઈસક્રીમની વેનમાં આગ લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૨૫માં આગ લાગવાની ઘટનાઓના બનાવ ઘણા જોવા મળ્યા છે. અમદાવાદ શહેરમાં આવી ઘટનાઓ બહુ જોવા મળી છે ત્યારે ૬ જૂન ૨૦૨૫ના શુક્રવારે વહેલી સવારે આગ લાગવાની ઘટના ઘટી હતી. શહેરના સૈજપુર-બોઘા વિસ્તારમાં આવેલા હેવમોર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરની વાનમાં આગ લાગી હતી. જેના કારણે આસપાસના વિસ્તારોમાં અફરાતફરી સર્જાઈ હતી.

અમદાવાદના સૈજપુર-બોઘા વિસ્તારમાં આવેલા હેવમોર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરની બેટરી દ્વારા ચાલતી આઈસક્રીમની વાનમાં ચાર્જિંગ દરમિયાન ઓવરલોડિંગના કારણે આગ લાગી હતી. જેથી વાન બળીને રાખ થઈ ગઈ હતી. આગ વિકરાળ બનતા આસપાસના વિસ્તારને આવરી લેતા બે માળના મકાન સુધી પહોંચી હતી. જેથી રહીશો ગભરાયા હતા. લોકો પોતાના જીવ બચાવવા માટે પહેલા માળેથી કૂદકા માર્યા હતા. ■

## વેપાર વાણિજય

# આરબીઆઇના જમ્બો બુસ્ટર બાદ ફોકસ મેક્રો ડેટા પરઃ મેઘરાજાની મહેર પણ માર્કેટના મૂડ માટે મહત્ત્વપૂર્ણ

મુંબઈઃ રિઝર્વ બેન્કના અપેક્ષિત જમ્બો બુસ્ચરને કારણે બજારને જમ્પીંગ ફેક્ટર પૂરું પાડ્યું છે અને હવે બજારની નજર આર્થિક ડેટાની જાહેરાતો અને ચોમાસાની પ્રગતિ પર મંડાયેલી છે. બજાર વિશ્લેષકોના મતે, ભારતીય શેરબજારો આ અઠવાડિયે વૈશ્વિક વલણો, ફુગાવાના આંકડા અને વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિમાંથી સંકેતો મેળવશે.

ટોચના માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, રોકાણકારો મુખ્ય આર્થિક ડેટા પર નજીકથી નજર રાખશે. કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) ફુગાવાના ડેટા પરથી માગના સ્તર અને તેને આધારે સેન્ટ્રલ બેંક દ્વારા શક્ય પગલાંનો તાગ મેળવી શકાશે. આ ઉપરાંત, ચોમાસાની પ્રગતિ અને પાક વાવણી પેટર્નને પણ ટ્રેક કરવામાં આવશે, કારણ કે તે ગ્રામીણ માગ અને વપરાશને અસર કરે છે.

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ) દ્વારા રેપો રેટમાં ૫૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો જાહેર થયા પછી બજારો ગયા અઠવાડિયે મજબૂત નોંધ પર બંધ થયા હતા. આ અણધાર્યા પગલાથી વ્યાજ દરો સાથે સંવેદનશીલતા ધરાવતાં ક્ષેત્રોને પ્રોત્સાહન મળ્યું છે. શુક્રવારે, સેન્સેક્સ ૭૪૬.૯૫ પોઇન્ટ વધીને ૮૨,૧૮૮.૯૯ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૨૫૨.૧૫ પોઇન્ટ વધીને ૨૫,૦૦૩.૦૫ પર બંધ થયો હતો.

ટોચની સ્ટોક બ્રોકિંગ ફર્મના રિસર્ચ હેડે જણાવ્યું હતું કે, રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજદરમાં ઘટાડા અને ભારત-અમેરિકા વેપાર કરાર પોઝિટિવ રહેવા અંગેના આશાવાદને કારણે બજારો ઉપર તરફ આગળ વધી શકે છે. કરારના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવા માટે બંને દેશોના અધિકારીઓ નવી દિલ્હીમાં મળે તેવી અપેક્ષા છે.

જોકે, વિશ્લેષકોએ ચેતવણી પણ આપી હતી કે નવા યુએસ ટેરિફ અને ભૂ-રાજકીય તણાવ જેવા વૈશ્વિક મુદ્દાઓ બજારની અસ્થિરતાનું કારણ બની શકે છે. જ્યારે આરબીઆઈનું સાહસિક પગલું અને સ્થિર જીડીપી દૃષ્ટિકોણ આત્મવિશ્વાસને ટેકો આપે છે, ત્યારે વૈશ્વિક અનિશ્ચિતતા હજુ પણ જોખમ ઊભું કરે છે.

વિદેશી ફંડોનું વલણ આગળ કેવું રહે છે એ પણ મહત્ત્વની બાત છે. ભારતીય બજારમા એફઆઇઆઇએ સાત સત્રમાં આઠ હજાર કરોડ રૂપિયાથી વધુ વેચવાલી કરી છે. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો શુક્રવારે ચોખ્ખા ખરીદદારો હતા, જેમણે રૂ. ૧,૦૦૯.૭૧ કરોડના શેર ખરીદ્યા હતા.

દરમિયાન પાછલા સપ્તાહે લીલા હોટલ અને એજીસ વોપેક અને સ્કોડા ટ્યુબ્સના નિરસ લિસ્ટિંગ છતાં પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલનો સંતચાર જોવા મળ્યો છે. આગામી ત્રણથી છ મહિનામાં બારેક કંપનીઓના આઇપીઓ આવી રહ્યા છે, જેમાં એચડીએફસી બેન્કની પેટાકંપની અને એનએસડીએલનો પણ સમાવેશ છે. જોકે,

**ફોરકાસ્ટ**
નિલેશ વાઘેલા

ગયા વર્ષે સમાનગાળામાં ૨૯ જાહેર ભરણાં આવ્યા હતા તેની સામે ૨૦૨૫માં અત્યાર સુધીમાં માત્ર ૧૬ આઇપીઓ લોન્ચ થયા છે.

મર્ચન્ટ બેન્કર્સ અનુસાર બાકીના છ મહિનામાં વધુ જાહેર ભરણાં આવી શકે છે. એલ્યુમિનિયમ વાયર રોડ્સની મેન્યૂફેક્ચરર જૈનિક પાવર કેબલ્સ લિમિટેડ પ્રથમિક મૂડીબજારમાં ૧૦ જૂન, ૨૦૨૫ના રોજ ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે પ્રવેશી રહી છે. પ્રાઇસ બેન્ડ શેર દીઠ રૂ. ૧૦૦થી રૂ. ૧૧૦ નક્કી થઇ છે અને લોટ સાઇઝ ૧,૨૦૦ ઇક્વિટી શેરનો છે. કંપની આ ભરણાં દ્વારા રૂ. ૫૧.૩૦ કરોડ એકત્ર કરવા ધારે છે, જેનો ઉપયોગ ક્ષમતા વિસ્તરણ અને કરજની ભરપાઇ સહિતના હેતુસર કરવામાં આવશે. કલ્પતરુ, રુબીકોન, પરમેશુ સહિતની કંપનીઓએ સેબી પાસે દસ્તાવેજ જમા કરાવ્યા છે.

કોર્પોરેટ હલચલમાં, પ્રીમિયમ પ્લાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૨.૫૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫૭.૨૫ કરોડની કુલ આવક, વાર્ષિક ધોરણે ૨૦.૮૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૪૦ કરોડનો એબિટા અને વાર્ષિક ધોરણે ૩૫.૧૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૬.૪૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન ૧૧.૨૭ ટકા રહ્યું છે.

વેદાંતા રૂ. ૫૦૦૦ કરોડના એનસીડી ફંડનો ઉપયોગ હાઇ કોસ્ટ ડેટ ઘટાડીને રૂ. ૩૫૦ કરોડનો વ્યાજ ખર્ચ બચાવવા માટે કરશે. એપોલો ગ્રીન એનર્જીએ નાણા વર્ષ ૨૦૨૫માં રૂ. ૪૪.૩૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. અદાણી જૂથે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કરવેરાની ચૂકવણી માટે રૂ. ૭૫,૦૦૦ કરોડનો અંદાજ જાહેર કર્યો છે. સેઇલે પાછલા વર્ષે અંદાજે રૂ. ૭૫૦ કરોડનું કરજ ઘટાડ્યું છે અને આ નાણા વર્ષમાં તેમાં ઓર ઘટાડો કરવાની યોજના ધરાવે છે. જાહેર ક્ષેત્રની સેન્ટ્રલ બેન્કે રૂ. ૫૭ કરોડના રોકાણ સાથે ફ્યુચર જેનરાલી ઇન્ડિયા લાઇફ ઇન્સ્યુરન્સનો ૨૫.૧૮ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં સપ્તાહ દરમિયાન માત્ર કેપિટલ ગુડ્સ અને આઈટી ઘટ્યા હતા, જ્યારે ઈન્ફ્રા ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો. છઠી જૂન, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ગત સપ્તાહના શુક્રવારના ૮૧,૪૫૧.૦૧ના બંધથી ૭૩૭.૯૮ પોઈન્ટ્સ (૦.૯૧ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૨ જૂન, સોમવારે ૮૧,૨૧૪.૪૨ ખૂલી ૩ જૂન, મંગળવારે નીચામાં ૮૦,૫૭૫.૦૯ સુધી અને ૬ જૂન, શુક્રવારે, ઊંચામાં ૮૨,૨૯૯.૮૯ સુધી જઈને અંતે ૮૨,૧૮૮.૯૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૫૧.૧૩ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ.૪૪૪.૧૯ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૬.૯૪ લાખ કરોડનો વધારો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ સ્મોલકેપ (૧.૯૬ ટકા) અને બીએસઈ મિડકેપ (૨.૧૩ ટકા) વધ્યા હતા.

બીએસઈ ૧૦૦ (૧.૧૫ ટકા), બીએસઈ ૨૦૦ (૧.૩૦ ટકા) અને બીએસઈ ૫૦૦ (૧.૪૬ ટકા) વધ્યા હતા. સેક્ટરલ ઇન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન માત્ર કેપિટલ ગુડ્સ (૦.૪૧ ટકા) અને આઇટી (૦.૧૫ ટકા) ઘટ્યા હતા, જ્યારે ઇન્ફ્રા (૨.૨૪ ટકા), મેટલ (૧.૬૫ ટકા), ઓટો (૧.૪૮ ટકા), હેલ્થકેર (૧.૪૫ ટકા), પીએસયુ બેંકો (૧.૩૪ ટકા), એફએમસીજી (૦.૮૨ ટકા), કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ (૦.૭૮ ટકા) અને બેંકેક્સ (૦.૬૪ ટકા) વધ્યા હતા.■

# વિદેશી ફંડોએ ભારતીય બજારમાં છ મહિનામાં એક લાખ કરોડ રૂપિયાના શૅર વેચી નાખ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારો ફરી એક વખત નેટ સેલર્સ બન્યા છે. ઉપલબ્ધ ડેટા અનુસાર જૂનમાં ઇક્વિટીમાંથી રૂ. ૮,૭૪૯ કરોડ પાછા ખેંચીને એફઆઇઆઇ ચોખ્ખા વેચાણકર્તા બન્યા છે. ડિપોઝિટરીઝના ડેટા દર્શાવે છે કે મે મહિનામાં રૂ. ૧૯,૮૬૦ કરોડ અને એપ્રિલમાં રૂ. ૪,૨૨૩ કરોડના ચોખ્ખા રોકાણને બાદ આ વેચવાલી જોવા મળી છે. નવીનતમ ઉપાડ સાથે, ૨૦૨૫માં અત્યાર સુધીમાં કુલ આઉટફલો રૂ. ૧.૦૧ લાખ કરોડ પર પહોંચી ગયો છે.

મે મહિનામાં આશ્ચર્યજનક રકમનું રોકાણ કર્યા પછી, વિદેશી રોકાણકારો આ મહિનાના પહેલા અઠવાડિયામાં ભારતીય ઇક્વિટી બજારોમાંથી રૂ. ૮,૭૪૯ કરોડના ઉપાડ સાથે ચોખ્ખા વેચાણકર્તા બન્યા છે. બજારના અભ્યાસુઓ અનુસાર યુએસ-ચીન વેપાર તણાવ ફરી સપાટી પર આવવા સાથે યુએસ બોન્ડ યીલ્ડમાં નોંધાઇ રહેલા વધારાને કારણે આ પરિવર્તન આવ્યું છે.

ડિપોઝિટરીઝના ડેટા દર્શાવે છે કે મે મહિનામાં રૂ. ૧૯,૮૬૦ કરોડ અને એપ્રિલમાં રૂ. ૪,૨૨૩ કરોડના ચોખ્ખા રોકાણ બાદ આ અવગતિ જોવા મળી છે. આ પહેલા, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ)એ માર્ચમાં રૂ. ૩,૯૭૩ કરોડ, ફેબ્રુઆરીમાં રૂ. ૩૪,૫૭૪ કરોડ અને જાન્યુઆરીમાં રૂ. ૭૮,૦૨૭ કરોડ પાછા ખેંચી લીધા હતા.

બજારના એનાલિસ્ટે જણાવ્યું હતું કે, આ મંદીનો માહોલ અમેરિકા-ચીન વેપાર તણાવ અને વધતા યુએસ બોન્ડ યીલ્ડને કારણે ઉભો થયો હતો, જેના કારણે રોકાણકારો સુરક્ષિત સંપત્તિ તરફ આગળ વધ્યા હતા. આ ઉપરાંત, અદાણી ગ્રુપ દ્વારા ઇરાન પર કથિત પ્રતિબંધ ઉલ્લંઘન અંગે યુએસ તપાસથી રોકાણકારોનો વિશ્વાસ વધુ ઘટ્યો અને મુખ્ય ઇક્વિટી સૂચકાંકો નીચે ગબડ્યા હતા.

જોકે, રિઝર્વ બેન્ક દ્વારા અણધારી નાણાકીય કાર્યવાહીમાં ૫૦ બેસિસ પોઈન્ટ રેપો રેટમાં ઘટાડો અને સીઆરઆર (કેશ રિઝર્વ રેશિયો)માં ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો જાહેર થવાથી બજારના સેન્ટિમેન્ટમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો.

અમેરિકા અને ચીન વચ્ચેની ટ્રેડ ડીલમાં સકારાત્મક સુધારાની સંભાવનાઓ અંધકારમય દેખાઈ રહી છે, ત્યારે ભારત એક સ્થિતિસ્થાપક અર્થતંત્ર તરીકે ઉભરી રહ્યું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૬માં છ ટકાથી વધુ વૃદ્ધિ આપી શકે છે. એકમાત્ર ચિંતા ઊંચા મૂલ્યાંકન છે જે તેજીને ચાલુ રાખવા માટે વધુ અવકાશ છોડતું નથી.

ઇક્વિટી ઉપરાંત, એફપીઆઇએ બેથી છ જૂન દરમિયાન ડેટ જનરલ લિમિટમાંથી ૬,૭૦૯ કરોડ રૂપિયા અને ડેટ વોલેન્ટરી રીટેન્શનમાંથી ૫,૯૭૪ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા. યુએસ અને ભારતીય બોન્ડ વચ્ચે બોન્ડ યીલ્ડમાં ઓછો તફાવત હોવાને કારણે તેઓ ડેટ માર્કેટમાં પણ સતત વેચાણ કરી રહ્યા છે. ■

# વિશ્લેષકોને કોર્પોરેટ સેકટરનાં નાણાકીય પરિણામો નબળાં રહેવાની આશંકા

મુંબઈ : કોર્પોરેટ ઈન્ડિયાના તાજેતરમાં માર્ચ ૨૦૨૫ના અંતના ચોથા ત્રિમાસિકના નાણાકીય પરિણામો એકંદર સારી વૃદ્ધિના જાહેર થવા છતાં સમીક્ષકો-એનાલિસ્ટો ચાલુ પૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે સાવચેતી સાથે વૃદ્ધિના અંદાજો ઘટાડીને મૂકવા લાગ્યા છે.

બજારનો અંદાજ નિફટીની શેર દીઠ કમાણી-અર્નિંગ પર શેર (ઈપીએસ) વાર્ષિક ધોરણે ૯ ટકાથી પણ ઓછો છે. જે છ મહિના અગાઉના અંદાજથી ૧૫ ટકા ઓછો રૂ.૧૧૩૫ મૂકવામાં આવી રહ્યો છે.

નોમુરાએ પણ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે આ કમાણીમાં વૃદ્ધિનો અંદાજ વધુ ૪થી ૮ ટકા ઘટાડીને મૂક્યો છે. નોમુરા રિસર્ચનું કહેવું છે કે, કોર્પોરેટ કમાણીથી જીડીપી રેશીયો તેની ટોચ પર છે અને નજીકના સમયમાં તેમાં નોમીનલ જીડીપી વૃદ્ધિએ નોંધનીય સારી કામગીરીને અવકાશ નથી.

આ સંભવિત કમાણીના અંદાજો માટેના પરિબળો નબળું ઈન્વેસ્ટમેન્ટ સાઈકલ, સરકાર દ્વારા નાણાકીય કોન્સોલિડેશન, ઘરગથ્થું નાણાકીય બચતોમાં ઘટાડો અને નબળી નિકાસ માંગ છે. જેની કંઈક અંશે ઓછી અસર નીચા ઓઈલ ભાવો, ફુગાવો અને વ્યાજ દરોથી થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, ચોથા ત્રિમાસિક જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૫ના કંપનીઓના એક્ત્રિત ધોરણે સારા પરિણામો છતાં આ વર્ષ અને આગામી નાણા વર્ષના અંદાજો ઘટાડીને મૂકવામાં આવી રહ્યા છે. નોમુરા કવરેજ હેઠળની ૨૨૩ કંપનીઓએ નફામાં એક્ત્રિત વૃદ્ધિ વાર્ષિક ધોરણે સરેરાશ ૧૦ ટકા નોંધાવી છે. જે ચાર ટકાના અંદાજોથી ઘણી વધુ હાંસલ થઈ છે.

આ જ પ્રમાણે મોતીલાલ ઓસ્વાલ કવરેજ હેઠળની ૨૯૭ કંપનીઓમાંથી ૧૨૨ કંપનીઓએ નફાના અંદાજોને પાર કર્યા છે, જ્યારે ૮૭ કંપનીઓ અંદાજો હાંસલ કરી શકી નથી અને ૮૮ કંપનીઓના પરિણામ અપેક્ષિત રહ્યા છે.

બ્રોકિંગ હાઉસે નાણા વર્ષ ૨૦૨૬ માટે ઈપીએસ વૃદ્ધિનો અંદાજ બે ટકા સુધી ઘટાડયો છે. જે મોટાભાગે એસબીઆઈ, ઓએનજીસી, ઈન્ડસઈન્ડ બેંક, ટાટા મોટર્સ, ટીસીએસના કારણે ઘટાડયો છે.

નાણા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઈપીએસ અંદાજ એસબીઆઈ, ઓએનજીસી, ઈન્ડસઈન્ડ બેંક, ટીસીએસ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ડાઉનગ્રેડના કારણે એક ટકા ઘટાડવામાં આવ્યો છે. જેએમ ફાઈનાન્શિયલે એક નોંધમાં જણાવ્યું છે કે, નિફ્ટી કંપનીઓના ૭૨ ટકા મે ૨૦૨૫માં ઈપીએસમાં ઘટાડાનો સામનો કરી રહી છે. જે એપ્રિલના ૭૦ ટકા કંપનીઓ હતી.

નોમુરાએ ભારતના સ્થિર મેક્રોઈકોનોમિક વાતાવરણ જેમાં નીચા બોન્ડ યીલ્ડ્સ અને સતત સ્થાનિક રોકાણ પ્રવાહને ગણતરીમાં લઈ નાણાકીય વર્ષ ૨૦૨૭ની કમાણી માટે અગાઉના ૧૯.૫ ગુણાંકથી હવે ઊંચા ૨૧ ગુણાંતના વેલ્યુએશન સાથે નિફટીનો ટાર્ગેટ અગાઉના ૨૪,૯૭૦થી વધારીને ૨૬,૧૪૦ મૂક્યો છે. ■

# મુંબઈ કોનું? ઉદ્ધવ-રાજ કે ભાજપ?

## તાજેતરના સર્વેક્ષણમાં બીજો ટ્રેન્ડ ઠાકરે અટકનું વજન હજી અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંભઈઃ મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીઓ માટેની તૈયારી કરી રહ્યું છે. આવા સમયે શહેરમાં રાજકીય વિકાસને અવગણવો મુશ્કેલ છે. એક સંસ્થા દ્વારા કરવામાં આવેલા ખાનગી સર્વે મુજબ, ભારતીય જનતા પાર્ટી રેસમાં આગળ જોવા મળી રહી છે. જોકે, શિવસેના (યુબીટી) હજુ રેસમાંથી બહાર નથી. ભાવનાત્મક સંબંધો, રાજકીય વારસો અને વર્તમાન પાલિકાની વ્યવસ્થા સામે અસંતોષની એકંદર લહેર દેખાઈ રહી છે. સર્વેના તારણો દર્શાવે છે કે મુંબઈગરાઓમાં અસંતોષની લાગણી વધી રહી છે. આ લાગણી ફક્ત ચૂંટાયેલા કોર્પોરેટરોની લાંબા સમય સુધી ગેરહાજરીને કારણે જ નહીં, પરંતુ વહીવટકર્તાઓ બે વર્ષથી વધુ સમયથી કાર્યક્રમ કેવી રીતે ચલાવી રહ્યા છે તેના કારણે પણ છે. ઘણા નાગરિકોએ ઉપેક્ષિત અને નિષ્ક્રિય નાગરિક માળખામાં ફસાયેલા હોવાની લાગણી વ્યક્ત કરી છે.

સર્વે દરમિયાન નાગરિકો સાથે વાતચીત કરતી વખતે કુર્લાની એક શાળાની શિક્ષિકા રુક્મિણી શર્માએ કહ્યું હતું કે, જવાબદારી લેવા માટે કોઈ નથી. રસ્તાઓ વ્યવસ્થિત નથી, ગટરો ભરાયેલી છે અને કોઈ તેનું કોઈ ધ્યાન આપતું નથી. મને તે દિવસો યાદ છે જ્યારે આપણે આપણા વિસ્તારના કોર્પોરેટરોનો સીધો સંપર્ક કરી શકતા હતા.

દરમિયાન, શહેરમાં ભાજપ વિકાસની પ્રથમ કથાને આગળ વધારવા માટે તેના મજબૂત સંગઠનાત્મક માળખા અને રાજ્ય અને કેન્દ્ર સરકારો વચ્ચેના સંકલન પર આધાર રાખી રહ્યું છે. જ્યારે આ કિસ્સો છે, ત્યારે સર્વે એ પણ દર્શાવે છે કે આ એકતરફી લડાઈ નથી. ભાગલા પછી શિવસેનાના બંને પક્ષો માળખાકીય રીતે નબળા પડી ગયા હોય તેવું લાગે છે. જો કે, તેમને મરાઠી વિસ્તારોમાં સારું સમર્થન મળી રહ્યું છે,

(જુઓ પાનું ૪) ▸▸

### સર્વેમાં મુખ્ય મુદ્દાઓ

- નાગરિકોમાં અસંતોષ
- માત્ર વિકાસ જ નહીં, પણ જવાબદાર પ્રતિનિધિત્વ પણ જરૂરી છે
- ઠાકરે બંધુઓએ મરાઠી લોકોના કલ્યાણને ધ્યાનમાં રાખીને એક થવું જોઈએ
- ઠાકરે બંધુઓની ભાવનાત્મક વાતોથી શિંદે પ્રભાવિત થઈ શકે છે ■

### કોંગ્રેસ અને એનસીપી માટે આગળ મોટા પડકારો

ખાસ કરીને, ઉદ્ધવ અને રાજ ઠાકરેના હાથ મિલાવવાના વિચારને મતદારોમાં મોટા પ્રમાણમાં સમર્થન જોવા મળી રહ્યું છે. જોકે બંને પક્ષોના નેતાઓ હાલમાં ફક્ત નિવેદનો આપી રહ્યા છે અને હજુ સુધી કોઈ સત્તાવાર ચર્ચા શરૂ થઈ નથી, બંનેને મતદારો તરફથી આશ્ચર્યજનક રીતે સમર્થન

(જુઓ પાનું ૪) ▸▸

# પીઓપી મૂર્તિને મુદ્દે આજે હાઈ કોર્ટમાં ચુકાદો શક્ય નથી

## ગણેશ મંડળો અને મૂર્તિકારો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિ પરના પ્રતિબંધને કારણે મુંબઈ શહેરના મોટા ભાગના મૂર્તિકારો નવરા થઈ ગયા છે અને બીજી તરફ ગણેશમંડળો પીઓપીની મૂર્તિને પરવાનગી આપે તો બૂકિંગ કરવા માટે રાહ જોઈ રહ્યા છે ત્યારે સોમવારે મુંબઈ હાઈ કોર્ટમાં આ અંગેની પિટિશન પર સુનાવણી થવાની છે, જેના પર બધા મીટ માંડીને બેઠા છે. આધારભૂત સાધનો પાસેથી મળતી માહિતી મુજબ સોમવારે કોઈ ચુકાદો આવે એવી શક્યતા ધૂંધળી છે અને આ સોમવારે ચુકાદો ન આવે અને એકાદ મહિનો સુનાવણી ખેંચાઈ જાય તો પીઓપીની મૂર્તિઓ તૈયાર ગણેશોત્સવ પહેલાં તૈયાર થઈ શકશે નહીં, આવી સ્થિતિમાં મુંબઈગરાને આ વર્ષે મોટી મૂર્તિઓ જોવાથી વંચિત રહી જવાની શક્યતા જોવાઈ રહી છે.

પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિ પર મૂકવામાં આવેલા પ્રતિબંધને મુદ્દે બોમ્બે હાઈ કોર્ટમાં ચાલી રહેલી પિટિશન સોમવારે કોર્ટમાં સુનાવણી થવાની છે. આ વર્ષે ગણેશોત્સવ ૨૭ ઑગસ્ટથી શરૂ થવાનો હોવાથી

(જુઓ પાનું ૪) ▸▸

# ચૂંટણી પંચને પૂછેલા પ્રશ્નોના જવાબ ભાજપ આપે તે જ મેચ ફિક્સિંગ દર્શાવે છેઃ ચેન્નીથલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાહુલ ગાંધીના લેખમાં તાર્કિક રીતે રજૂ કરવામાં આવ્યું છે કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં છેતરપિંડી, ચાલાકી અને આદેશના વ્યવસ્થિત ઉલ્લંઘન દ્વારા લોકશાહીનું વસ્ત્રહરણ કેવી રીતે કરવામાં આવ્યું હતું. ચૂંટણી પંચની કામગીરી પર જ શંકાઓ વધી છે, તેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ચૂંટણી પંચ આ ગંભીર પ્રશ્નોના જવાબ આપે અને મૂંઝવણ દૂર કરે, પરંતુ ભાજપ તેમના વતી જવાબો આપી રહ્યું છે તે હકીકત વધુ ગંભીર છે અને પુષ્ટિ કરે છે કે ચૂંટણીમાં મેચ ફિક્સિંગ થયું હતું, એમ કોંગ્રેસના મહારાષ્ટ્ર પ્રભારી રમેશ ચેન્નીથલાએ જણાવ્યું હતું.

આના જવાબમાં રમેશ ચેન્નીથલાએ કહ્યું કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં જે બન્યું તે અચાનક થયું ન હતું, પરંતુ ખૂબ જ કાળજીપૂર્વક આયોજનબદ્ધ કામગીરી હતી, લોકશાહી પ્રક્રિયા પર સુનિયોજિત હુમલો હતો. રાહુલ ગાંધીના વિગતવાર ખુલાસા દ્વારા આ ખલેલ પહોંચાડનારું સત્ય બહાર આવ્યું છે. એક સમયે લોકશાહીની દીવાદાંડી ગણાતા મહારાષ્ટ્રમાંથી લોકશાહી મૂલ્યોને બદનામ કરવામાં આવી રહ્યા છે તે હૃદયદ્રાવક છે. કોંગ્રેસ પાર્ટી સતત ચૂંટણી પંચ સાથે ફોલોઅપ કરી રહી છે પરંતુ કમિશન તેના પર સંતોષકારક સ્પષ્ટતા આપી રહ્યું નથી. કમિશન ફક્ત ઉપરછલ્લા જવાબો આપી રહ્યું છે. જ્યારે ચંદીગઢ હાઈકોર્ટે હરિયાણા વિધાનસભા ચૂંટણીના મુદ્દામાં સીસીટીવી ફૂટેજ આપવાનું પણ કહ્યું હતું, ત્યારે સરકારની મદદથી નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા જેથી તે માહિતી આપી શકાય નહીં. શા માટે અને કયા હેતુથી?

મહારાષ્ટ્રમાં મતદાર યાદીઓમાં કૌભાંડ કરવામાં આવ્યું હતું. બોગસ મતદાન કરવામાં આવ્યું હતું. મતોની ટકાવારી વધારવામાં આવી હતી. સાત દિવસ સુધી મતોની ટકાવારી જાહેર ન કરવામાં આવી તે બધું શંકાસ્પદ છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને લોકસભા ચૂંટણીમાં મોટી જીત મળી હતી પરંતુ પાંચ મહિનામાં વિપરીત પરિણામ કેવી રીતે આવી શકે? ભાજપ અને ચૂંટણી પંચ કંઈક છુપાવી રહ્યા છે કારણ કે કંઈક ખોટું છે, પરંતુ કોંગ્રેસ આ સત્ય બહાર લાવવા માટે ફોલોઅપ ચાલુ રાખશે, એમ ચેન્નીથલાએ કહ્યું હતું. ■

# જનતાનું ધ્યાન વિચલિત કરવા ફડણવીસના ધમપછાડાઃ સપકાળ

મુંબઈઃ ૨૦૨૪ની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ગેરરીતિ અંગે રાહુલ ગાંધીએ કરેલા દાવાઓને રદિયો આપનારા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ જનતાનું ધ્યાન વિચલિત કરવા ધમપછાડા કરી રહ્યા હોવાનું મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે રવિવારે જણાવ્યું હતું.

રાહુલ ગાંધીના લખાણને કારણે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે રાજકીય કાદવઉછાળ પ્રવૃત્તિ શરૂ થયાના એક દિવસ પછી, ફડણવીસે રવિવારે એક અખબારના લેખ દ્વારા ચૂંટણીના ''મેચ ફિક્સિંગ અને હેરાફેરી''ના આરોપોને ફગાવી દીધા હતા. લેખમાં રજૂઆત કરવામાં આવી હતી કે 'રાહુલ ગાંધી જનાદેશનો અસ્વીકાર કરી રહ્યા છે કારણ કે તેમણે જનતાએ તેમને દરવાજો દેખાડી દીધો હતો.'

એક પત્રકાર પરિષદ સંબોધતા સપકાળે મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ.ચોકલિંગમ અને તત્કાલીન એડિશનલ સીઈઓ કિરણ કુલકર્ણીના નાર્કો ટેસ્ટની માગ કરી હતી જેથી વિધાનસભાની ચૂંટણીમાં કથિત ''મત ચોરી'' પાછળના સત્યને ઉજાગર કરી શકાય.

અંગ્રેજી અખબારમાં પ્રકાશિત લેખમાં રાહુલ ગાંધીએ ઉઠાવેલા પ્રશ્ન અંગે ચૂંટણી પંચનો જવાબ માગી સપકાળે વધુમાં જણાવ્યું હતું કે ''મત ચોરીના મુખ્ય લાભાર્થી ભાજપ અને

(જુઓ પાનું ૪) ▸▸

# રાહુલ ગાંધી જનાદેશનો અસ્વીકાર કરી રહ્યા છે, કારણ કે જનતાએ તેમને દરવાજો દેખાડ્યો છેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું હતું કે કોંગ્રેસના સાંસદ સભ્ય રાહુલ ગાંધી ૨૦૨૪ની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મળેલા પરાજય અંગે આત્મનિરીક્ષણ કરવાને બદલે લોકોએ આપેલા જનાદેશનો અસ્વીકાર કરી રહ્યા છે, કારણ કે તેમણે જનતાએ તેમને દરવાજો દેખાડી દીધો હતો.

અંગ્રેજી અને મરાઠી ભાષાના અખબારમાં પ્રકાશિત લેખમાં ફડણવીસે જણાવ્યું હતું કે લોકસભાના વિરોધ પક્ષના નેતા બિહાર સહિતની આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં ભવિષ્યમાં મળનારા પરાજય માટે બહાનાં તૈયાર કરી રહ્યા છે.

શનિવારે કેટલાંક અખબારોમાં પ્રકાશિત એક લેખમાં અને એક્સ પરની પોસ્ટમાં રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી 'લોકશાહીમાં હેરાફેરી કરવા માટેની બ્લુપ્રિન્ટ' હતી અને હવે બિહારમાં મેચ ફિક્સિંગ થશે એવો આરોપ મૂક્યો હતો.

સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ તબક્કાવાર રીતે કથિત ચૂંટણીમાં ગેરરીતિની રૂપરેખા આપી બનાવટી મતદારો ઉમેરવામાં આવે છે, મતદારોનું મતદાન વધારવામાં આવે છે, બોગસ મતદાનની સુવિધા આપવામાં આવે છે, અને પછીથી પુરાવા છુપાવવામાં આવે છે જેવા મુદ્દા રજૂ કર્યા હતા. જોકે, ચૂંટણી પંચે આ આરોપોને નકારી કહ્યું હતું કે ચૂંટણીમાં પરાજય થયા પછી મતદાન પેનલને બદનામ કરવી એ તદ્દન વાહિયાત બાબત છે. રાહુલ ગાંધીના દાવાના જવાબમાં ફડણવીસે પોતાના લેખમાં કહ્યું હતું કે કોંગ્રેસના નેતા સતત લોકતાંત્રિક પ્રક્રિયા અને જનાદેશનું ''અપમાન'' કરી રહ્યા છે.

૨૦૨૪ની મહારાષ્ટ્ર ચૂંટણીમાં મતદારોની સંખ્યામાં થયેલા વધારા

(જુઓ પાનું ૪) ▸▸

# હવે અવિભાજિત શિવસેના હોવી જોઈએઃ કીર્તિકર

## શિંદે સેનાએ કહ્યું, કીર્તિકરનો અભિપ્રાય વ્યક્તિગત છે...

રત્નાગિરીઃ શિવસેનાના ભૂતપૂર્વ સાંસદ ગજાનન કીર્તિકરે કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે, રાજ ઠાકરે અને એકનાથ શિંદેએ સાથે આવીને અવિભાજિત શિવસેના બનાવવા વિશે વિચારવું જોઈએ. આ ઉપરાંત, ગજાનન કીર્તિકરે કહ્યું હતું કે એકનાથ શિંદેની શિવસેના ભાજપ પ્રેરિત છે, ઉદ્ધવ ઠાકરેની શિવસેના કોંગ્રેસ પ્રેરિત છે. ગજાનન કીર્તિકરે કહ્યું હતું કે હવે આપણને એવી શિવસેનાની જરૂર છે જે બાળાસાહેબ ઠાકરેના વિચાર સાથે આગળ વધે. કીર્તિકરના નિવેદન પછી, એકનાથ શિંદેની શિવસેનાના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ મંત્રી રામદાસ કદમે પ્રતિક્રિયા આપી છે. ગજાનન કીર્તિકરનો અભિપ્રાય વ્યક્તિગત છે અને તેમનું વલણ પક્ષનું સત્તાવાર વલણ નથી, એમ કદમે કહ્યું હતું.

ગજાનન કીર્તિકરે જે કહ્યું તે તેમનો વ્યક્તિગત અભિપ્રાય છે, પક્ષનું સત્તાવાર વલણ નથી. તેમણે મને ફોન કર્યો હતો, મેં તેમની સાથે વાત કરી છે એમ જણાવતાં રામદાસ કદમે કહ્યું હતું કે કીર્તિકરનો મુદ્દો વ્યક્તિગત હતો, તેમની ભૂમિકા પાર્ટીની નહોતી.

ઉદ્ધવ ઠાકરે ઘણીવાર કહેતા આવ્યા છે કે ફક્ત અમારા બે જ બાકી રહેશે. અમારી પાસે

(જુઓ પાનું ૪) ▸▸

# રાજ-ઉદ્ધવ સાથે આવે તે પહેલા એકનાથ શિંદેએ કર્યો મોટો ખેલઃ રાજ ઠાકરેને ઝટકો

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં બે જૂથમાં વહેંચાયેલા પ્રાદેશિક પક્ષો અને ત્રણ ત્રણ પક્ષોની સરકાર અને વિરોધીપક્ષને લીધે કંઈને કંઈ ખળભળાટ થતા રહે છે. કુલ છ પક્ષ સાથે વધારે એક પક્ષ ચર્ચામાં છે અને તે છે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે). હાલમાં બે છુટ્ટા પડેલા પિતરાઈ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે સાથે આવી રહ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા બન્ને ભાઈઓ એક થાય અને મરાઠીભાષીઓને ન્યાય અપાવે તેવી ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. આ બધા વચ્ચે શિવસેનાથી છૂટા પડેલા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દાવ રમી ગયા છે.

શિંદેની શિવસેનાએ મનસેના એકમાત્ર નગરસેવકને પોતાના પક્ષમાં લઈ લીધો હોવાની ચર્ચા ચાલી રહી છે અને તેમના પક્ષપ્રવેશની તારીખ પણ નક્કી થઈ ગઈ હોવાના અહેવાલો છે.

વર્ષ ૨૦૧૭માં મનસેના સાત નગરસેવક ચૂંટાઈને આવ્યા હતા. આ સાતમાંથી છ ઠાકરેની શિવસેનામાં જોડાઈ ગયા હતા અને એક જ મનસેમાં રહ્યો હતો. હાલમાં તો પાલિકા ડિસોલ્વ થઈ ગઈ હોવાથી તેની

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ઠાકરે બંધુઓને એકસાથે લાવવા નજીકના મિત્રો અને સંબંધીઓની કવાયત

ટૂંક સમયમાં મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક ભાગમાં નગર પાલિકાઓની ચૂંટણીઓ યોજાવાની છે. પણ અત્યારે એ ચૂંટણી કરતા વધારે ગરમાગરમ મુદ્દો ઠાકરે બંધુઓના પુનઃમિલનનો છે. બાળાસાહેબની હયાતીમાં જ શિવસેનાને જય મહારાષ્ટ્ર કહીને નીકળી ગયેલા રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ સાથે આવવું જોઈએ તેવું બંને ભાઈઓના મિત્રો અને બાળાસાહેબના કેટલાક વફાદાર નેતાઓ ઘણા સમયથી કહી રહ્યા છે. આ બાબત બંને ભાઈઓનાં સીધાં નિવેદનો નથી આવ્યાં પણ બંને પક્ષના નેતાઓએ ઘણું કહ્યું છે. હવે પરિવારના નજીકના સંબંધીઓએ બંને પિતરાઈ ભાઈઓ વચ્ચેના અંતરને દૂર કરવાના પ્રયાસો શરૂ કર્યા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, ઠાકરે પરિવારના નજીકના સંબંધીઓ અને પારિવારિક મિત્રો બંને નેતાઓ સાથે વાત કરી રહ્યા છે, જેથી બંને ભાઈઓ ફોન પર અથવા રૂબરૂમાં એકબીજા સાથે સીધી વાત કરી શકે.

પારિવારિક પ્રસંગોએ મળવા અને ઔપચારિક

(જુઓ પાનું ૪) ▸▸

**ઠાકરે સેનાની બેઠક પૂર્ણ**

# રાજ-ઉદ્ધવના ભેગા થવા અંગે શું ચર્ચા થઈ?

## કિશોરી પેડણેકરે કહ્યું છે કે તેમને મતદાર યાદીઓ તપાસવા અને તેમાં શું છે તેની સમીક્ષા કરવા સૂચના આપવામાં આવી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં રાજ્યના રાજકારણમાં રાજકીય વાતાવરણ ગરમાઈ રહ્યું છે. રાજકીય વર્તુળોમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેના એકીકરણ અંગે ચર્ચાઓ ચાલી રહી છે. દરમિયાન, આજે ઠાકરેની શિવસેનાની બેઠક યોજાઈ હતી. શું આ બેઠકમાં ગઠબંધન અંગે કોઈ ચર્ચા થઈ હતી? ઠાકરે જૂથના નેતા કિશોરી પેડણેકરે આ અંગે ટિપ્પણી કરી છે. શું રાજ્યમાં ચાલી રહેલા મનસે અને શિવસેના ઠાકરે જૂથોના એકીકરણ અંગે કોઈ ચર્ચા થઈ હતી? આ અંગેના પ્રશ્નનો જવાબ આપતા કિશોરી પેડણેકરે કહ્યું હતું કે, આ મુદ્દા પર કોઈ ચર્ચા થઈ નથી. ફક્ત નાગરિકોના મુદ્દાઓ

(જુઓ પાનું ૪) ▸▸

દશા શ્રીમાળી દેરાવાસી જૈન
પ્રાર્થના સભા



**સ્વ. દિવ્યેશ હિમતલાલ શેઠ**
(ઉ. વ. ૬૪)
મૂળ વતન - વાંકાનેર, હાલ - મુંબઈ (ચેન્નાઈ)
તે સ્વ. લલીતાબેન અને સ્વ. હિમતલાલ શેઠના (નગરશેઠ) સુપુત્ર
તા- ૭/૦૬/૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે.
**પ્રાર્થના સભા :-**
તા. - ૦૯/૦૬/૨૦૨૫ સોમવાર (આજે)
સમય :- સાંજે ૫.૦૦ થી ૭.૦૦
સ્થળ :- હિરાવતી બેન્કવેટ હોલ, હિન્દુ સ્ત્રી મંડળ, ટાગોર રોડ, પોદાર સ્કુલ પાસે, શાંતાક્રુઝ (વેસ્ટ).
શોકાતુર પરિવાર :-
ધર્મપત્નિ:- શીલા
પુત્રી - જમાઈ :-
ઈશા અવિનાશ મલ્હોત્રા, પલૌમી
પુત્ર - મિહિર
બહેન :- ચન્દ્રિકા, સ્વ. કવિતા, નિરૂપમા, જ્યોત્સના, સુરેખા, જયશ્રી, સ્વ. પૂર્ણિમા, બીના,સ્વ. નયના, ઈલા
શ્વસુર પક્ષ :-
સ્વ. નટવરલાલ કેશવલાલ બાખડા
મોસાળ પક્ષ :-
સ્વ. છોટાલાલ ટોકરશી દોશી
તથા સમસ્ત પારિવારના
જય જિનેન્દ્ર

# સુપ્રિયા સુળેએ અભિનંદન આપ્યા

પુણેઃ મહારાષ્ટ્રમાં મનસે-શિવસેના યુબીટી વચ્ચે જોડાણની અટકળો વચ્ચે એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સુળેએ એક મોટું નિવેદન આપ્યું છે. સુળેએ કહ્યું હતું કે હું આ નિર્ણયનું સ્વાગત કરું છું. તેઓ એક પરિવાર છે અને બાળાસાહેબના વિશાળ વારસાનો ભાગ છે. જો તેઓ આ વારસાને સાથે મળીને આગળ ધપાવે છે, તો તે આપણા માટે ખુશીની ક્ષણ હશે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ઠાકરે બ્રધર્સ (ઉદ્ધવ ઠાકરે-રાજ ઠાકરે) એક સાથે આવવાની અટકળો ચાલી રહી છે.

### 'સામના'માં બંને ભાઈઓનો ફોટો

ઉદ્ધવ ઠાકરેના નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે બંને ભાઈઓએ બે દાયકા પછી સાથે આવવાનો નિર્ણય લીધો છે. ઉદ્ધવ ઠાકરેને માતોશ્રીમાં પૂછવામાં આવ્યું હતું કે બંને ભાઈઓ ક્યારે એક થશે, જેના પર ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે મહારાષ્ટ્રના મનમાં જે છે તે થશે. શુક્રવારે ઉદ્ધવ ઠાકરેના નિવેદન પછી, શિવસેના યુબીટીના મુખપત્ર સામનામાં બંને ભાઈઓનો એક સાથેનો ફોટો પણ પ્રકાશિત થયો છે. આને એક મોટો સંકેત માનવામાં આવી રહ્યો છે. જો સૂત્રોનું માનીએ તો, સંજય રાઉતથી લઈને ઉદ્ધવ ઠાકરેના નજીકના સાથી અનિલ પરબ સુધી આ સમગ્ર મામલાને આગળ ધપાવી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેની પત્ની રશ્મિ ઠાકરેના રાજ ઠાકરે સાથે સારા સંબંધો રહ્યા છે. આવી સ્થિતિમાં, એવી

(જુઓ પાનું ૪) ▸▸

# રાજ ઠાકરેની સભાઓમાં ભીડ આવે છે, પણ મત નહીંઃ શરદ પવાર

## ઠાકરે બંધુઓના સાથે આવવાના વિચારનું સ્વાગત કર્યું

મુંબઈઃ મહા વિકાસ આઘાડી (એમવીએ)ના ઘટક પક્ષોએ ઉદ્ધવ અને રાજ ઠાકરેના ભેગા થવાનું સ્વાગત કર્યું છે. કોંગ્રેસે પણ તેનું સ્વાગત કર્યું છે. હવે દેશના ભૂતપૂર્વ કૃષિ પ્રધાન અને એનસીપી વડા શરદ પવારે પણ તેને ટેકો આપ્યો છે. પવારે સ્પષ્ટપણે કહ્યું છે કે બંને ઠાકરે ભાઈઓ ભેગા થયા છે તે ખૂબ જ સારી વાત છે. તેમણે કહ્યું કે રાજ ઠાકરેની સભાઓમાં સારી ભીડ ભેગી થાય છે, પરંતુ તે ભીડ મતમાં રૂપાંતરિત થતી નથી. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેની સભાઓમાં સારી ભીડ ભેગી થાય છે અને તે મતમાં પણ રૂપાંતરિત થાય છે. તાજેતરની લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓમાં પણ આ જોવા મળ્યું છે.

જ્યારે શરદ પવારને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે મહા વિકાસ આઘાડીએ સાથે મળીને ચૂંટણી લડવી જોઈએ. તેમણે કહ્યું કે તેમને નથી લાગતું કે બેઠક વહેંચણી અંગે મહા વિકાસ આઘાડીમાં બધું બરાબર થશે. ચોક્કસપણે, આનાથી મહાયુતિને ફાયદો થશે. શરદ પવારની પાર્ટી એનસીપીના કાર્યકારી પ્રમુખ અને સાંસદ સુપ્રિયા સુળેએ પણ ઠાકરે પરિવારના ભેગા થવાનું સ્વાગત કર્યું છે. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.